# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

ઉર્મિલા માતોંડકરનું ઓટીટી દ્વારા એક્ટિંગમાં કમબેક...!





પેજ-09

લિયોનેલ મેસ્સીની ફેરવેલ મેચ! 6 ઓક્ટોબરે અર્જેન્ટિનાની 10 નંબરની...


હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 26.00 |
| વડોદરા | 36.00 | 26.00 |
| સુરત | 34.00 | 27.00 |




પેજ 5

એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસીસે ભારતમાં માઇક્રો....



23 SEPTEMBER-2026 WEDNESDAY



અમેરિકન મીડિયા બૉયકૉટ ટ્રમ્પ નીતિ સામે મહાસંગ્રામ....

પેજ 10




.....સુવિચાર.....

હાર્યા પછી પણ જો તમે સ્મિત કરો તો સામેની વ્યક્તિની જીતનો જશ્ન ફિક્કો પડી જાય છે.


વર્ષ-15 । અંક-309 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 200 T20 જીતનારી દુનિયાની પ્રથમ ટીમ બની

# જાપાનને હરાવી ભારતે રચ્યો ઈતિહાસ

## 18 વર્ષીય ખેલાડીએ જીત્યો ગોલ્ડ મેડલ, CM વિજયે 75 લાખ રૂપિયાના ઈનામની કરી જાહેરાત

(એજન્સી) જાપાન । તા. 22

જાપાન સામેની આ જીત ભારતીય T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ માટે એક વિશેષ સીમાચિહ્નરૂપ બની રહી. ભારત હવે આ ફોર્મેટમાં 200 જીત નોંધાવનારી વિશ્વની પ્રથમ ટીમ બની ગઈ છે. નોંધનીય છે કે, આ સિદ્ધિ એવી મેચમાં મળી જેમાં ટીમે માત્ર 32 રન બનાવ્યા હતા અને જીત માટે અંત સુધી સંઘર્ષ કરવો પડ્યો હતો.એકમાત્ર T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતે જાપાન સામે 2 રનથી સાંકડી જીત મેળવી હતી. 22 સપ્ટેમ્બર (મંગળવાર) ના રોજ સાનો (જાપાન) સ્થિત સાનો ઈન્ટરનેશનલ



ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી આ મેચમાં, ભારતે પ્રથમ બેટિંગ કરતા 5 ઓવરમાં 32/4 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરતી વખતે, જાપાનની ટીમ તેમની 5 ઓવરમાં 3 વિકેટના ભોગે માત્ર 30 રન જ બનાવી શકી હતી. જાપાન સામેની આ જીત સાથે, ભારત પુરુષોની T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 200 મેચ જીતનારી વિશ્વની પ્રથમ ટીમ બની. જોકે આ બંને દેશો વચ્ચેનો પ્રથમ સિનિયર-સ્તરનો મુકાબલો હતો, પરંતુ વરસાદ અને ભીના મેદાન (આઉટફિલ્ડ) ને કારણે મેચમાં રોમાંચક વળાંક આવ્યા હતા. રમત લગભગ ત્રણ કલાકના વિલંબ સાથે શરૂ થઈ હતી અને મેચને ઘટાડીને પ્રતિ પક્ષ 5 ઓવરની કરવામાં આવી હતી. આવી ટૂંકી મેચમાં 33 રનનો લક્ષ્યાંક પણ પડકારજનક સાબિત થયો અને પરિણામ છેલ્લી બોલ પર નક્કી થયું.

### ભારતની 200 T20I જીત સુધીની સફર (સુપર ઓવરની જીત સહિત)

પ્રથમ જીત: દક્ષિણ આફ્રિકા સામે, જોહાનિસબર્ગ, 2006 (6 વિકેટ)
50મી જીત: શ્રીલંકા સામે, કોલંબો RPS, 2017 (7 વિકેટ)
100મી જીત: વેસ્ટ ઈન્ડિઝ સામે, કોલકાતા, 2022 (8 રન)
150મી જીત: ઓસ્ટ્રેલિયા સામે, ગ્રોસ આઈલેટ, 2024 (24 રન)
200મી જીત: જાપાન સામે, સાનો, 2026 (2 રન)

### એશિયન ગેમ્સ 2026માં ભારતે પહેલો ગોલ્ડ મેડલ જીત્યો

એશિયન ગેમ્સ 2026માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો છે. નિશિનના કોરોગી સ્પોર્ટ્સ પાર્ક ખાતે મંગળવારે રમાયેલી ફાઈનલમાં ભારતે શ્રીલંકાને 147 રનથી હરાવી ગોલ્ડ મેડલ જીત્યો. ભારતે 3 વિકેટે 216 રન બનાવ્યા, જેમાં સ્મૃતિ મંધાનાના 79 અને રિચા ઘોષના અણનમ 49 રન હતા. જવાબમાં શ્રીલંકા 69 રનમાં ઓલઆઉટ થઈ ગયું. દીપ્તિ શર્માએ 3 વિકેટ લીધી. એશિયન ગેમ્સ 2026માં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શાનદાર અને ઐતિહાસિક પ્રદર્શન કરતા શ્રીલંકાને 147 રનના વિશાળ અંતરથી પરાજય આપીને ગોલ્ડ મેડલ પોતાના નામ કર્યો છે.

### ભારતે કુલ 6 મેડલ જીત્યા; મહિલા હોકી અને કબડ્ડીમાં એકતરફી જીત

એશિયન ગેમ્સ 2026ના બીજા દિવસે ભારતીય મહિલા હોકી ટીમે ઈન્ડોનેશિયાને 17-1થી હરાવી અજેય અભિયાન ચાલુ રાખ્યું. ભારતે કુલ 6 મેડલ જીત્યા, શૂટિંગમાં 5 અને MMAમાં 1 બ્રોન્ઝ સામેલ છે. પુરુષ કબડ્ડી ટીમે જાપાનને 49-24થી હરાવ્યું. બેડમિન્ટનમાં લક્ષ્ય સેને બાંગ્લાદેશ સામે જીત મેળવી. ટેબલ ટેનિસમાં પાકિસ્તાનને 3-0થી ક્લીન સ્વીપ કર્યું. બોક્સિંગમાં સુમિત આગળ વધ્યા છે. ભારતીય મહિલા હોકી ટીમે પોતાનું અજેય અભિયાન જારી રાખતાં ધમાકેદાર વિજય મેળવ્યો છે.

### દર્દીઓ, ડૉક્ટરો અને ફાર્માસિસ્ટ માટે કડક સૂચનાઓ

# પેઇનકિલર્સ અને એન્ટિબાયોટિક્સ દવાઓ માટે સરકારની નવી ગાઇડલાઇન

## CDSCOએ એન્ટિબાયોટિક્સ અને NSAIDsના બેફામ ઉપયોગ સામે આપી ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશનના ન્યૂ ડ્રગ્સ ડિવિઝને દુખાવાની દવાઓ(NSAIDs) અને એન્ટિબાયોટિક્સના અંધાધૂંધ ઉપયોગ અંગે પરિપત્ર બહાર પાડ્યો છે. પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે NSAIDs અને એન્ટિબાયોટિક્સ સહિત તમામ દવાઓના આયાત, ઉત્પાદન, વેચાણ અને વિતરણને ડ્રગ્સ ઍન્ડ કોસ્મેટિક્સ ઍક્ટ, 1940 અને તેના હેઠળ બનાવવામાં આવેલા નિયમો અનુસાર નિયંત્રિત કરવામાં આવે છે. સરકારના જણાવ્યા અનુસાર, NSAIDs અને એન્ટિબાયોટિક્સ સહિત તમામ દવાઓનું વેચાણ અને વિતરણ દેશમાં માત્ર રજિસ્ટર્ડ ડૉક્ટર અથવા નિષ્ણાતની સલાહ પર જ થવું જોઈએ. દવાઓના સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને, NSAIDs અને એન્ટિબાયોટિક્સ સહિતની ઘણી દવાઓને ડ્રગ્સ રૂલ્સ, 1945 હેઠળ રાખવામાં આવી છે. આ માટે યોગ્ય તબીબી દેખરેખ જરૂરી છે. સરકારે જણાવ્યું કે આ દવાઓનો ઉપયોગ ત્યારે જ કરવો જોઈએ, જ્યારે તબીબી રીતે તેની જરૂરિયાત હોય.



**શિડ્યુલ H અને H1 દવાઓ માટે પ્રિસ્ક્રિપ્શન ફરજિયાત |** CDSCO મુજબ, આવી દવાઓ પર ડ્રગ્સ રૂલ્સ, 1945ના નિયમ 97 અનુસાર નિર્ધારિત ચેતવણી, સાવચેતીઓ અને વેચાણની શરતો પણ દર્શાવવી જરૂરી છે. પરિપત્ર અનુસાર, મોટાભાગની પેઈનકિલર દવાઓને ડ્રગ્સ રૂલ્સ, 1945ની અનુસૂચિ Hમાં સામેલ કરવામાં આવી છે. તેથી રજિસ્ટર્ડ તબીબના પ્રિસ્ક્રિપ્શન વગર તેને રિટેલ સ્તરે વેચી શકાય નહીં. તેવી જ રીતે, મોટાભાગની એન્ટિબાયોટિક દવાઓ અનુસૂચિ H1માં સામેલ છે. તેમના પર એ ચેતવણી લખવી જરૂરી છે કે તબીબી સલાહ મુજબના ઉપયોગ સિવાય આ દવાઓનું સેવન જોખમી હોઈ શકે છે.

## ગુજરાતમાં 72મો નેશનલ ફિલ્મ એવોર્ડમાં કાર્તિક-યામી બેસ્ટ એક્ટર

(એજન્સી) અમદાવાદ । તા. 22

72મા નેશનલ ફિલ્મ એવોર્ડમાં કાર્તિક આર્યન અને મમૂટી બેસ્ટ એક્ટર, યામી ગૌતમ બેસ્ટ એક્ટ્રેસ બન્યા. અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો. 72મા નેશનલ ફિલ્મ એવોર્ડનો ભવ્ય સમારોહ ગુજરાતના એકતા નગરમાં યોજાયો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારતીય સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન આપનારા કલાકારો અને ફિલ્મમેકર્સને સન્માનિત કર્યા. નેશનલ ફિલ્મ એવોર્ડના ઈતિહાસમાં પહેલીવાર આ સમારોહ દિલ્હીની બહાર ગુજરાતમાં યોજાયો હતો. 'ચંદુ ચેમ્પિયન' માટે કાર્તિક આર્યન અને 'બ્રહ્મયુગમ' માટે મમૂટી બેસ્ટ એક્ટરનો એવોર્ડ શેર કર્યો. કાર્તિક આર્યન માટે આ પહેલો નેશનલ ફિલ્મ એવોર્ડ છે. 'ચંદુ ચેમ્પિયન'માં તેણે પેરાલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ મુરલીકાંત પેટકરની ભૂમિકા ભજવી હતી. 'આર્ટિકલ 370' માટે યામી ગૌતમને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો છે. આ જ ફિલ્મને બેસ્ટ ફીચર ફિલ્મનો એવોર્ડ પણ મળ્યો છે.

## ઈરાન કાં તો બરબાદ થઈ જશે અથવા સમજૂતી કરશે : ટ્રમ્પનું નિવેદન

(એજન્સી) અમેરિકા । તા. 22

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ના 81મા સત્રને સંબોધિત કર્યું. આ સંબોધન દરમિયાન ટ્રમ્પે ફરી એકવાર ઈરાન પર આકરા પ્રહારો કર્યા. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 81મા સત્રને સંબોધિત કર્યું. ટ્રમ્પે તેમના ભાષણની શરૂઆત ચૂંટણી પ્રચારના સંબોધનની જેમ કરી હતી. વિદેશી બાબતો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે, તેમણે અર્થતંત્ર, ઈમિગ્રેશન અને ગુનાખોરી જેવા ઘરેલુ મુદ્દાઓ અંગે તેમના વહીવટીતંત્રની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. ટ્રમ્પે કહ્યું, 'હું ગર્વ સાથે કહી શકું છું કે અમેરિકા પાછું ફર્યું છે અને આપણો દેશ આજે પહેલાં કરતાં વધુ મજબૂત છે.' તેમણે વધુમાં ઉમેર્યું, 'આપણી ટેક્નોલોજી શ્રેષ્ઠ છે અને આપણે લગભગ દરેક ક્ષેત્રમાં અગ્રેસર છીએ.'




Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 24 September, 2026 | 11:00 AM | Nadiad |

Venue : Vyayam Shala Pij Bhagol, Nadiad, Gujarat 387001

Name : Mital Joshi | Mobile : 8097135042

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.






SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360, RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268, RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં ચૂંટાયા બાદ જે જે કામો કરશે તે વિષે લોકોને માહિતી આપવામાં આવી



અમદાવાદ | આમ આદમી પાર્ટીના જાહેર કરાયેલા ઉમેદવારો અને સંભવિત ઉમેદવારો દ્વારા સોમવારના રોજ આખા દિવસ દરમિયાન વોર્ડ નં ૯ના વિભાગ 1/2, સેક્ટર 2/A અને વોર્ડ નં 3, વોર્ડ નં 10 સહિત ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીનો ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો અને આમ આદમી પાર્ટીના ઘોષણાપત્ર વિશે માહિતી આપવામાં આવી. આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં ચૂંટાયા બાદ શિક્ષા વ્યવસ્થા, સ્વાસ્થ્ય ચિકિત્સા, રોડ રસ્તા, ગટર વ્યવસ્થા, સાંસ્કૃતિક, રમતગમત, વાહન વ્યવહાર, પાર્કિંગ, પર્યાવરણ સહિત જે મુદ્દાઓ પર કામ કરશે તે તમામ વિશે ગાંધીનગરના લોકોને માહિતી આપવામાં આવી. આ દરમિયાન આમ આદમી પાર્ટીના ઉમેદવાર મનીષા પરમાર, મેહુલભાઈ શ્રીમાળી, વિવેકભાઈ પટેલ, ભરત જોશી સહિત કાર્યકર્તાઓ, પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાઅધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ ગાંધીનગરની સ્થિતિ વિશે લોકોને જણાવ્યું હતું કે, જો આપણે છેલ્લાં પાંચ વર્ષના કામકાજને જોઈએ તો ત્રણ મુખ્ય બાબતો સામે આવે છે, જેમાં મહાનગરપાલિકા પોતાની પ્રાથમિક જવાબદારીઓ અને સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળ નીવડી છે. પ્રથમ, મહાનગરપાલિકા દ્વારા પીવાના પાણીમાં ગટરનું પાણી ભળી જાય છે અને લોકો ઘરે-ઘરે દૂષિત પાણી પીવા મજબૂર બન્યા છે, જેના કારણે મોટા પાયે રોગચાળો ફેલાયો છે અને શહેરના ઘણા લોકો બીમારીમાં સપડાયા હતા.

આમ છતાં, આ સરકાર કે મનપાના પ્રમુખ - મેયર રાજીનામું આપવા તૈયાર નથી, કોઈ તપાસ કરાવવામાં આવતી નથી કે જવાબદાર વ્યક્તિઓ સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવતી નથી. ગાંધીનગર દુનિયાની સૌથી ગ્રીન કેપિટલ (હરિયાળી રાજધાની) તરીકે ઓળખાતું હતું, પરંતુ વિકાસની આંધળી દોડમાં આડેધડ વૃક્ષો કાપીને હરિયાળી છીનવી લેવામાં આવી છે અને તેની સામે નવું વાવેતર કરવામાં આવતું નથી. જેના કારણે ગાંધીનગર તેની ગ્રીન સીટી તરીકેની ઓળખ ગુમાવી રહ્યું છે.

# ચૂંટણી આવતાં જ ભાજપ અને અન્ય પાર્ટીઓ જ્ઞાતિ, જાતિ, ધર્મના નામે મત માંગવાના પ્રયાસો કરશે : ઈસુદાનગઢવી

**નગરપાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં ભાજપને તમારી નારાજગી અને અત્યાચારનો જવાબ આપવાનો યોગ્ય સમય છે : ખેતરોમાં જબરદસ્તી વીજળીના થાંભલા નંખાય છે છતાં ખેડૂતોના દુઃખ-દર્દ સમયે ભાજપનો એક પણ નેતા બોલતો નથી : ભાજપ એવું માને છે કે ભાવ ન આપીએ કે દુષ્કાળમાં પાણી-ઘાસચારો ન આપીએ તો પણ ખેડૂતો અને જનતા એમને જ મત આપશે : ઈસુદાન ગઢવી**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ગાંધીનગર મહાનગરપાલિકા, વિવિધ નગરપાલિકાઓ તેમજ જામખંભાળિયા અને અન્ય જગ્યાઓએ જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ આવી રહી છે. જેમાં આમ આદમી પાર્ટી દ્વારા પણ ઉમેદવારો પસંદ કરીને ચૂંટણી લડવામાં આવી રહી છે. આ સમય ભાજપ સામે તમારી નારાજગી વ્યક્ત કરવાનો અને તમારા પર થયેલા અત્યાચારોનો જવાબ આપવાનો છે. આપણા ખેતરોમાં જબરદસ્તી વીજળીના થાંભલા નાખવામાં આવે છે, છતાં ભાજપનો એક પણ નેતા ખેડૂતોના દુઃખ-દર્દમાં તેમની સાથે ઊભો રહેતો નથી કે બોલતો નથી. આ સમય જનતાની એકતા બતાવવાનો, મજૂરો અને બાકીના લોકોનું અસ્તિત્વ બચાવવાનો તથા દુષ્કાળ જેવા ગંભીર મુદ્દાઓ પર મૌન રહેનારા ભાજપના સત્તાધીશ નેતાઓને મત દ્વારા જડબાતોડ જવાબ આપવાનો છે.

ચૂંટણી સમયે જ્ઞાતિ, જાતિ, ધર્મના નામે વોટ લેવાના પ્રયાસો કરવામાં આવશે, પરંતુ આ બધી વાતોથી આગળ આવીને જાગૃત થવાનો આ સમય છે. જો આ ચૂંટણીમાં ફરીથી ભાજપ જીતી જશે તો તેઓ એવું જ સમજશે કે જનતાને કોઈ પીડા જ નથી. તેઓ માને છે કે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ ન આપીએ, ચીસો પાડવા છતાં પીવાનું પાણી કે ઘાસચારો ન આપીએ તો પણ ખેડૂતો અને જનતા ભાજપને જ મત આપે છે. તેથી મહેરબાની કરીને આ બધી ચાલ સમજો. સ્થાનિક સ્વરાજ્યની આ તમામ ચૂંટણીઓમાં ભાજપને ત્યારે જ ખબર પડશે જ્યારે તમે મતદાન કરીને તમારી નારાજગી દર્શાવશો. માટે સૌ જાગૃત રહીને યોગ્ય નિર્ણય લો.

### 'આપ' નેતા પ્રવિણ રામે પોતાના ગામ ઘુંસીયામાં ડોર ટુ ડોર પ્રચાર અને મિટિંગ કરીને બુથ નિર્માણનું કાર્ય કર્યું

# આમ આદમી પાર્ટી સમગ્ર ગુજરાતમાં ૫૬,૦૦૦ બુથ પર બુથ સંગઠન નિર્માણનું કામ કરી રહી છે



અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતના ૫૬,૦૦૦ બૂથ પર સંગઠન નિર્માણનું વ્યાપક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે 'પોતાનું બૂથ, મજબૂત બૂથ'ના સૂત્રને સાર્થક કરવા માટે માત્ર કાર્યકર્તાઓ જ નહીં પરંતુ પ્રદેશ કક્ષાના નેતાઓ પણ સીધા ગ્રાઉન્ડ ઝીરો પર ઊતરી આવ્યા છે. આ અભિયાનના ભાગરૂપે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા પ્રવીણ રામે સૌરાષ્ટ્રમાં મોરચો સંભાળ્યો છે અને પોતાના વતન ઘુંસીયા ગામમાં રૂબરૂ પહોંચીને સ્થાનિક લોકો તથા ગ્રામજનો સાથે બેઠકો યોજી હતી.

તેમણે ગામમાં ડોર-ટુ-ડોર પ્રચાર હાથ ધરીને સીધો સંવાદ સાધ્યો હતો અને સ્થાનિક બૂથ સમિતિઓની રચના તેમજ મજબૂતીકરણની કામગીરીમાં સક્રિય યોગદાન આપીને સંગઠનને છેક તળિયા સુધી વધુ મજબૂત કરવાનો પ્રયાસ કર્યો હતો.

આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં બુથ નિર્માણ અભિયાનની શરૂઆત કરવામા આવી છે. આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતમાં ચૂંટણીને લક્ષીને અંદાજે ૫૬,૦૦૦ જેટલા મતદાન મથકો (બૂથ) પર સંગઠન નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે. દરેક બૂથ પર ૧૦ જેટલા વ્યક્તિઓની સંગઠન સમિતિ બનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અત્યારે ભાજપ હોય, કોંગ્રેસ હોય કે અન્ય કોઈ પણ પક્ષ હોય, તેમના દ્વારા સંગઠનલક્ષી આવી કોઈ તૈયારીઓ શરૂ કરવામાં આવી નથી. ત્યારે આમ આદમી પાર્ટી જ એક માત્ર એવી પાર્ટી છે જેણે સંગઠનને મજબૂત કરવા છેક બૂથ સ્તર સુધી પહોંચવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. એના અનુસંધાને આજરોજ હું પોતે પણ મારા પોતાના ગામ (ઘુંસીયા) માં આ બૂથ અભિયાનમાં જોડાયો છું. આજે ગામમાં ઘર-ઘર (ડોર-ટુ-ડોર) પ્રચાર કરીને તથા સ્થાનિક લોકોને મળીને તમામ બૂથ માટેની મતદાન સમિતિઓ બનાવવાના કામમાં અમે લાગેલા છીએ. મારા પોતાના ગામની અંદર હું પોતે પણ આ બૂથ અભિયાનની કામગીરીમાં સક્રિય રીતે કામે લાગ્યો છું.

# થરા નગરપાલિકા ચૂંટણી AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ કર્યું કાર્યાલયનું ઉદઘાટન

**ઈસુદાન ગઢવીએ કાર્યાલયનું ઉદ્ઘાટન કરી ચૂંટણીનો શંખનાદ કર્યો, કહ્યું "મજબૂતીથી લડીશું ચૂંટણી" : ભાજપ અને કોંગ્રેસની ગંદકી સાફ કરી, આમ આદમી પાર્ટી પર વિશ્વાસ કરીને જુઓ: ઈસુદાન ગઢવી**

અમદાવાદ |આમ આદમી પાર્ટી દ્વારા આજે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાની થરા નગરપાલિકા ખાતે કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તથા જાણીતા ખેડૂત નેતા ઈસુદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી.

કાર્યાલયનું ઉદઘાટન કર્યા બાદ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે થરા નગરપાલિકાની ચૂંટણી આમ આદમી પાર્ટી મજબૂતીથી લડવા જઈ રહી છે. જેથી આજે સંગઠનના સાથીઓ સાથે મળીને અમે કાર્યાલયનું ઉદઘાટન કર્યું છે.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી ખેડૂતો, ગરીબો, વંચીતો, શોષિતો, મધ્યમવર્ગ, મજૂરો માટે કામ કરતી પાર્ટી છે. આ તમામ લોકોને તેમના હક અને અધિકારો મળ્યા નથી અને થરા નગરપાલિકામાં હાલત જોઈને લાગે છે કે પાકિસ્તાનથી પણ ખરાબ હાલત ભાજપે થરા નગરપાલિકાના લોકોની કરી છે. હું થરા નગરપાલિકાના લોકોને કહેવા માગું છું કે તમે અત્યાર સુધી ભાજપને ખોબલેને ખોબલે મત આપ્યા છે અને બીજી પાર્ટીને પણ મત આપ્યા હશે, પરંતુ હવે તમે આમ આદમી પાર્ટી પર વિશ્વાસ કરીને જુઓ.

અમારા લોકો તમારા સુધી પહોંચે કે ન પહોંચે પરંતુ આ તમારી પાર્ટી છે જે કામની રાજનીતિ કરે છે અને તમારા ટેક્સના નાણાનો સદુપયોગ થાય એટલા માટે અમે રાજનીતિમાં આવ્યા છીએ. ઝાડુંનું નિશાન અમારું ચૂંટણી ચિન્હ છે. તો અમે થરાવાસીઓને વિનંતી કરીએ છીએ કે ઝાડુંનું બટન દબાવીને ભાજપ અને કોંગ્રેસની ગંદકી સાફ કરી સાચું સુશાસન પૂરું પાડવાનું કામ હવે લોકોએ કરવાનું છે.

# News Brief

## ડબલ એન્જિનની સરકાર હોવા છતાં ભ્રૂણ પરીક્ષણ અને ગુનાખોરીમાં ગુજરાત મોખરે : ગૌરી દેસાઈ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકાર હોવા છતાં અનેક ગંભીર મુદ્દાઓ પર ગુજરાત અગ્રેસર છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ અને રિપોર્ટ મુજબ, માતાના પેટમાં બાળક મેલ છે કે ફીમેલ (ભ્રૂણ પરીક્ષણ) તેની તપાસ બાબતમાં તેમજ અન્ય ગુનાખોરી અને કાયદો-વ્યવસ્થાના મામલે ગુજરાત મોખરે છે. સરકાર 'બેટી બચાવો'ની મોટી મોટી વાતો કરે છે અને કરોડો રૂપિયા જાહેરાતો પાછળ વેડફી નાખે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગુજરાતમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ભ્રૂણ પરીક્ષણ જેવા ગંભીર અપરાધો અટકવાનું નામ નથી લેતા. માતાના પેટમાં બાળક મેલ છે કે ફીમેલ તેની ચકાસણી કરવી એ ગેરકાયદેસર છે, અને તેમાં ગુજરાતનું સ્થાન અગ્રેસર છે. કરપ્શન એટલું બધું વધારી દીધું છે કે ગુજરાતમાં કાયદાથી કોઈ ડરતું જ નથી. અને માત્રને માત્ર એટલા માટે જ ગુજરાતની જનતાની આ પરિસ્થિતિ આવી ગઈ છે કે, દરેક સ્થાને જ્યારે ગુજરાતની વાત આવે, ત્યારે કાયદાની વિરુદ્ધમાં ગુજરાતનું સ્થાન સૌથી ઉપર પહોંચી જાય છે. 'આપ' નેતા ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ હવે સમજવાનું છે કે ભારતીય જનતા પાર્ટી એટલું કરપ્શન કરી રહી છે કે તેમના મોટા નેતાઓથી લઈને તમામ લોકોની સંડોવણીના કારણે આજે ગુજરાતની આ પરિસ્થિતિ આવી ગઈ છે. હું લોકોને વિનંતી કરું છું કે પૂરા ભારતમાં લિંગ પરીક્ષણ એ એક ગુનો છે. માતાના પેટમાં બાળક મેલ છે કે ફીમેલ છે તે જાણવું એ ગેરકાનૂની અપરાધ છે, માટે તમે કોઈપણ જગ્યાએ આવું પરીક્ષણ ના કરો, કારણ કે તે સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. મારે ગૃહ મંત્રાલયને કહેવું છે કે, તમે કાયદો તો બનાવી દીધો છે અને ભારત દેશમાં કાયદો લાગુ પણ છે, છતાં ગુજરાતમાં આની કડક અમલવારી થવી જોઈએ જેથી કોઈપણ ડૉક્ટર આવું પરીક્ષણ કરતાં ૧૦ વાર વિચાર કરે. આજે જેટલા કેસો પકડાયા છે, તેમની સામે એવી કડક કાર્યવાહી કરવાની જરૂર છે અને એવી સજા થવી જોઈએ કે જેથી બીજો કોઈ ડૉક્ટર આવું કરતા પહેલા સો વાર વિચારે કે જો હું પકડાઈશ તો મારી શું દશા થશે! આવા ડૉક્ટરોનાં લાયસન્સ હંમેશાં માટે રદ કરી દો અને એવા સખત કાયદા બનાવો કે તેઓ ક્યારેય પોતાનું ક્લિનિક ન ખોલી શકે. નહીંતર, જેમ દિવસને દિવસે ડ્રગ્સ અને દારૂ ઠેર-ઠેર વેચાઈ રહ્યો છે અને લોકોને મળી રહ્યો છે, તેવી જ રીતે આ લિંગ પરીક્ષણના આંકડા પણ દિનપ્રતિદિન વધતા જ જશે.

## સુરત મનપાના ૧,૦૪૪ ડોર-ટુ-ડોર વાહનોમાં થતી ગેરરીતિઓ અટકાવવા બાબતે AAP કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી

સુરત | આમ આદમી પાર્ટીના સુરત મનપા વોર્ડ નં. ૧૭ના કોર્પોરેટર અને પૂર્વ વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરીએ મ્યુનિસિપલ કમિશનરને પાલિકાના ૧૦૪૪ ડોર-ટુ-ડોર વાહનોમાં થતી ગેરરીતિઓ અટકાવવા બાબતે પત્ર લખ્યો હતો. આ પત્રમાં આમ આદમી પાર્ટીના નેતા ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, આપણી મહાનગરપાલિકામાં કચરો ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવા કુલ લગભગ ૧૦૪૪ વાહનો મંજૂર કરવામાં આવ્યા છે. જે કાર્યરત હોવા જોઈએ એવી ટેન્ડરની શરત છે. પરંતુ હાલમાં આમાંથી લગભગ અડધા વાહનો જ ડોર ટુ ડોર કચરો લેવા જાય છે , એના કારણે રોજબરોજનો ઘરેલું કચરો સમયસર એકત્રિત થતો ન હોય લોકો રોડ રસ્તા પર જ્યાં ત્યાં કચરો ફેંકી દેતા હોય છે, જેના કારણે આપણું શહેર હાલમાં ગંદકીથી ખદબદી રહ્યું છે, આ બાબતે આપને નીચે મુજબ ખાસ ધ્યાન દોરવા માંગુ છું જે બાબતે આપ ચોક્સાઈપૂર્વક કાર્યવાહી કરશો એવી આશા રાખું છું. SMCના ૧૦૪૪ ડોર-ટુ-ડોર વાહનોમાંથી કેટલાં ખરેખર રસ્તા પર છે? વાહનોની જાળવણીમાં બેદરકારીના કારણે સુરતની સફાઈ વ્યવસ્થા ખોરવાઈ રહી હોવાના આક્ષેપો – રસ્તાઓ પર કચરો, નાગરિકોના આરોગ્ય સામે ગંભીર પ્રશ્નો.સુરત શહેરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા ડોર-ટુ-ડોર કચરા કલેક્શન માટે મોટી સંખ્યામાં વાહનો ખરીદવામાં આવ્યા છે અને લાંબા ગાળાના કરાર હેઠળ તેમના સંચાલન તથા જાળવણીની જવાબદારી એજન્સીઓને સોંપવામાં આવી છે. પરંતુ હવે સવાલ એ છે કે જનતાના પૈસાથી ખરીદાયેલા આ વાહનોમાંથી ખરેખર કેટલાં વાહનો દરરોજ રસ્તા પર દોડી રહ્યા છે અને કેટલાં માત્ર સરકારી પોર્ટલના આંકડામાં જ અસ્તિત્વ ધરાવે છે? SMCના પોર્ટલ પર ઉપલબ્ધ વાહન-સ્થિતિના આંકડા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. જણાવાયેલા આંકડા મુજબ આશરે ૧૦૪૪ વાહનોમાંથી ૮૬ વાહનો 'Maintenance'માં, આશરે ૧૦૦ વાહનો 'Unreachable' અને ૬૩૪ વાહનો 'Free' દર્શાવવામાં આવે છે. આ આંકડાઓને જોતા સૌથી મોટો પ્રશ્ન એ છે કે: જો વાહનો જનતાના પૈસાથી ખરીદવામાં આવ્યા છે તો તેઓ રસ્તા પર કેમ નથી? અને જો આ વાહનો ખરેખર ઉપલબ્ધ છે, તો ડોર-ટુ-ડોર કચરો નિયમિત રીતે કેમ એકત્રિત થતો નથી?વાહનોની સંખ્યા અને વાસ્તવિક કામગીરી વચ્ચે મોટો પ્રશ્ન: SMCના પોતાના જાહેર કરાયેલા આંકડાઓમાં જ વાહનોના ઉપયોગ અંગે અલગ-અલગ આંકડા જોવા મળે છે. તેથી SMCએ સ્પષ્ટ કરવું જરૂરી છે કે, ૧૦૪૪ વાહનોમાંથી રોજની તારીખ પ્રમાણે ખરેખર કેટલાં વાહનો કાર્યરત છે? માત્ર વાહન સિસ્ટમમાં નોંધાયેલું હોવું અને વાહન ખરેખર રસ્તા પર કચરો એકત્રિત કરતું હોવું – બંને અલગ બાબતો છે. જો વાહનો લાંબા સમયથી 'Maintenance', 'Unreachable' અથવા 'Free' સ્થિતિમાં છે, તો આ વાહનોની વાહનવાર સ્થિતિ, છેલ્લે ક્યારે ચાલ્યા હતા, કેટલા દિવસથી બંધ છે અને શા માટે બંધ છે તેની માહિતી જાહેર થવી જોઈએ. રસ્તાઓ પર કચરો – હવે માત્ર સફાઈનો નહીં, જાહેર આરોગ્યનો પ્રશ્ન: છેલ્લા કેટલાક મહિનાઓથી શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ, જાહેર સ્થળો અને અન્ય સ્થળોએ કચરો જમા થતો હોવાની ફરિયાદો અને દ્રશ્યો સામે આવી રહ્યા છે. આ સ્થિતિને માત્ર 'સફાઈની નાની સમસ્યા' તરીકે જોવી ગંભીર ભૂલ ગણાશે. ડોર-ટુ-ડોર કચરો સમયસર ન ઉઠાવવામાં આવે તો કચરો લાંબા સમય સુધી ખુલ્લામાં રહે છે. તેના કારણે દુર્ગંધ, માખી-મચ્છર, ઉંદર જેવા જીવાતોનો ઉપદ્રવ, અસ્વચ્છતા અને જાહેર સ્થળોની સ્વચ્છતા પર ગંભીર અસર થઈ શકે છે.ધર્મેશ ભંડેરીએ વધુમાં જણાવ્યું હતું કે, અંતે સવાલ વાહનનો નથી. સવાલ છે કે સુરતના નાગરિકોને નિયમિત અને સમયસર કચરા કલેક્શનની સેવા મળી રહી છે કે નહીં? જો સેવા ખોરવાઈ રહી હોય તો તેની જવાબદારી કોની? શું કોન્ટ્રાક્ટર મોંઘી મરામતથી બચવા વાહનોને લાંબા સમય સુધી બંધ રાખે છે? આ બાબતે ગંભીર શંકાઓ ઊભી થઈ રહી છે કે જો કોઈ વાહનમાં મોટી મરામતનો ખર્ચ થાય તો તેને સમયસર રિપેર કરવાના બદલે લાંબા સમય સુધી 'Maintenance' અથવા 'Unreachable' સ્થિતિમાં રાખવામાં આવે છે કે કેમ? જો આવું થઈ રહ્યું હોય તો તે માત્ર કોન્ટ્રાક્ટરની કામગીરીનો પ્રશ્ન નથી. આ SMCની કોન્ટ્રાક્ટ મોનિટરિંગ વ્યવસ્થાની પણ કસોટી છે.



# દારૂબંધી ફક્ત કાગળ પર, બે વર્ષનું બાળક પિતાવિહોણું થયું: પિયુષ પટેલ

અંકલેશ્વર | અંકલેશ્વર તાલુકાના સારંગપુર ગામ ખાતે બે યુવાનોના નશીલા પદાર્થને કારણે મોત થયા હોવાની વાત મીડિયાના માધ્યમથી જાણવા મળી હતી. તે મુદ્દા પર આમ આદમી પાર્ટી દ્વારા એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ પ્રેસ કોન્ફરન્સમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સહમંત્રી પિયુષ પટેલે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે તાજેતરમાં ભરૂચમાં જે દારૂ પહોંચી રહ્યો છે, એ મહારાષ્ટ્રની બોર્ડર થઈને સાગબારા થઈને નર્મદા જિલ્લામાં દારૂ પહોંચે છે, અને એ ત્યાંથી વડોદરા જિલ્લામાં પણ પહોંચે છે, ભરૂચમાં પણ ખૂબ જ મોટી માત્રામાં દારૂ આવી રહ્યો છે. આમ તો પકડાય છે 10-15 લાખનો દારૂ પરંતુ કુલ વેચાય છે કેટલો તેના આંકડા બહાર પાડવામાં આવતા નથી એટલે કે દારૂબંધીનું નાટક ભાજપની સરકારમાં ફક્ત કાગળ પર ચાલી રહ્યું છે. પોલીસના પગાર પણ એમાંથી નીકળતા હોય એવું દેખાઈ રહ્યું છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પટેલે જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ કાયનાત અન્સારી આથાએ કચ્છ ખાતે પણ દારૂબંધી મુદ્દે અવાજ ઉઠાવ્યો હતો અને દારૂની પોટલીઓ ભરીને તેઓ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા પરંતુ દુઃખદ બાબત એ છે કે પોલીસે ઉલ્ટાનું કાયનાતબેન અન્સારી પર જ કેસ દાખલ કરી દીધો. આનાથી સ્પષ્ટ થાય છે કે પોલીસ હકીકત છુપાવવા માંગે છે અને હાલ જે ઘટના ઘટી રહી છે એ ઘટનાઓ ખૂબ જ ગંભીર છે એક બે વર્ષનું બાળક પિતાવિહોણું થયું છે. આવી ઘટનાને આમ આદમી પાર્ટી ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે. અમે આ મુદ્દે પ્રદેશની ટીમ સાથે પણ વાત કરી છે અને આગામી સમયમાં જ્યાં જરૂર પડશે ત્યાં અમે જનતા રેડ પણ કરીશું.

# ગાંધીનગર મનપા ચૂંટણી અંતર્ગત આમ આદમી પાર્ટી દ્વારા બીજી યાદી જાહેર કરવામાં આવી



અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટે એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ 23 ઉમેદવારોના નામોની યાદી જાહેર કરી હતી. આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીના છ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવે છે. ગાંધીનગરના વોર્ડ નંબર 2 થી ઈશ્વરભાઈ વાઘેલા અને વિલાસબેન મકવાણા, વોર્ડ નંબર 4 થી સીરીનબાનુ મન્સૂરી, શરીફ મકરાણી અને લાલભાઈ વણઝારા તથા વોર્ડ નંબર 5 થી જય વાઘેલાનું નામ જાહેર કરવામાં આવે છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ડૉ.કરન બારોટે જણાવ્યું હતું કે સાથે સાથે પેટા ચૂંટણી પણ આવી રહી છે તેને અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની સીટ ભાડથર માટે વીરાભાઈ કંદોરીયાનું નામ જાહેર કરવામાં આવે છે. તો કુલ મળીને ગાંધીનગરમાં અગાઉ 23 ઉમેદવારો જાહેર કરાયા હતા અને હવે 6 ઉમેદવારો જાહેર કરાયા છે

એમ કુલ 29 ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. આવનારા સમયમાં વધુ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવશે. આ ઉમેદવારો એ લોકો છે જે સતત લોકોની વચ્ચે રહ્યા, લોકોના મુદ્દાઓ ઉઠાવતા રહ્યા અને લોકો માટે લડતા રહ્યા તો હવે ગાંધીનગર સહિત ગુજરાતના તમામ નાગરિકોને અમે અપીલ કરીએ છીએ કે આમ આદમી પાર્ટીની બદલાવની રાજનીતિમાં આમ આદમી પાર્ટીને સહકાર આપો.

# 'આપ' નેતા ઇસુદાન ગઢવીએ 'ગુજ્જુ લવ ગુરુ' ને શ્રદ્ધાંજલિ આપી અને પરિવારને સાંત્વના પાઠવી



અમદાવાદ | ગુજરાતમાં સોશિયલ મીડિયા પર 'ગુજ્જુ લવ ગુરુ' તરીકે જાણીતા ચંદન રાઠોડનું અકસ્માતમાં નિધન થતાં સમગ્ર ગુજરાતમાં શોકની લાગણી પ્રસરી છે. આ દુઃખની ઘડીમાં ચંદન રાઠોડને શ્રદ્ધાંજલિ પાઠવવા અને તેમના પરિવારને સાંત્વના આપવા આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી પહોંચ્યા હતા.

ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, જે વ્યક્તિ આપણને કાયમ હસાવતા હતા, તેઓ આજે આપણને રડાવીને ચાલ્યા ગયા છે. તેમણે કહ્યું કે ચંદનભાઈ તેમના જૂના મિત્ર હતા અને આશરે પાંચ વર્ષ પહેલાં તેમની મુલાકાત થઈ હતી, ત્યાર બાદ બંને વચ્ચે મિત્રતા થઈ હતી. ચંદન રાઠોડે પોતાની સંપત્તિથી નહીં, પરંતુ પોતાના હૃદયમાં રહેલી લાગણી અને લોકોના દિલમાં બનાવેલા સ્થાનથી વિશાળ ચાહના મેળવી હતી. તેમના નિધન બાદ લાખો લોકોએ સોશિયલ મીડિયા મારફતે પ્રેમ અને શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી છે.

ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, ચંદન રાઠોડના પરિવાર, ખાસ કરીને તેમના બાળકો પ્રત્યે હવે સમાજની જવાબદારી વધુ વધી છે. તેમણે કહ્યું કે માત્ર દસ દિવસ પૂરતી નહીં, પરંતુ જ્યાં સુધી ચંદનભાઈની દીકરી અને દીકરો મોટા ન થાય ત્યાં સુધી પરિવાર પ્રત્યેની લાગણી અને શક્ય મદદ જાળવી રાખવી જરૂરી છે.

તેમણે પરિવારને ખાતરી આપી કે જ્યાં પણ જરૂર પડશે ત્યાં તેઓ તેમના ભાઈ તરીકે પરિવારની પડખે ઊભા રહેશે. ચંદન રાઠોડ જેવા કલાકારો અને સોશિયલ મીડિયા સર્જકો પોતે રડીને પણ લોકોને હસાવતા હોય છે અને લોકોના દિલમાં સ્થાન બનાવતા હોય છે. તેમના નિધનથી સર્જાયેલી ખોટ ક્યારેય પૂરી થઈ શકે નહીં, પરંતુ તેમના પરિવાર સુધી ગુજરાતની જનતાનો પ્રેમ અને લાગણી પહોંચાડવી એ આપણી સૌની ફરજ છે. અંતે તેમણે ચંદન રાઠોડની આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# અમદાવાદના સીજી રોડ પર વિસ્તારમાં મેગા ચેકિંગ ડ્રાઇવ

અમદાવાદ | અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રાત્રિના સમયે બેફામ વાહન હંકારતા અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા ચાલકો સામે નવરંગપુરા પોલીસ અને 'શી' ટીમ દ્વારા સીજી રોડ તથા મ્યુનિસિપલ માર્કેટ વિસ્તારમાં મેગા ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે રાત્રે 10 થી 1 વાગ્યા દરમિયાન સળંગ બે રાત્રિમાં માત્ર 6 કલાકના ચેકિંગમાં પોલીસે કુલ 106 વાહનો ડિટેઈન કર્યા છે.સિટી ગાઈડ મેળવો

આ ખાસ ડ્રાઈવ દરમિયાન નંબર પ્લેટ વગરના 21 વાહનો ઉપરાંત લાયસન્સ કે યોગ્ય દસ્તાવેજ ન ધરાવતા તેમજ મોડિફાઈડ અને ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

જપ્ત કરાયેલા વાહનોમાં 26 એક્સેસ, 25 બર્ગમેન, 19 એક્ટિવા, 6 બુલેટ, 3 જ્યુપિટર અને 6 ફોર-વહીલરનો સમાવેશ થાય છે. પોલીસની આ અચાનક કાર્યવાહીથી ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ₹10 હજારના બાકી પગાર માટે પૂર્વ એકાઉન્ટન્ટે ₹24 કરોડનું નુકસાન કર્યું

# સુરત શ્યામ સંગીની માર્કેટ આગ કાવતરું કેસ

(એજન્સી) સુરત । તા. 22



સુરતના સારોલી વિસ્તારમાં આવેલા પ્રખ્યાત શ્યામ સંગીની ટેક્સ્ટાઈલ માર્કેટમાં ગત નવમી સપ્ટેમ્બરે મધ્યરાત્રીએ લાગેલી ભીષણ આગ કોઈ આકસ્મિક દુર્ઘટના ન હોઈ પરંતુ માત્ર દસ હજાર રૂપિયાના બાકી પગારના વિવાદમાં શેઠને પાઠ ભણાવવા માટે પૂર્વ એકાઉન્ટન્ટ દ્વારા જ કરવામાં આવેલું એક ગંભીર અને પૂર્વઆયોજિત કાવતરું હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે, જેમાં અંદાજે ચોવીસ કરોડ રૂપિયાનું માલિકોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે અને સ્થાનિક ક્રાઈમ બ્રાન્ચે ત્વરિત કાર્યવાહી કરીને ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે.

આ ઘટનાની વિગતો બહાર આવતા સમગ્ર વેપારી આલમમાં હડકંપ મચી ગયો હતો કારણ કે શરૂઆતમાં આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું. પરંતુ પોલીસ તપાસ દરમિયાન જ્યારે સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી ત્યારે મોઢે રૂમાલ બાંધેલો એક શંકાસ્પદ શખ્સ રાત્રિના સુમારે માર્કેટની અંદર શંકાસ્પદ હિલચાલ કરતો નજરે પડ્યો હતો, જેના આધારે સુરત શહેર પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી અને આખરે આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી.

પોસિલ પૂછપરછ દરમિયાન પકડાયેલા પૂર્વ એકાઉન્ટન્ટ વિનોદ પંડિત સાવલેએ પોતાના ગુનાની કબૂલાત કરતા જણાવ્યું હતું કે તે અગાઉ આ જ માર્કેટની એક દુકાનમાં નોકરી કરતો હતો પરંતુ માલિક દ્વારા તેને નાની-નાની બાબતોમાં હેરાન કરવામાં આવતો હોવાથી તેણે નોકરી છોડી દીધી હતી. નોકરી છોડ્યા બાદ તેના દસ હજાર રૂપિયા લેવાના બાકી નીકળતા હતા અને માલિક દ્વારા આ નાણાં આપવાની વારંવાર આનાકાની કરવામાં આવતી હોવાના રોષમાં આવીને તેણે શેઠને સબક શીખવવાના ઈરાદાથી જ માર્કેટમાં જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ ચાંપી દીધી હોવાનું કબૂલ્યું છે.

આરોપીએ ખૂબ જ ચાલાકીપૂર્વક અગાઉથી જ પેટ્રોલ ખરીદીને પોતાની બેગમાં રાખી લીધું હતું અને માર્કેટ બંધ થવાની રાહ જોઈને બેસી રહ્યો હતો, ત્યારબાદ મોડી રાત્રે સુમસાન માર્કેટમાં દુકાનની બહાર પડેલા કાપડના પાર્સલ પર પેટ્રોલ છાંટીને તેણે આગ લગાવી દીધી હતી અને ઘટના બાદ સોશિયલ મીડિયામાં ન્યૂઝ જોતાં જ તે પોતાનો મોબાઈલ ફોન બંધ કરીને અયોધ્યા તેમજ ખાટુશ્યામ જેવા ધાર્મિક સ્થળો પર નાસી છૂટ્યો હતો. જોકે, સુરત પરત ફરતા જ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે તેને ડીંડોલી વિસ્તારમાંથી દબોચી લીધો છે અને સારોલી પોલીસ સ્ટેશનને સોંપીને આગળની કાનૂની કાર્યવાહી તેજ કરી દીધી છે.

ઘટનાની વિગત મુજબ, ગત 9 સપ્ટેમ્બર 2026 ના રોજ મોડી રાત્રે સવા બાર વાગ્યાના સુમારે કુંભારીયા ત્રણ રસ્તા પાસે આવેલા શ્યામ સંગીની ટેક્સ્ટાઈલ માર્કેટના છઠ્ઠા માળે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં કરોડો રૂપિયાનો કાપડનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. સારોલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી જાણવા જોગ ફરિયાદના આધારે તપાસ કરતા, એક અજાણ્યો શખ્સ મોઢે સફેદ રૂમાલ બાંધી અને ખભા પર લટકાવેલી બેગમાંથી જ્વલનશીલ પદાર્થ (પેટ્રોલ) કાઢી આગ લગાડતો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્લું પડ્યું હતું. આથી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા દિવસે સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોમાં પોતાની સંડોવણી અંગે સમાચાર આવતાં જ આરોપી પોતાનો મોબાઈલ બંધ કરી રાજસ્થાનના ખાટુશ્યામ મંદિર તથા અયોધ્યા ખાતે ભાગી ગયો હતો.

## લાખાપરમાં યોજાયેલા શ્રી રામાપીર બાબાના મેળામાં પુણેથી આવતા કચ્છી લોહાણા ભાવી ભક્તોની વર્ષોથી અવિરત હાજરી



જગદીશ પી. દવે દેશલપર (ગુંતલી)

લખપત તાલુકાના લાખાપર ગામે યોજાતા શ્રી રામાપીર બાબાના મેળામાં ભક્તિ, સેવા અને વતનપ્રેમનો સુંદર સંગમ જોવા મળે છે. પુણેથી આવતા કચ્છી લોહાણા મહાજનના ભાવી ભક્તો વર્ષોથી મેળામાં ઉપસ્થિત રહી રામાપીર બાબાના દર્શન કરી મેળાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.લાખાપર વતની શ્રી ચંદ્રકાંતભાઈ રામજીભાઈ સૌમૈયા પરિવાર દર વર્ષે પુણેથી ખાસ ઉપસ્થિત રહી મેળામાં ભક્તિભાવપૂર્વક જોડાય છે. વતનથી દૂર હોવા છતાં પોતાની જન્મભૂમિ, પરંપરા અને આસ્થા સાથેનો નાતો જાળવી રાખવાની તેમની ભાવના નોંધપાત્ર બની રહી છે.મેળામાં સનાતની સમાજ દ્વારા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. લોહાણા મહાજન સહિત વિવિધ સમાજના ભક્તોએ પણ ભાવપૂર્વક ભાગ લઈ સેવા, શ્રદ્ધા અને સામાજિક એકતાનો સંદેશ આપ્યો હતો.

## વડોદરામાં શેરબજારમાં રોકાણના નામે ઠગાઈ, સાયબર ફ્રોડ કૌભાંડ

(એજન્સી) વડોદરા । તા. 22

શહેરમાં સાયબર અપરાધીઓ દ્વારા આચરવામાં આવેલા એક અત્યંત ચોંકાવનારા અને ગંભીર કિસ્સામાં, માંજલપુર વિસ્તારમાં પોતાના કુટુંબીજનોને મળવા આવેલા કરજણના એક નિવૃત્ત અધિકારીને શેરબજારમાં ભારે નફાની લાલચ આપીને ભેજાબાજ ઠગોએ અલગ-અલગ બેન્ક ખાતામાંથી કુલ એકાવન લાખથી વધુ રકમ પડાવી લીધી હોવાની સત્તાવાર માહિતી સામે આવી છે.

કરજણની એક સોસાયટીમાં રહેતા અને વીમા નિગમમાંથી નિવૃત્ત થયેલા મહેન્દ્રકુમાર મારુ ગત જૂન મહિના દરમિયાન વડોદરામાં રોકાયા હતા ત્યારે તેમના પર એક અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો, જેમાં સામેવાળા શખ્સે શેરબજારમાં રોકાણ કરીને ઘરબેઠા મોટો નફો કમાવવાની આકર્ષક વાતો કરી હતી. શરૂઆતમાં નિવૃત્ત અધિકારીએ આ બાબતે રસ દાખવ્યો ન હતો પરંતુ આરોપીઓએ સતત ફોન કરીને અને અલગ-અલગ આકર્ષક ટિપ્સ આપીને તેમને વિશ્વાસમાં લઈ લીધા હતા, જેથી તેમણે પોતાની પત્નીના ખાતાથી શેરની લે-વેચ કરવાની શરૂઆત કરી હતી. આ ઠગોની ચાલ એટલી બધી ચાલાકીપૂર્વક ગોઠવાયેલી હતી કે મુખ્ય સૂત્રધાર રવિ નામના શખ્સે પહેલા બે લાખ રૂપિયા સુધીનો નફો કમાઈ આપવાની ખાતરી આપી હતી અને બાદમાં પોતાના જ સાગરીતો એવા ટેકનિકલ હેડ દીપકભાઈ અને સાહિલ સાથે વાતચીત કરાવીને નિવૃત્ત અધિકારીના નામે અલગથી ડીમેટ ખાતા ખોલાવી દીધા હતા. આ લોકો રોકાણકારોને લાલચ આપવા માટે અન્ય લોકોના ખોટા નફાના સ્ક્રીનશોટ મોકલીને માનસિક દબાણ ઊભું કરતા હતા અને ટ્રેડિંગના નામે સમયાંતરે મોટી રકમ જમા કરાવડાવતા હતા, જેની સામે પીડિતને માત્ર નજીવી રકમ જ પરત મળી હતી જ્યારે બાકીના તમામ નાણાં ઠગો પોતાના ખાતામાં સેરવી લીધા હતા. જ્યારે નિવૃત્ત અધિકારીને પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો ત્યારે તેમણે ત્વરિત પગલાં લઈને શહેરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.



## વડોદરામાં ગણેશોત્સવમાં મોદક વેચાણ મોટો રેકોર્ડ

(એજન્સી) વડોદરા । તા. 22

સંસ્કારી નગરી તરીકે જાણીતા વડોદરા શહેરમાં હાલ પવિત્ર ગણેશોત્સવની ઉજવણી ખૂબ જ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ચાલી રહી છે, જ્યાં તહેવારના માત્ર આઠ દિવસના ટૂંકા ગાળામાં જ પાંચ કરોડ રૂપિયાથી વધુ કિંમતના મોદકનું જબરદસ્ત વેચાણ થઈ ચૂક્યું છે અને વેપારીઓના અંદાજ મુજબ આગામી દિવસોમાં આંકડો સાત કરોડ રૂપિયાને પાર કરી જશે. દસ દિવસના આ મહાપર્વ દરમિયાન ઘર-ઘર અને સાર્વજનિક મંડળોમાં શ્રીજીની સ્થાપના કરવામાં આવતી હોવાથી ભગવાનને પ્રિય એવા મોદક અને લાડુની માંગ અસાધારણ રીતે વધી ગઈ છે. સ્થાનિક મીઠાઈ અને ફરસાણ વેપારી મંડળના જણાવ્યા અનુસાર શહેરમાં આવેલી અંદાજે એક હજાર જેટલી મીઠાઈની દુકાનોમાં રોજિંદા ધોરણે લાડુનું ભારે વેચાણ થઈ રહ્યું છે અને આ વર્ષે કુલ એક લાખ કિલોથી વધુ મોદક વેચાવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે, જે ગાયકવાડી નગરીના વેપાર જગત માટે એક ઉત્સાહજનક સમાચાર છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ખાંડના ભાવમાં આવેલા ઉતાર-ચઢાવ વચ્ચે મીઠાઈના ભાવમાં સામાન્ય વધારો નોંધાયો હોવા છતાં ભક્તોની આસ્થામાં કોઈ ઓટ આવી નથી. ગ્રાહકોને ગુણવત્તાયુક્ત પ્રસાદ મળી રહે તે માટે કારીગરો દ્વારા ખાસ પરંપરાગત પદ્ધતિથી ઉકડીચે અને તળેલા મોદક તૈયાર કરવામાં આવી રહ્યા છે.

## કંપનીમાં ભાગીદાર બનાવવાના નામે 12.22 કરોડની ઠગાઇ કરનાર બિલ્ડર પુરુષોત્તમ વાઘેલા સહિત 3 ભૂગર્ભમાં

(એજન્સી) વડોદરા । તા. 22

વડોદરા નજીક મંજુસરની એક કંપનીમાં ભાગીદાર બનાવવાની લાલચ આપીને દુબઈના એક વેપારીના પત્ની પાસેથી રૂપિયા ૧૨.૨૨ કરોડ પડાવી લેવાનો મોટો મામલો સામે આવ્યો છે. આ ગંભીર છેતરપિંડી અંગે અકોટા પોલીસે પ્રખ્યાત બિલ્ડર પુરુષોત્તમ વાઘેલા, તેમના પુત્ર આકાશ વાઘેલા અને પુત્રવધૂ વિશ્વાંગી વાઘેલા સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ શરૂ કરી છે. જોકે, ગુનો નોંધાયાની જાણ થતાં જ ત્રણેય આરોપીઓ પોતાના ગોત્રી-સેવાસી રોડ સ્થિત અરાના બંગ્લોઝ ખાતેના નિવાસસ્થાનેથી ભૂગર્ભમાં ઉતરી ગયા છે.

દુબઈના વેપારી સલીમભાઈ મેમણના પત્ની સાહિદા સલીમભાઈ મેમણના કુલમુખત્યાર પરવેઝ મલેકે અકોટા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, એ.વી. ઓર્ગેનિક પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટરોએ 'ઈવોક્સ' બ્રાન્ડના આલ્કલાઈન પાણીના ધંધામાં રોકાણ કરવા માટે વાતચીત કરી હતી અને સલીમભાઈ દંપતી પાસેથી કુલ ૧૨.૨૨ કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું. પરંતુ રોકાણ લીધા બાદ આરોપીઓએ અગાઉ નક્કી કરેલી શરતોનો ભંગ કર્યો હતો તેમજ કંપની પર આશરે ૩૨ કરોડ રૂપિયા જેટલું મોટું દેવું હોવાની વાત છુપાવી હતી. આ ઉપરાંત, વેપારી દંપતીને કંપનીના ૨૫ ટકા શેર પણ ટ્રાન્સફર કરવામાં આવ્યા ન હતા.

ગુનો દાખલ થયા બાદ અકોટા પોલીસ સ્ટેશનના પીઆઈ દ્વારા આરોપીઓના રહેઠાણ અને તેમની ઓફિસે જઈને તપાસ કરવામાં આવી હતી, પરંતુ તમામ આરોપીઓ ત્યાંથી ગુમ હોવાનું જણાયું હતું. આરોપીઓ પોલીસ પકડથી દૂર ભાગી છૂટવામાં સફળ રહેતા, તેમને ઝડપી પાડવા માટે પોલીસે જુદી-જુદી બે વિશેષ ટીમો કામે લગાડી છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રકરણમાં મુખ્ય આરોપી તરીકે નામ કરનાર પુરુષોત્તમ વાઘેલા શહેરના જાણીતા બિલ્ડર તરીકે ઓળખાય છે અને તેઓ સેવાસી વિસ્તારના એક પ્રખ્યાત પાર્ટી પ્લોટ સાથે પણ સંકળાયેલા હોવાની વિગતો સપાટી પર આવી છે. પોલીસ દ્વારા આ નાણાકીય કૌભાંડ અને કંપનીના દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## રેલવે ડિવિઝનમાં તમામ સિગ્નલ હવે ડાબી બાજુ, સિગ્નલિંગ વિભાગની સફળ કામગીરી




વડોદરા | પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા રેલવે સલામતી અને ટ્રેન સંચાલનની કાર્યક્ષમતા વધારવા માટે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ડિવિઝનના તમામ મુખ્ય સિગ્નલ હવે લોકોપાઈલટની ડાબી બાજુ (લેફ્ટ હેન્ડ સાઈડ) સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. સિગ્નલિંગ અને દૂરસંચાર (S&T) વિભાગની ટીમે સખત જહેમત ઉઠાવીને તબક્કાવાર રીતે બાકી રહેલા તમામ ૪૧ જમણી બાજુના સિગ્નલને ડાબી બાજુ સફળતાપૂર્વક ખસેડી લીધા છે. આ ફેરફારના કારણે ડિવિઝનમાં તમામ મુખ્ય સિગ્નલની સ્થિતિ એક સમાન થઈ ગઈ છે. જેના પરિણામે ટ્રેન હંકારતા લોકોપાઈલટને સિગ્નલ જોવામાં અને તેની ઓળખ કરવામાં અત્યંત સરળતા રહેશે. અગાઉ સિગ્નલની સ્થિતિ બદલાતી હોવાને કારણે ખોટું સિગ્નલ જોઈ લેવાની કે તેને ઓળખવામાં ભ્રમ (Confusion) થવાની જે સંભાવના રહેતી હતી, તે નહિવત થઈ ગઈ છે. આ સમાનતાને કારણે સમગ્ર ડિવિઝનમાં રેલવે ઓપરેશનલ સેફ્ટી (સલામતી) અને એફિશિયન્સી (કાર્યક્ષમતા)માં નોંધપાત્ર સુધારો જોવા મળશે.

### ભવિષ્યની અપેક્ષાઓ અને વહીવટી પારદર્શિતા

## સુરતના રાજકારણમાં લોકાર્પણની 'રીપીટ ટેલિકાસ્ટ'



(એજન્સી) સુરત । તા. 22

શહેરમાં રાજકીય ગલિયારોમાંથી એક અત્યંત રસપ્રદ અને ચર્ચાસ્પદ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં અગાઉથી જ લોકાર્પણ પામેલા ગોઠાણ-ઉમરા બ્રિજનું 121 દિવસ સુધી ચાલેલું મરામત કામ પૂરું થતાં જ ફરીથી શ્રીફળ ફોડીને પુનઃ લોકાર્પણ કરવામાં આવ્યું છે, અને આ પ્રસંગે શાસક પક્ષના નેતાઓની ઉપસ્થિતિ વચ્ચે 'કામ એક અને લોકાર્પણ બે'ની ચર્ચાએ સમગ્ર નગરમાં જોર પકડ્યું છે.

મીડિયા અહેવાલ મુજબ, આ બ્રિજ અગાઉ જનતા માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો પરંતુ થોડા જ સમયમાં તેની મરામતની અનિવાર્ય જરૂરિયાત ઊભી થતાં પાલિકા તંત્ર દ્વારા ગત વીસમી મેના રોજ તેનો એક ટ્રેક વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યો હતો. લગભગ ચાર મહિનાથી વધુ સમય એટલે કે એકવીસ દિવસના લાંબા અંતરાલ બાદ જ્યારે આ રિપેરિંગ કામ પૂર્ણ થયું ત્યારે સામાન્ય પ્રક્રિયા હેઠળ માત્ર બેરિકેડ હટાવીને રસ્તો ચાલુ કરવાના બદલે ફરી એક વખત ભવ્ય રીતે લોકાર્પણનો ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

સ્થાનિક સત્તાધીશો અને વોર્ડના કોર્પોરેટરની આગેવાનીમાં યોજાયેલા આ પુનઃ લોકાર્પણ કાર્યક્રમમાં અનેક પદાધિકારીઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા, જેના કારણે સામાન્ય મરામતની કામગીરી પણ એક મોટા રાજકીય પ્રસિદ્ધિના મંચમાં ફેરવાઈ ગઈ હોવાની લોકમુખે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આમ તો બ્રિજ ફરીથી ચાલુ થવાથી હજારો વાહનચાલકોને અવરજવરમાં મોટી રાહત જરૂર મળી છે, પરંતુ એક જ પ્રોજેક્ટ માટે વારંવાર ઉદ્ઘાટન કરવાના આ અનોખા અંદાજથી વિરોધીઓ અને જનતા દ્વારા કટાક્ષભર્યાસૂરો પણ રેલાવવામાં આવી રહ્યા છે.

ગોઠાણ-ઉમરા બ્રિજ અગાઉ ખુલ્લો મૂકાયા બાદ થોડા જ સમયમાં તેની મરામતની જરૂરિયાત ઊભી થઈ હતી. પાલિકા દ્વારા બ્રિજના હેલ્થ રિપોર્ટના આધારે 20 મે 2026થી બ્રિજનો એક ટ્રેક વાહનવ્યવહાર માટે બંધ રાખીને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મરામત દરમિયાન વેલંજા તરફથી વરીયાવ તરફ જતો ટ્રેક બંધ રાખવામાં આવ્યો હતો અને બીજા ટ્રેક પરથી બંને તરફનો વાહનવ્યવહાર ચલાવવામાં આવ્યો હતો. લગભગ 121 દિવસ બાદ ગત શુક્રવારે મરામત પૂર્ણ થતાં બ્રિજ ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકાયો હતો. સામાન્ય રીતે પાલિકાની મરામત કામગીરી પૂર્ણ થયા બાદ વાહનવ્યવહાર પુનઃ શરૂ થવો એ પોતે જ પ્રક્રિયાનો અંત ગણાય છે, પરંતુ અહીં ફરી એક વખત લોકાર્પણનો માહોલ જોવા મળ્યો હતો.

આ પ્રકારની ઘટનાઓથી વિકાસના કાર્યોની સાથે સાથે રાજકીય સ્ટંટબાજીના પાસાઓ પણ છાપરે ચડીને પોકારવા લાગે છે, અને નાગરિકો હવે ઈચ્છી રહ્યા છે કે જનતાના વેરાના પૈસાથી બનતા આવા માળખાકીય પ્રોજેક્ટ્સમાં ગુણવત્તા જળવાઈ રહે જેથી વારંવાર મરામત કરવાના દિવસો ન આવે. તંત્ર દ્વારા ભલે આને એક સામાન્ય ઉજવણી ગણાવવામાં આવતી હોય, પરંતુ સુરતના રાજકારણમાં આ 'રીપીટ ટેલિકાસ્ટ' લાંબા સમય સુધી ચર્ચાનો વિષય બની રહેશે તે નક્કી છે.

# વિકાસના કામોમાં સ્થાનિક આગેવાનોની બાદબાકી કરાતા ધારાસભ્ય અભેસિંહ તડવી સામે પક્ષ ના કાર્યકરો તેમજ ગ્રામજનો નારાજ

### "સૌનો સાથ સૌનો વિકાસ" કે પછી,"સૌનો સાથ મારો વિકાસ"????



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા.

સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ જેવા સુત્રો પોકારનાર આગેવાનો પણ મારો તારો કરવામાંથી બહાર આવતા નથી જેની ખરાબ છાપ - કાર્યકરો અને ગ્રામજનો ઉપર પડી રહી = છે. સંખેડા તાલુકાના દૂધપૂરથી -અગારીના નવા રોડનું સોમવારે ધારાસભ્ય અભેસિંહ તડવી દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ - વિસ્તાર બોરતળાવ તાલુકા પંચાયત હસ્તક આવે છે. સરકાર દ્વારા જયારે ગામના વિકાસને મહત્વ આપતી હોય - અને ગ્રામજનો માટે વિકાસલક્ષી કામો હાથ ધરવામાં આવતા હોય ત્યારે ગામના સરપંચ અને તાલુકા પંચાયતના સભ્યને કાર્યક્રમમાં બોલાવામાં આવે તો * | સૌ સાથે મળી વિકાસ કરી રહ્યા છે. તેવો સંદેશો ગ્રામજનોને પહોંચે પરંતુ - આ કાર્યક્રમમાં બોરતલાવ તાલુકાપંચાયતના સભ્ય ભાવિકાબેન પટેલની બાદબાકી કરી તેમની અવગણના કરવામાં આવતા એક ખરાબ સંદેશો વહેતો થયો છે. તાલુકા પંચાયતના પ્રમુખ, ડીઈ ચૌધરી, જિલ્લા પંચાયતના સભ્ય સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા. પરંતુ પોતાને ના ગમતા હોય તેવાભાજપાના આગેવાનોની જ બાદબાદી કરાતા ધારાસભ્ય સામે કાર્યકરોમાં રોષ જોવા મળે છે. જેકે આ ઘટના સૌપ્રથમ વખત બની નથી. ધારાસભ્યએ આ અગાઉ અનેક કાર્યક્રમોમાં પોતાને ના ગમતા હોય તેવાની બાદબાકી કરી કાર્યકરોમાં ખોટો સંદેશો વહેતા કર્યો છે.

## રોડની બન્ને બાજુ વધેલી ઝાડીઓથી વાહનચાલકો પર અકસ્માતનો ભય

જગદીશપી દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર (ગુંતલી)થી ઉગેડી તરફ જતા માર્ગ પર રોડની બન્ને બાજુ મોટા પ્રમાણમાં ઝાડીઓ ઊગી નીકળતા માર્ગનો મોટો ભાગ ઢંકાઈ ગયો હોવાનું જોવા મળી રહ્યું છે. ઝાડીઓ એટલી હદે વધી ગઈ છે કે કેટલાક સ્થળોએ



વાહનચાલકોને સામેથી આવતા વાહનોનો માર્ગ પણ સ્પષ્ટ દેખાતો નથી.ખાસ કરીને વળાંકવાળા વિસ્તારોમાં દશ્યતા ઘટતા અકસ્માતનું જોખમ ઊભું થયું છે. માર્ગ પરથી દરરોજ પસાર થતા વાહનચાલકો તથા ગ્રામજનો દ્વારા રોડની બન્ને બાજુની ઝાડીઓનું તાત્કાલિક કટીંગ કરાવવા માંગ ઉઠી છે.તંત્ર દ્વારા વહેલી તકે સ્થળ પર તપાસ કરી જરૂરી ઝાડી કટીંગની કામગીરી હાથ ધરવામાં આવે તો માર્ગની દશ્યતા સુધરવાની સાથે વાહનચાલકોની સલામતી પણ જળવાઈ શકે તેમ છે.

### પાડોશી મહિલા અને સાગરીતે તાળું તોડ્યું હતું

## અકોટાના બે મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

(એજન્સી) વડોદરા । તા. 22

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા મકાનોમાં તાળાં તોડીને ચોરી કરનાર ગેંગનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. અકોટાની નવી ચાલ ખાતે ગ ગત તારીખ ૪ થી ૮ સપ્ટેમ્બર દરમિયાન બે અલગ-અલગ મકાનોના તાળાં તોડીને કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરવામાં આવી હતી. આ મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો, જેની તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે અને પાડોશમાં જ રહેતી એક મહિલા સહિત બે આરોપીઓ પોલીસ પકડમાં આવી ગયા છે.

મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન અજબડી મિલ પાસેથી એક શંકાસ્પદ રિક્ષા પસાર થઈ રહી હતી. પોલીસે રિક્ષાને અટકાવીને તલાશી લેતા તેમાંથી મોટા પ્રમાણમાં તાંબા અને પિત્તળના વાસણો મળી આવ્યા હતા. રિક્ષામાં સવાર સુનિલ ઉર્ફે જેરી પ્રવિણભાઈ સોલંકી (રહે. વુડાના મકાનમાં, સનફાર્મા રોડ) અને જ્યોતિ રયજીભાઈ (રહે. અકોટા, પાડોશી મહિલા)ની કડક પૂછપરછ કરવામાં આવતા તેમણે ચોરીની આ સમગ્ર વાર્તા રજૂ કરી હતી. આ તમામ સાધનો તેમણે અકોટાની નવી ચાલમાં આવેલા બાજુના મકાનોમાંથી જ ચોર્યા હોવાનું કબૂલ્યું હતું.

પોલીસે આ બંને આરોપીઓ પાસેથી ચોરીમાં વપરાયેલી રિક્ષા તેમજ તાંબા-પિત્તળના વાસણો સહિત કુલ રૂ. સવા લાખ (રૂ. ૧,૨૫,૦૦૦) નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ચોરી કરનાર મહિલા ખુદ પાડોશમાં જ રહેતી હોવાથી અને તેણે પોતાના જ સાગરીત સાથે મળીને આ ગુનાને અંજામ આપ્યો હોવાથી સ્થાનિક રહીશો પણ આશ્ચર્યમાં મૂકાઈ ગયા છે. હાલ ક્રાઈમ બ્રાન્ચે બંને આરોપીઓની અટકાયત કરીને તેમને અકોટા પોલીસને સોંપવાની તેમજ અન્ય કોઈ ચોરીમાં તેમની સંડોવણી છે કે નહીં તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

### જૂનાગઢ મહાનગરપાલિકાની સેનિટેશન શાખા દ્વારા

## 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો - ૨૦૨૬' અન્વયે શહેરના ૫૭ બલ્ક વેસ્ટ જનરેટરો માટે વર્કશોપ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ,તા.૨૨/૦૯/૨૦૨૬ ને મંગળવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે મનપાના પંડિત દીનદયાળ સભાખંડ ખાતે એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા તાજેતરમાં અમલમાં મુકાયેલા અને ગત ૧લી એપ્રિલ ૨૦૨૬થી સમગ્ર દેશમાં લાગુ કરાયેલા 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૨૬' સંદર્ભે આ વર્કશોપ યોજાયો હતો. નવા નિયમો અંતર્ગત 'બલ્ક વેસ્ટ જનરેટર (BWG)' ની સુધારેલી વ્યાખ્યા મુજબ, મહાનગરપાલિકા વિસ્તારમાં કાર્યરત એવા એકમો કે સંસ્થાઓ જે ૨૦૦૦૦ ચોરસ મીટર કે તેથી વધુ ફ્લોર એરિયા ધરાવતા હોય, પ્રતિદિન ૪૦,૦૦૦ લિટર કે તેથી વધુ પાણીનો વપરાશ કરતા હોય, અથવા પ્રતિદિન ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ ઘન કચરો ઉત્પન્ન કરતા હોય, તે પૈકી કોઈપણ એક માપદંડ પૂર્ણ કરતા એકમોનો આ શ્રેણીમાં સમાવેશ થાય છે. આ માપદંડોમાં આવતા એકમો અને સંસ્થાઓને તેમની ફરજો તેમજ કરવાની થતી કામગીરીથી સવિસ્તાર માહિતગાર કરવાના હેતુથી યોજાયેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બલ્ક વેસ્ટ જનરેટરોને પ્રેઝન્ટેશનના માધ્યમથી સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ વર્કશોપમાં સેનિટેશન સુપ્રિટેન્ડેન્ટશ્રી કલ્પેશભાઈ ટોલીયા, શ્રી દર્શન મકવાણા અને સુશ્રી સ્વાતિ વીરડા ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મહાનગરપાલિકા દ્વારા સંબંધિત તમામ એકમોને ખાસ અનુરોધ કરવામાં આવે છે કે, તેઓ બલ્ક વેસ્ટ જનરેટર તરીકે ભારત સરકારના C.P.C.B. વિભાગના પોર્ટલ : https://swm.cpcb.gov.in/register' પર જાતે અથવા મહાનગરપાલિકાના સેનિટેશન વિભાગના માધ્યમથી પોતાની રજીસ્ટ્રેશનની પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 23-09-2026

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો. એ દરમિયાન જ થોડોક સમય આનંદ-પ્રમોદની પ્રવૃત્તિઓમાં પણ ખર્ચો, જેથી વેગ જળવાઈ રહે તથા તમારૂં શરીર રિચાર્જ થાય.

**વૃષભ : બ. વ. ઉ.**

લાગણીની દ્દષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. જીવનસાથી તમને ધૂમ્રપાનની લત છોડવા પ્રેરણા આપશે.

**મિથુન : ક. છ. ઘ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ.

**કર્ક : ડ. હ.**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે.

**સિંહ : મ. ટ.**

મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. કેટલાક માટે પાર્ટ-ટાઈમ નોકરીની તકો.

**કન્યા : પ. ઠ. ણ.**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રત: વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા તમને તમારા પરિવારની કેટલી પરવા છે.

**તુલા : ર. ત.**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

સારા સમાચાર મળવાની શક્યતા છે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**મકર : ખ. જ.**

સ્વાસ્થ્ય સારૂ રહેશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોક્સાઈ રાખો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવી પડશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

## ‘છોટી કાશી’

### જામનગરમાં ગણેશ વિસર્જનનો આઠમો દિવસ : વધુ 82 મૂર્તિઓની વિદાય



(એજન્સી) જામનગર | તા.22

જામનગરમાં ગણેશોત્સવ અંતર્ગત ગણેશ મૂર્તિઓના વિસર્જનનો આજે આઠમો દિવસ હતો. જામનગર મહાનગરપાલિકા દ્વારા ગણેશ મૂર્તિઓના વિસર્જન માટે ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે તૈયાર કરવામાં આવેલા બંને વિસર્જન કુંડ ખાતે આજે પણ ગણેશ ભક્તો અને ગણેશ મંડળો દ્વારા ગણપતિ બાપાની મૂર્તિઓનું વિધિવત્ વિસર્જન કરવામાં આવ્યું હતું.મહાનગરપાલિકાના આંકડા મુજબ આજે તા. 21 સપ્ટેમ્બરના રોજ આઠમા દિવસે ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડમાં 58 તથા સરદાર રિવેરા વિસર્જન કુંડમાં 24 મળી બંને કુંડમાં કુલ 82 ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સાથે ગણેશોત્સવના આઠ દિવસ દરમિયાન ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડમાં કુલ 2766 તથા સરદાર રિવેરા વિસર્જન કુંડમાં કુલ 780 ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે. બંને કુંડનો આઠ દિવસનો કુલ આંકડો 3546 મૂર્તિઓનો થયો છે. ગણેશ ભક્તો દ્વારા પોતાના આરાધ્ય દેવ ગણપતિ બાપાની ભક્તિભાવપૂર્વક વિદાય કરવામાં આવી હતી. વિસર્જન દરમિયાન ગણપતિ બાપા મોરિયાના જયઘોષથી બંને વિસર્જન કુંડના સ્થળો ગણેશમય બની રહ્યા હતા.

# બાળ બજાર યુવક મંડળ દ્વારા એક આકર્ષક વેશભૂષા સ્પર્ધાનું આયોજન





કમલેશ પટેલ. સંખેડા

સંખેડામાં ગણપતિ મહોત્સવની ઉજવણી ધામધૂમથી ચાલી રહી છે. આ મહોત્સવના સાતમા દિવસે બાળ બજાર યુવક મંડળ દ્વારા એક આકર્ષક વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરાયું હતું.આ સ્પર્ધામાં નાના બાળકોથી લઈને મોટા વડીલો સુધીના લોકોએ ઉત્સાહથી ભાગ લીધો. બાળકો કૃષ્ણ, રાધા, ખોડીયાર માતા, ડોક્ટર અને પોલીસ જેવા અલગ-અલગ વેશમાં સજ્જ થયા હતા.વડીલોએ નરેન્દ્ર મોદી, અમિત શાહ, યોગી આદિત્યનાથ અને ભૂત જેવા અવનવા પાત્રો ભજવીને હાજર સૌનું મનોરંજન કર્યું. આયોજકોએ જણાવ્યું કે બાળ બજાર યુવક મંડળ છેલ્લા 9 વર્ષથી સતત આ વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરે છે. આ સ્પર્ધા સંખેડામાં આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બની છે.ગણેશ ઉત્સવમાં આવા કાર્યક્રમોથી બાળકોમાં સંસ્કૃતિ અને સર્જનાત્મકતા વધે છે.આ કાર્યક્રમ જોવા મોટી સંખ્યામાં ગ્રામજનો અને ભક્તો હાજર રહ્યા હતા.

## કોલેજમાં અંગ્રેજી વિભાગ દ્વારા એક લેખન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું



કમલેશ પટેલ. સંખેડા

સંખેડાની કાપડિયા એન.એમ.એમ.એસ. આર્ટસ અને એસ.એન.એસ.બી.એસ. કોમર્સ કોલેજમાં અંગ્રેજી વિભાગ દ્વારા એક લેખન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું. આ પ્રતિયોગિતા 22 સપ્ટેમ્બર, 2026ના રોજ યોજાઈ હતી. વિદ્યાર્થીઓના અંગ્રેજી લેખન કૌશલ્યને પ્રોત્સાહન આપવાના હેતુથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આમાં કોલેજના 35થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.પ્રતિયોગિતાની શરૂઆતમાં આચાર્ય ડૉ. ડી. વી. પટેલે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફે પણ વિદ્યાર્થીઓને ટેકો આપ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોફેસર પી.એન. શ્રીવાસ્તવ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ભાવનગર જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી નોંધાયુ

ભાવનગર : ભાવનગર જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી નોંધાયુ હતું. જિલ્લામાં આજે સોમવારે વરસાદે વિરામ લીધો છે અને ભાદરવાની આકરી ગરમીના પગલે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.જિલ્લામાં આજે સોમવારે મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૫ ડિગ્રી નોંધાયુ હતુ, જ્યારે ભેજનું પ્રમાણ ૬૧ ટકા અને પવનની ઝડપ ૮ કિલોમીટર નોંધાઈ હતી. ગઈકાલે રવિવારે મહત્તમ તાપમાન ૩૩.૩ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૬ ડિગ્રી નોંધાયુ હતુ, જ્યારે ભેજનું પ્રમાણ ૬૮ ટકા અને પવનની ઝડપ ૧૨ કિલોમીટર નોંધાઈ હતી. છેલ્લા ૨૪ કલાકમાં મહત્તમ તાપમાનમાં ૧ ડિગ્રી કરતા વધુનો વધારો નોંધાયો છે. મહત્તમ તાપમાન વધતા ગરમીનુ જોર વધ્યુ છે. હાલ ભાદરવાના આકરા તડકા પડી રહ્યા છે તેથી લોકો કચવાટ કરતા નજરે પડી રહ્યા છે. ગરમીના પગલે હાલ બિમારીના કેસ પણ વધ્યા છે.જિલ્લામાં હાલ વરસાદે વિરામ લીધો હોય તેમ આજે સોમવારે એક પણ તાલુકામાં વરસાદ નોંધાયો નથી. જિલ્લામાં સારો વરસાદ પડી ગયો છે તેથી ખેતીના પાકને જીવનદાન મળી ગયુ છે અને ખેડૂતોને રાહત થઈ હોવાનુ જાણવા મળેલ છે. હાલ વરસાદની કોઈ સિસ્ટમ કાર્યરત નથી તેથી વરસાદ પડવાની શકયતા જણાતી નથી તેમ જાણકારોમાં ચર્ચાય રહ્યુ છે. ભાવનગરમાં વરસાદે વિરામ લેતા ભાદરવાની આકરી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આજે સોમવારે મહત્તમ તાપમાન 34.9 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 24.5 ડિગ્રી નોંધાયું.

## જામજોધપુર નજીક અમરાપરમાં છ મહિલાઓ જુગાર રમતાં ઝડપાઈ : રૂ.10,620 રોકડ કબજે

જામજોધપુર : જામજોધપુર તાલુકાના અમરાપર ગામમાં જાહેરમાં ગંજીપતાના પાના વડે તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. રામદેભાઈ વદરના ઘરની બહાર જાહેર સ્થળે દરોડા દરમિયાન છ મહિલાઓ જુગાર રમતી મળી આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, રાણીબેન રામદેભાઈ વદર (ઉ.વ.300, હંસાબેન મનસુખભાઈ પેશીવારા (ઉ.વ.60), મિતલબેન વિજયભાઈ ચૌહાણ (ઉ.વ.30), સાકરબેન રમેશભાઈ ઓડેદરા (ઉ.વ.45), નાથીબેન ઘેલાભાઈ વદર (ઉ.વ.60) અને દેવીબેન કેશુભાઈ બાપોદરા (ઉ.વ.50) જુગાર રમતાં મળી આવ્યા હતા. દરોડા દરમિયાન પોલીસને રૂ.10,620 રોકડ અને ગંજીપત્તા મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ.10,620નો મુદ્દામાલ કબજે કરી છેય મહિલાઓ સામે જુગારધારા કલમ 12 મુજબ ગુનો નોંધ્યો છે. તમામને તા.21ના રોજ નોટિસ આપવામાં આવી હોવાનું પોલીસ રિપોર્ટમાં જણાવાયું છે. જામનગરના જામજોધપુર તાલુકાના અમરાપર ગામે જાહેરમાં જુગારધામ પર પોલીસે દરોડો પાડ્યો હતો. રામદેભાઈ વદરના ઘર બહાર છ મહિલાઓ ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમતી ઝડપાઈ હતી. પોલીસે સ્થળ પરથી 10,620 રોકડા તથા ગંજીપાનાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ મહિલાઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી, વધુ તપાસ હાથ ધરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોન્ચ કર્યું RDI ફંડ

## ઉમરગામ GIDCની ટેક્ષટાઈલ કંપનીમાં ભીષણ આગ લાગતા દોડધામ : ફાયર વિભાગે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો



(એજન્સી) વલસાડ | તા.22

વલસાડ જિલ્લાના ઉમરગામ GIDCમાં કૃપા ટેક્ષટાઈલ કંપનીમાં સોમવારે રાત્રે ભીષણ આગ ફાટી નીકળી હતી. શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું અનુમાન છે. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી કંપની લપેટમાં આવી ગઈ હતી. સદનસીબે કર્મચારીઓ સમયસર બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. ફાયર ફાઈટરોએ કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો. FSL તપાસ બાદ જ આગનું સાચું કારણ જાણી શકાશે. વલસાડ જિલ્લાના ઉમરગામ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કંપનીમાં ગઈકાલે સોમવારે રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જેને પગલે ભારે અફરાતફરી મચી ગઇ હતી. જો કે લકશકરોએ ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. પ્રાપ્ત માહિતિ અનુસાર ઉમરગામ જીઆઈડીસીમાં કૃપા ટેક્ષટાઈલ નામની કંપનીમાં ગઈકાલે સોમવાર રાત્રે કંપનીમાં અચાનક આગ સળગી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આખી કંપની આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટના સમયે કંપનીમાં કામ કરી રહેલા કર્મચારીઓ સમયસૂચકતા દાખવી તાત્કાલિક બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. આગ એટલી પ્રચંડ હતી કે તેની જવાળાઓ અને ધુમાડાના ગોટેગોટા આકાશમાં દૂર-દૂર સુધી ફેલાઈ ગયા હતા. રાત્રિના સમયે ફાટી નીકળેલી આ ભીષણ આગને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી અને આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જ ઉમરગામ, સરીગામ સહિત આસપાસના વિસ્તારોમાંથી ફાયર બ્રિગેડના બંબા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઈટરોના લાશ્કરોએ તાત્કાલિક પાણીનો મારો ચલાવીને કલાકોની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવ્યો હતો.કંપનીમાં આગ કયા ચોક્કસ કારણોસર લાગી તે અંગે હાલ કોઈ અધિકૃત વિગત બહાર આવી નથી. પ્રાથમિક તારણ મુજબ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

## ગુજરાત ભાજપમાં ફેરફાર, બે મોટા નેતાના ધરણાં બાદ નર્મદા જિલ્લાના પ્રમુખ બદલાયા, ભરૂચ-ડાંગમાં કોને જવાબદારી

(એજન્સી) નર્મદા | તા.22

નર્મદા જિલ્લા ભાજપના નવા પ્રમુખ તરીકે શબ્દશરણ તડવીની નિમણૂક કરાઈ છે. તાજેતરમાં તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીમાં ભાજપની હાર અને આંતરિક વિખવાદ બાદ પ્રદેશ મોરચાએ આ કડક નિર્ણય લીધો છે. પૂર્વ મંત્રી અને 2012માં નાંદોદના ધારાસભ્ય રહી ચૂકેલા તડવીને સંગઠનમાં મજબૂત કરવાનો પડકાર રહેશે. નર્મદા જિલ્લા ભાજપના રાજકારણમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે શબ્દશરણ તડવીની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. પક્ષ દ્વારા આ મોટો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે તાજેતરની તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપને શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે ભરૂચમાં પરેશ કાંતિ લાડ અને ડાંગ જિલ્લામાં સુરેશ મોતીરામ ચૌધરીને ભાજપના નવા જિલ્લા પ્રમુખ બનાવાયા છે. ઉલ્લેખનીય છે કે સ્થાનિક એકમોની



ચૂંટણીમાં નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીએ 22 માંથી 15 બેઠકો પર કબજો જમાવી લીધો હતો. જ્યારે ભાજપ સાત જ બેઠકમાં સમેટાઈ ગયો હતો. કોંગ્રેસનું તો ખાતુ જ નહોતું ખુલ્યું.આ અગાઉ, પૂર્વ પ્રમુખ નિલ રાવની કાર્યશૈલી અને પક્ષની સ્થિતિ સામે નારાજગી વ્યક્ત કરતા સાંસદ મનસુખ વસાવા અને નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ દ્વારા ખુલ્લેઆમ નારાજગી દર્શાવવામાં આવી હતી અને ધરણા (વિરોધ) કરવામાં આવ્યા હતા. આંતરિક વિખવાદ અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં થયેલી હારના પગલે પ્રદેશ મોરચા દ્વારા આ કડક અને આવશ્યક પગલું લેવામાં આવ્યું છે.નવા પ્રમુખ બનેલા શબ્દશરણ તડવીનો રાજકીય અનુભવ લાંબો અને પ્રભાવશાળી રહ્યો છે. તેઓ વર્ષ 2012માં નાંદોદ વિધાનસભા બેઠક પરથી પ્રથમવાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. ત્યારબાદ વર્ષ 2016માં તેમને રાજ્ય સરકારમાં મંત્રીમંડળમાં સ્થાન મળ્યું હતું અને તેઓ વન અને આદિજાતિ કલ્યાણ મંત્રી તરીકે સેવારત રહ્યા હતા. જોકે, વર્ષ 2017ની વિધાનસભા ચૂંટણીમાં તેમને પરાજયનો સામનો કરવો પડ્યો હતો.પરાજય બાદ પણ સંગઠનમાં તેમની સક્રિયતા જળવાઈ રહી હતી અને તેમને આદિજાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. હવે જિલ્લા સંગઠનની કમાન તેમના હાથમાં સોંપવામાં આવતા, આગામી સમયમાં પક્ષને મજબૂત કરવા અને નારાજ નેતાઓ તથા કાર્યકર્તાઓને સાથે લઈને આગળ વધવાની મોટી જવાબદારી તેમના પર રહેશે.

### જામનગરના વેરતીયામાં ધોળે દહાડે માત્ર દોઢ કલાક માટે બંધ રહેલા મકાનનું તાળું તોડી રૂ.65 હજારની ચોરી

જામનગર : જામનગર તાલુકાના બજરંગપુર (વેરતીયા) ગામમાં ધોળે દહાડે માત્ર દોઢ કલાક માટે બંધ રહેલા મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરે તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.65 હજારની મત્તા ચોરી કરી હોવાની ફરિયાદ પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.બજરંગપુર ગામમાં હાઈસ્કૂલ પાસે રહેતા પ્રાગજીભાઈ રામજીભાઈ સદાદીયા (ઉ.વ.69)ના જણાવ્યા મુજબ, તા.4 સપ્ટેમ્બરના રોજ બપોરે સાડા ચારથી સાંજે છ વાગ્યા દરમિયાન તેઓના ઘરના દરવાજાનું તાળું કોઈ સાધન વડે તોડી અજાણ્યો તસ્કર અંદર ઘૂસ્યો હતો. ઘરમાં પ્રવેશ્યા બાદ તસ્કરે લોખંડના કબાટમાં રાખેલા આશરે રૂ.60,000ની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રૂ.5,000 રોકડા મળી કુલ રૂ.65,000ની મત્તા ચોરી કરી હતી.

## રક્તદાન કેમ્પ ઈન્દુ બ્લડ બેંકના સહયોગથી આયોજિત કરાયો હતો. યુવાનોએ ઉત્સાહભેર રક્તદાન કરીને “રક્તદાન એ મહાદાન”

કમલેશ પટેલ. સંખેડા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ચાલી રહેલા સેવા પખવાડિયા અંતર્ગત સંખેડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે યુવા કાર્યકરો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ 15 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.આ રક્તદાન કેમ્પ ઈન્દુ બ્લડ બેંકના સહયોગથી આયોજિત કરાયો હતો. યુવાનોએ ઉત્સાહભેર રક્તદાન કરીને “રક્તદાન એ મહાદાન” નો સંદેશ આપ્યો હતો.આ પ્રસંગે પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ મલ્કાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કલ્પનાબેન, સરપંચ નિતિનભાઈ શાહ, ડો. વિકાસ રંજન અને CHC સ્ટાફ હાજર રહ્યા હતા. તેમની સાથે ભાજપના કાર્યકરો પણ ઉપસ્થિત હતા.





પોક્સો અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી આરોપી વિજય ટોયટાની ધરપકડ

# 15 વર્ષની સગીરાના દુષ્કર્મ કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

(એજન્સી) જામનગર | તા.22

જામનગર જિલ્લામાં 15 વર્ષની સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપી વિજય ટોયટાએ ચાર્જશીટ બાદ જામીન પર મુક્ત થવા માટે કરેલી અરજી જામનગરની પોક્સો અદાલતે નામંજૂર કરી છે.

આ કેસમાં સગીરાના વાલીએ તા.11 જુલાઈના રોજ વિજય ટોયટા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં પોતાની 15 વર્ષની સગીર વયની પુત્રીને ધાક-ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે પોલીસે દુષ્કર્મ તથા પોક્સો અધિનિયમની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી આરોપી વિજય ટોયટાની ધરપકડ કરી હતી.આરોપી જેલમાં ગયા બાદ પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરી



હતી. ત્યારબાદ આરોપીએ જામીન પર મુક્ત થવા માટે સેશન્સ અદાલતમાં અરજી કરી હતી. આ અરજીના વિરોધમાં સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, આ પ્રકારનો ગુનો સમાજ પર ગંભીર અસર કરનારો છે. આરોપીએ 15 વર્ષની સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી અવારનવાર દુષ્કર્મ આચર્યું હોવાના આક્ષેપ છે અને તપાસ દરમિયાન આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા મળતાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. તેથી આરોપીને જામીન પર મુક્ત ન કરવો જોઈએ. બંને પક્ષોની રજૂઆત તથા કેસની હકીકતોને ધ્યાને લીધા બાદ જામનગરની પોક્સો અદાલતે આરોપી વિજય ટોયટાની જામીન અરજી નામંજૂર કરી હતી.જામનગરમાં 15 વર્ષની સગીરાને ધમકાવી દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપી વિજય ટોયટાની જામીન અરજી પોક્સો કોર્ટે નામંજૂર કરી છે. સગીરાના વાલીએ 11 જુલાઈએ વિજય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે દુષ્કર્મ અને પોક્સો હેઠળ ગુનો નોંધી, ધરપકડ કરી ચાર્જશીટ રજૂ કરી હતી. સરકારી વકીલે આવા ગંભીર ગુનામાં જામીન ન આપવાની રજૂઆત કરતા, કોર્ટે આરોપીની અરજી રદ કરી.

## જામનગરમાં ‘હીટ એન્ડ રન’નો બનાવ : પૂરપાટ થાર કારના ચાલક બાઈક સવારને ફંગોળીને ફરાર, પોલીસે ગુનો નોંધ્યો

(એજન્સી) જામનગર | તા.22

જામનગર શહેરના ગુલાબનગર વિસ્તારમાં થાર ફોર-વ્હીલર ચાલકે સ્પ્લેન્ડર બાઈકને સાઈડમાંથી ઠોકર મારતાં બાઈકચાલકને ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ થારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસ ફરિયાદ મુજબ, ગુલાબનગર, વૃંદાવન-01 વિસ્તારમાં રહેતા અને દૂધનો ધંધો કરતા દેવરાજભાઈ ચનાભાઈ બરબચીયા (ઉ.વ.58) તા.21 સપ્ટેમ્બરના રોજ સાંજે આશરે 4 વાગ્યાના અરસામાં પોતાના રહેણાંક મકાન આગળ જાહેર રોડ પર સ્પ્લેન્ડર મોટરસાઈકલ લઈને ઊભા હતા. તે દરમિયાન જી. જે.03-એમ.ઈ.2929 નંબરની થાર ફોર-વ્હીલર ગાડીના ચાલકે બેફિકરાઈ અને પૂરઝડપે વાહન ચલાવી તેમની મોટરસાઈકલને સાઈડના ભાગે ઠોકર મારી હતી.

ઠોકરના કારણે દેવરાજભાઈ મોટરસાઈકલ સાથે નીચે પટકાયા હતા. તેમને કપાળના ઉપરના ભાગે સામાન્ય ઈજા તેમજ પાછળના વાંસાના ભાગે, જમણા હાથના કાંડા અને ખભાના ભાગે મૂંઢ ઈજા તથા છોલછાલ થઈ હતી. અકસ્માત બાદ થારચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અંગે દેવરાજભાઈ બરબચીયાની ફરિયાદના આધારે જામનગર સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં થારચાલક વિરુદ્ધ બી.એન.એસ. કલમ 281, 125(એ) તથા એમ.વી. એક્ટની કલમ 177, 184 અને 134 મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસે ભારતમાં માઈક્રો ઉદ્યોગસાહસિકો માટે ધિરાણની સુલભતા વધારવા મુદ્રા લોન સ્કીમમાં પ્રવેશ કર્યો

(એજન્સી) મુંબઈ | તા.22

અગ્રણી નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસે (એચડીબીએફએસ) આજે મુદ્રા લોન યોજનામાં પ્રવેશ કરવાની જાહેરાત કરી હતી. આ સાથે સમગ્ર ભારતમાં માઈક્રો ઉદ્યોગસાહસિકો માટે ઔપચારિક ધિરાણની સુલભતા વધારવા અને તેમની વિકાસની આકાંક્ષાઓને ટેકો આપવાની પોતાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. એચડીબીએફએસ શિશુ, કિશોર, તરુણ અને તરુણ પ્લસ એમ ચાર કેટેગરી હેઠળ કોઈપણ જામીન વિના રૂ. 20 લાખ સુધીની મુદ્રા લોન આપશે. આ રીતે એવા લોનધારકો સુધી ઔપચારિક ધિરાણ પહોંચાડવામાં આવશે, જેઓ લાંબા સમયથી બેન્કિંગ વ્યવસ્થાની પહોંચની બહાર રહ્યા છે.આ પગલું માઈક્રો ઉદ્યોગોને સંસ્થાકીય ધિરાણની સુલભતા વધારવાના પ્રયાસોને અનુરૂપ છે અને કંપનીના વિતરણ નેટવર્કને મુદ્રા ઈકોસિસ્ટમ સુધી પહોંચાડે છે. એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસ મુદ્રા યોજના સાથે પોતાના સ્થાપિત લાસ્ટ-માઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોડે છે. આ યોજના દેશના એવા વિસ્તારો સુધી ઔપચારિક ધિરાણ પહોંચાડવા માટે બનાવવામાં આવી છે, જ્યાં બેન્કિંગ વ્યવસ્થા હજુ ધીમી ગતિએ પહોંચી રહી છે. એચડીબી વિવિધ




ભૌગોલિક વિસ્તારો અને ગ્રાહક વર્ગો માટે મુદ્રા ધિરાણને વધુ સુલભ બનાવશે. નાના વ્યવસાયો, કારીગરો અને ગ્રામીણ ઉદ્યોગસાહસિકોને કાર્યશીલ મૂડી એટલે કે દૈનિક વ્યવસાયિક જરૂરિયાતો માટેની મૂડી તેમજ વ્યવસાયના વિકાસ માટેનું ધિરાણ પૂરું પાડવામાં આવશે. આ લોકો માટે ઘણી વખત સંગઠિત નાણાંકીય સ્ત્રોતોમાંથી ધિરાણ મેળવવાની તકો મર્યાદિત હોય છે. આવા ગ્રાહકો માટે સમયસર મળતી કોઈ જામીન વિના લોન માત્ર વ્યવસાયને ચાલુ રાખવા અને તેને આગળ વધારવા વચ્ચેનો તફાવત બની શકે છે. એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ જી. રમેશે જણાવ્યું હતું કે, "અમારી સફર હંમેશાં જવાબદાર ધિરાણ દ્વારા લોકોની આકાંક્ષાઓને સાકાર કરવામાં મદદરૂપ બનવા પર કેન્દ્રિત રહી છે. મુદ્રા લોનની શરૂઆત ભારતની ઉદ્યોગસાહસિક ભાવનાને ટેકો આપવાના અમારા વિઝનનું સ્વાભાવિક વિસ્તરણ છે. અમારી ભાગીદારી ભારતના વિવિધ વિસ્તારો સુધી ધિરાણની પહોંચ વધારવા અને સ્થાનિક અર્થતંત્રમાં યોગદાન આપતા નાના વ્યવસાયો તથા ઉદ્યોગસાહસિકોને ટેકો આપવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. ઔપચારિક ધિરાણને વધુ સરળતાથી ઉપલબ્ધ બનાવીને અમે ગ્રાહકોને તેમની વ્યવસાયિક જરૂરિયાતો પૂરી કરવામાં, ટકાઉ આજીવિકા ઊભી કરવામાં અને દેશની પ્રગતિમાં યોગદાન આપવામાં મદદરૂપ થવાનો હેતુ ધરાવીએ છીએ.

# એપ્રિલથી ઓગસ્ટના સમયગાળાનું ક્રુડનું આયાત બિલ ૪૮ ટકા વધી ૭૫ અબજ ડોલર પહોંચી ગયું



મુંબઈ : ઊંચા ભાવને પરિણામે વર્તમાન વર્ષના એપ્રિલથી ઓગસ્ટના ગાળામાં ભારતનું ક્રુડ ઓઈલ આયાત બિલ વાર્ષિક ધોરણે ૪૮ ટકા વધી અંદાજે ૭૫ અબજ ડોલર પહોંચી ગયાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ પાંચ મહિનામાં વોલ્યુમની દ્રષ્ટિએ આયાતમાં ખાસ બદલાવ જોવાયો નથી પરંતુ ઊંચા ભાવને કારણે બિલમાં વધારો જોવા મળ્યો છે એમ પેટ્રોલિયમ પ્લાનિંગ અને એનાલિસિસ સેલના સુત્રોએ જણાવ્યું હતું.પશ્ચિમ એશિયાનું યુદ્ધ વકરતા ક્રુડ તેલના ભાવ ફરી પાછા ૧૦૦ ડોલરની ઉપર પ્રવર્તી રહ્યા છે.ગયા વર્ષના એપ્રિલથી ઓગસ્ટમાં ૧૦.૧૧ કરોડ ટનની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ભારતે ૧૦.૦૭ કરોડ ટન ક્રુડ તેલની આયાત કરી હતી. ભાવમાં વ્યાપક તફાવતને કારણે બિલ ઊંચુ આવ્યું છે.એકલા ઓગસ્ટમાં આયાત બિલ ૧૮ ટકા વધી ૧૧.૭૦ અબજ ડોલર રહ્યું હતું જ્યારે વોલ્યુમ ૩ ટકા ઘટી ૧.૯૦ કરોડ ટન રહ્યાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે.સપ્ટેમ્બરમાં ભારતની ક્રુડ બાસ્કેટનો સરેરાશ ભાવ વધી પ્રતિ બેરલ ૧૧૩.૯૦ ડોલર રહ્યો હતો જે ગયા વર્ષના સમાન મહિનામાં ૬૯.૬૧ ડોલર જોવાયો હતો.વિશ્વમાં ભારત ક્રુડ તેલનો ત્રીજો મોટો વપરાશકાર દેશ છે. દેશમાં ક્રુડ ઓઈલની આવશ્યકતાના ૮૫ ટકા આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે. ભારતની ક્રુડ તેલની વાર્ષિક આયાત બે અબજ બેરલ આસપાસ રહે છે અને બેરલ દીઠ એક ડોલરના વધારા સાથે આયાત બિલમાં વાર્ષિક બે અબજ ડોલર સુધીનો વધારો થાય છે.

## News Brief

### AceVector Limited માટે બિડ/ઓફર ખુલવાની તારીખ શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા.22

AceVector Limited ("AceVector" અથવા "કંપની") જાહેરાત કરે છે કે તેના ઈક્વિટી શેર્સના પ્રારંભિક જાહેર ભરણા ("ઓફર") માટે બિડ/ઓફર ખુલવાની તારીખ શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે.એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે.પ્રાઈસ બેન્ડ ૧ ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર દીઠ ૩૦ થી ૩૨ નક્કી કરવામાં આવી છે.આ ઓફરમાં કંપની દ્વારા ૨,૮૭૦.૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેર્સનો નવો ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને કંપનીના અમુક વર્તમાન શેરધારકો ("વેચાણકર્તા શેરધારકો") દ્વારા ૪,૧૫,૬૨,૫૦૦ સુધીના ઈક્વિટી શેર્સનું વેચાણ ("ઓફર ફોર સેલ") સામેલ છે.કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ નીચે મુજબ કરવા માંગે છે: (i) કંપનીના માર્કેટપ્લેસ વ્યવસાયના માર્કેટિંગ અને વ્યવસાય પ્રચારના ખર્ચના અમુક હિસ્સાને ભંડોળ પૂરું પાડવા, (ii) કંપનીના માર્કેટપ્લેસ વ્યવસાયના ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખર્ચને ભંડોળ પૂરું પાડવા, અને (iii) અધિગ્રહણ (acquisitions) દ્વારા અકાર્બનિક વૃદ્ધિ (inorganic growth) અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે ભંડોળ પૂરું પાડવા ("ઓફરના ઉદ્દેશ્યો"). આ 'ઓફર ફોર સેલ' (વેચાણ માટેની ઓફર) માં નીચે મુજબના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે: Starfish I Pte. Ltd. ("પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર") દ્વારા ૨,૭૬,૦૭,૦૮૨ સુધીના ઈક્વિટી શેર્સ; Nexus India Direct Investments II દ્વારા ૭૩,૯૧,૧૧૩ સુધીના ઈક્વિટી શેર્સ; FIH Business Global Pte. Ltd. (અગાઉ Wonderful Star Pte. Ltd. તરીકે ઓળખાતી) દ્વારા ૧૭,૪૦,૫૨૮ સુધીના ઈક્વિટી શેર્સ; Nexus Opportunity Fund Ltd દ્વારા ૮,૩૯,૭૧૩ સુધીના ઈક્વિટી શેર્સ; Nexus Ventures III, Ltd. દ્વારા ૪,૬૫,૫૯૯ સુધીના ઈક્વિટી શેર્સ; Rupen Investment and Industries Private Limited દ્વારા ૨,૬૯,૧૨૦ સુધીના ઈક્વિટી શેર્સ.

18 સપ્ટેમ્બરના રોજ 'MDW 28' નામના કૂવામાં આ શોધ થઈ હતી

# સંકટની ઘડીમાં ભારતને સમુદ્રમાં મળ્યો કુદરતી ગેસ ભંડાર, સમુદ્ર મંથન અભિયાન વખતે સફળતા

(એજન્સી) નવી દિલ્હી | તા.22

ભારત માટે મોટા રાહતના સમાચાર છે, જ્યાં ONGC ને ઓડિશાના દરિયાકાંઠેથી 43 કિલોમીટર દૂર મહાનદી બેસિનમાં કુદરતી ગેસનો વિશાળ ભંડાર મળ્યો છે. 18 સપ્ટેમ્બરે 'MDW 28' કૂવામાં આ શોધ થઈ, જ્યાંથી છેલ્લા 3 દિવસથી ગેસ નીકળી રહ્યો છે. આ શોધથી ભારતનું વિદેશી તેલ અને ગેસ આયાત બિલ ઘટશે, જે આર્થિક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે. આ 'સમુદ્ર મંથન' અભિયાનની પ્રથમ મોટી સફળતા છે. મધ્યપૂર્વના દેશોમાં જ્યારે ભયાનક સ્તરે યુદ્ધ પહોંચતા એક પછી એક દેશોમાં ઓઈલ અને ઊર્જાની અછત વર્તાતી જઈ રહી છે ત્યારે ભારતને મોટી રાહત આપે તેવી એક શોધ થઈ છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ને ભારત માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને મોટી સફળતા મળી છે. ઓડિશાના દરિયાકાંઠાથી આશરે 43 કિલોમીટર દૂર મહાનદી બેસિનમાં ઊંડા સમુદ્રમાં કુદરતી ગેસનો નવો ભંડાર શોધી કાઢવામાં આવ્યો છે. 18 સપ્ટેમ્બરના રોજ 'MDW 28' નામના કૂવામાં આ શોધ થઈ હતી, જ્યાંથી છેલ્લા ત્રણ



દિવસથી સતત સારા દબાણ અને ઝડપ સાથે ગેસ નીકળી રહ્યો છે.ભારત માટે આ શોધ આર્થિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વની માનવામાં આવે છે, કારણ કે આનાથી દેશના વિદેશી તેલ અને ગેસ આયાત બિલમાં મોટો ઘટાડો થઈ શકે છે. જોકે, આ કૂવામાં કુલ કેટલો ગેસ છે અને તેનું વ્યાવસાયિક ઉત્પાદન કેટલું ફાયદાકારક રહેશે તે અંગેની વધુ માહિતી અને આંકડા તપાસ બાદ જાહેર કરવામાં આવશે.આ કૂવાનું ખોદકામ 25 જુલાઈના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારે જુલાઈમાં 84084 કરોડ રૂપિયાના બજેટ સાથે 2030-31 સુધી ચાલનારા 'સમુદ્ર મંથન' અભિયાનને મંજૂરી આપી હતી. આ અભિયાનનો મુખ્ય હેતુ દેશના અણછૂયેલા ઊંડા સમુદ્રી વિસ્તારોમાંથી હાઈડ્રોકાર્બન શોધવાનો છે. આ કૂવો (MDW 28) મહાનદી બેસિનમાં ખોદવામાં આવનારા ચાર મુખ્ય કૂવાઓમાંથી પ્રથમ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ શોધને ભારત નિર્ભરતા તરફનું એક મોટું કદમ ગણાવ્યું હતું.

# વર્તમાન ઓઈલ વર્ષમાં સોયા ઓઈલની આયાત વિક્રમી સપાટીએ પહોંચવા ધારણા

મુંબઈ : ૩૧ ઓક્ટોબરના સમાપ્ત થનારા વર્તમાન ૨૦૨૫-૨૬ ઓઈલ વરમાં દેશની સોયા ઓઈલની આયાત વધી વિક્રમી સપાટીએ પહોંચવાની ધારણાં રાખવામાં આવી રહી છે. પામ તથા સનફ્લાવર ઓઈલના ઊંચા ભાવને પરિણામે દેશના તેલ રિફાઈનરોએ પ્રમાણમાં સસ્તા એવા સોયા ઓઈલની ખરીદીમાં વધારો કર્યો છે, એમ બજારના વર્તુળોએ જણાવ્યું હતું.ભારતની ખાદ્ય તેલની આયાતમાં સામાન્ય રીતે પામ ઓઈલનો હિસ્સો વધુ હોય છે પરંતુ ઊંચા ભાવને કારણે તેની આયાત વર્તમાન વર્ષમાં નીચી જોવા મળી રહી છે.ગયા વર્ષની સરખામણીએ સોયા ઓઈલની આયાત ૪ ટકા જેટલી વધી ૫૭ લાખ ટન જેટલી વિક્રમી રહેવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.વર્તમાન સંપૂર્ણ ઓઈલ વરમાં સોયા ઓઈલના ભાવ સનફ્લાવર ઓઈલ તથા પામ ઓઈલ સામે સ્પર્ધાત્મક બની રહ્યા છે. પામ ઓઈલની આયાત જે ગયા વર્ષે પાંચ વર્ષની નીચી સપાટીએ રહી હતી તે વધી ૮૦ લાખ ટન રહેવા જ્યારે સનફ્લાવરની આયાત ઘટી ૨૮.૫૦ લાખ ટન રહેવાનો અંદાજ છે. વનસ્પતિ તેલની ૬૫ ટકા માગ ભારત આયાત દ્વારા પૂરી કરે છે.ઈન્ડોનેશિયામાં બાયોડીઝલના વપરાશમાં વધારાથી પામ ઓઈલનો પૂરવઠો ઘટી ગયો છે અને ભાવ ઊંચકાયા છે જ્યારે સોયા ઓઈલનો પૂરવઠો ભરપૂર માત્રામાં છે અને ભાવ પણ પ્રમાણમાં નીચા છે, એમ ઉદ્યોગ સંસ્થા સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ' એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી)ના સુત્રોએ જણાવ્યું હતું.વર્તમાન ઓઈલ વરમાં ભારતની ખાદ્ય તેલની એકંદર આયાત સાધારણ વધી ૧.૬૫ કરોડ ટન રહેવાનો પણ અંદાજ મુકાયો છે.માથાદીઠ આવકમાં વધારાને કારણે ખાદ્ય તેલની માગમા વધારો થયો છે, જ્યારે ઘરઆંગણે ઉત્પાદન સ્થિર જોવાઈ રહ્યું છે, જેને કારણે આયાત કરવાની ફરજ પડે છે. ભારતના ખાદ્ય તેલની આયાતમાં પામ ઓઈલનો હિસ્સો સતત બીજા વર્ષે ઘટી ૫૦ ટકાની અંદર જોવા મળવાની શકયતા છે.

# કિર્લોસ્કર ફેરસે અજય પાટીલની જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર પદે નિમણૂંક કરી

(એજન્સી) પુણે | તા.22

ભારતની અગ્રણી કાસ્ટિંગ અને પિગ આયર્ન ઉત્પાદકોમાંની એક અને સ્ટીલ અને સીમલેસ ટ્યુબમાં અગ્રણી કંપની કિર્લોસ્કર ફેરસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે (BSE: 500245) આજે જાહેરાત કરી હતી કે તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 21 સપ્ટેમ્બર 2026ના રોજ યોજાયેલી તેની બેઠકમાં અજય પાટીલની જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂંકને મંજૂરી આપી હતી. તેમની નિમણૂંક 21 સપ્ટેમ્બર 2026થી 20 સપ્ટેમ્બર 2029 સુધી અમલમાં રહેશે. શ્રી પાટિલ નફાકારક વૃદ્ધિ, કોર્પોરેટ ગવર્નન્સ, વેપારની વ્યૂહરચના, મૂડીની ફાળવણી, એન્ટરપ્રાઈઝ ટ્રાન્સફોર્મેશન, જોડાણ અને હસ્તાંતરણ, સંયુક્ત સાહસો, ટકાઉપણું અને એન્ટરપ્રાઈઝ જોખમ વ્યવસ્થાપનમાં 36 વર્ષનો વ્યાપક અનુભવ ધરાવે છે. આ અંગે ટિપ્પણી કરતા, કિર્લોસ્કર ફેરસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (KFIL)ના મેનેજિંગ ડિરેક્ટર આર. વી. ગુમાસ્તેએ જણાવ્યું હતું કે, 'અમે અમારી નેતૃત્વની ટીમમાં અજયનું સ્વાગત કરતા આનંદ અનુભવીએ છીએ. બિઝનેસ સ્ટ્રેટેજી અને ટ્રાન્સફોર્મેશનમાં તેમનો બહોળો અનુભવ અમારી સંસ્થામાં નોંધપાત્ર મૂલ્યનો ઉમેરો કરશે. આ નિમણૂંક અમારી નેતૃત્વ ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે તેમજ ટકાઉ વિકાસની અમારી પ્રાથમિકતાઓ સાથે સુસંગત છે, જે બજારમાં KFILની સ્થિતિમાં સુધારો કરે છે.'હમણા સુધી, તેમણે બેઈન કેપિટલ પોર્ટફોલિયોની કંપની, RSB ટ્રાન્સમિશન (ઈન્ડિયા) લિમિટેડના ગ્લોબલ ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર તરીકે સેવા આપી છે. તેમની કારકિર્દી લિસ્ટેડ કંપનીઓ, ખાનગી ઈક્વિટી-સમર્થિત વ્યવસાયો, બહુરાષ્ટ્રીય કોર્પોરેશનો અને સંયુક્ત સાહસોમાં ફેલાયેલી છે. વર્ષોથી, તેમણે કમિન્સ, હનીવેલ અને ઈટન જેવી અગ્રણી વૈવિધ્યસભર ઔદ્યોગિક ટેકનોલોજી કંપનીઓ સાથે વધતી જવાબદારીના હોદ્દા સંભાળ્યા છે, જેમાં તેમણે એશિયા પેસિફિક, મધ્ય પૂર્વ, આફ્રિકા, અમેરિકા અને વૈશ્વિક કામગીરીમાં એક્ઝિક્યુટિવ જવાબદારીઓ સાથે પ્રાદેશિક અને વૈશ્વિક નેતૃત્વની ભૂમિકાઓ સુધી પ્રગતિ કરી છે.


# લેયઝ તેના રૂ.20ના પેકને એક પ્રાઈઝલેસ ફેન એક્સપિરિયન્સમાં બદલાવે છે

(એજન્સી) નવી દિલ્હી | તા.22

લેયઝ®, ભારતમાં સૌથી વધુ પ્રિય પોટેટો ચિપ બ્રાન્ડોમાંની એક, ઘણા સમયથી ખુશી, મસ્તી અને યાદગાર દૈનિક ક્ષણોનો ભાગ બની રહી છે. વર્ષોથી, બ્રાન્ડના ચાહકો તેમની મનપસંદ લેયઝ® માટે કેટલી હદ સુધી જઈ શકે છે તેની ઉજવણી છે, તાજેતરમાં તેના મસ્તીભર્યા 'લેયઝ® કે લિયે કુછ ભી' પ્રપોઝીશન રજૂ કરવામાં આવ્યું છે, જેમાં બ્રાન્ડ એમ્બેસેડર રણબીર કપૂર સામેલ છે. હવે આ ગ્રાહક જોડાણને વધુ એક ડગલું આગળ લઈ જતા, 'લેયઝ® હવે આ પ્રેમને 'લેયઝ® ખેલો, રણબીર સે મિલો' લોન્ચ કરીને એક અવિસ્મરણિય અનુભવમાં બદલી રહ્યું છે. ગ્રાહકોને કેન્દ્રમાં રાખતું આ અભિયાન 'લેયઝ® ખોલો, રણબીર સે મિલો' દરેક લાયકાત ધરાવતા રૂ. 20ના 'લેયઝ® પેકથી એક રોમાંચક ફેન પ્રવાસની શરૂઆત કરે છે, જેમાં કુલ રૂ. 2 કરોડ*ની કિંમતના ઈનામો જીતવાની તક મળે છે, જે અદ્દભુત ફેન એક્સપિરિયન્સ છે – રણબીર કપૂરને મળવાની તક – પણ સામેલ છે. સરળ વોટ્સ એપ આધારિત અનુભવ દ્વારા, ગ્રાહકો લાયકાત ધરાવતા પેક્સ




અપલોડ કરી અને ચકાસીને સ્પર્ધામાં પ્રવેશ મેળવી શકે છે અને આગળ વધતાં મોટા ઈનામો જીતવાની તક મેળવી શકે છે.સ્પર્ધાના છ અઠવાડિયાના સમયગાળામાં આગળ વધતા ફેન્સ માટે ઈનામો વધારે મોટા બને છે. 3 વેરિફાઈડ પેક્સ સાથે, ભાગ લેનારાઓને ગેમિંગ કન્સોલ જીતવાની તક મળે છે; 5 પેક્સ તેમને પ્રીમિયમ સ્માર્ટફોન જીતવાની તક તરફ લઈ જાય છે; 10 પેક્સ સાથે, તેઓ એક સ્વપ્નસમાન આંતરરાષ્ટ્રીય રજા જીતવાની તક મેળવે છે; અને 20 પેક્સ સાથે, ફેન્સને છેલ્લું ઈનામ – રણબીર કપૂરને મળવાની તક – મળી શકે છે.આ પહેલ વિશે જણાવતા, આસ્થા ભસીન, માર્કેટિંગ ડિરેક્ટર - પોટેટો ચિપ્સ કેટેગરી, પેપ્સિકો ઈન્ડિયા, એ કહ્યું, ''લેયઝ® હંમેશા આનંદના પળો સર્જવા માટે જ છે, જેમાં અમારા ગ્રાહકો અમારા દરેક કાર્યનું કેન્દ્રબિંદુ છે. ''લેયઝ® ખોલો, રણબીર સે મિલો' સ્પર્ધા દ્વારા, અમે આ જોડાણને એક પગલું આગળ લઈ જઈ રહ્યા છીએ - એક પેક ખોલવાની સામાન્ય ક્રિયાને કંઈક ખરેખર યાદગાર શરૂઆતમાં ફેરવી રહ્યા છીએ. પોતાના ચહિતા રણબીર કપૂરને મળવાની તક જેવા ઈનામદાયક અનુભવો સાથે, આ અભિયાન અમારા ચાહકો જે બધું પસંદ કરે છે, તે બધું એકસાથે લાવે છે - ઉત્તમ સ્વાદ, આનંદ અને અવિસ્મરણીય પળો. લેયઝ® માટે અમારા ગ્રાહકોના સતત પ્રેમને ઉજવવાનો આ અમારો રસ્તો છે, અને સાથે જ દરેક પેકને કંઈક ખાસ બનાવવાની તક છે.'અભિયાનનું કેન્દ્રસ્થાન તમારી નજીકની કિરાણાની દુકાન છે. ગ્રાહકો એ ભાગ લેતા સ્ટોર્સમાંથી લાયક રૂ.20નું 'લેયઝ® પેક ખરીદી શકે છે, અભિયાનનો ક્યુઆર કોડ સ્કેન કરી શકે છે અથવા ડિજિટલ લિંક પર એક્સેસ કરી શકે છે, 'લેયઝ® વોટ્સઅપમાં એન્ટર કરી શકે છે અને ભાગ લેવા માટે તેમના પેકની ફોટો ખોલી શકે છે. આ સરળ પ્રક્રિયા દ્વારા 'લેયઝ® સમગ્ર દેશની નજીકની દુકાનોમાંથી ગ્રાહકોને અભિયાનની ઉત્સાહ વધારશે.


# મનીવ્યૂ લિમિટેડ : IPO 24 સપ્ટેમ્બર, 2026ને ગુરુવારે ખુલશે



અમદાવાદ : મનીવ્યૂ લિમિટેડ ("કંપની")નો 1ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો IPO (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) ("ઓફર") 24 સપ્ટેમ્બર, 2026ને ગુરુવારે ખુલશે. એન્કર રોકાણકાર બિડિંગની તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના એક દિવસ અગાઉ એટલે કે 23 સપ્ટેમ્બર, 2026ને બુધવાર છે. બિડ/ઓફર 28 સપ્ટેમ્બર, 2026ને સોમવારે બંધ થશે.**UPI મેન્ડેટ એન્ડ ટાઈમ અને તારીખ બિડ/ઓફર બંધ થવાની તારીખે સાંજના 5.00 વાગ્યા સુધી હશે.ઓફરની પ્રાઈસ બેન્ડ 1ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરદીઠ 32થી 34 નક્કી થઈ છે. બિડ લઘુતમ 441 ઈક્વિટી શેર માટે અને પછી 441 ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે, જે દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ 1 છે. ઈનિશિયલ પબ્લિક ઓફરિંગમાં 7,500 મિલિયન સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ અને વિક્રેતા શેરધારકો દ્વારા 100,494,200 સુધી ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફર સામેલ છે વેચાણ માટેની ઓફરમાં પુનિત અગ્રવાલના 13,548,300 ઈક્વિટી શેર, સંજય અગ્રવાલના 13,548,300 ઈક્વિટી શેર, ચિત્રા અગ્રવાલના 1,935,400 ઈક્વિટી શેર ("વ્યક્તિગત વિક્રેતા શેરધારકો") અને Accel ઈન્ડિયા IV (મોરેશિયસ) લિમિટેડના 16,377,500 ઈક્વિટી શેર, ઈન્ટરનેટ ફંડ III પ્રાઈવેટ લિમિટેડના 15,356,000 ઈક્વિટી શેર, Accel ગ્રોથ હોલ્ડિંગ્સ (મોરેશિયસ) લિમિટેડના 8,011,900 ઈક્વિટી શેર, ક્રિમ્સન વિન્ટર લિમિટેડના 10,000,000 ઈક્વિટી શેર, રિબિટ કેપિટલના 11,356,900 ઈક્વિટી શેર, NLI સ્ટ્રેટેજીક વેન્ચર ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડના 4,265,600 ઈક્વિટી શેર, TI JPNIN ઈન્ડિયા હોલ્ડકો, લિમિટેડના 3,745,200 ઈક્વિટી શેર, DI ઈન્વેસ્ટમેન્ટ LLCના 2,349,100 ઈક્વિટી શેર ("રોકાણકાર વિક્રેતા શેરધારકો") સામેલ છે.

# ક્રોમામાં ₹1,24,900*ની પ્રારંભિક કિંમત પર બ્લોકબસ્ટર ઓફરો સાથે iPhone 18 Pro ઉપલબ્ધ

(એજન્સી) નવી દિલ્હી | તા.22

ભારતની અગ્રણી ઓમ્નિ-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર અને ટાટા ગ્રૂપની પ્રસિદ્ધ બ્રાન્ડ ક્રોમાએ આજે તમામ એપલ વોચ અને એરપોડ્સમાં બચત કરવાની સુવિધા સાથે iPhone 18 Proની રેન્જ પર વિવિધ પ્રકારની ઓફર રજૂ કરવાની જાહેરાત કરી હતી. દેશમાં ક્રોમાના તમામ સ્ટોર, croma.com, ટાટા Neu એપ અને બિગ બાસ્કેટમાં ઉપલબ્ધ આ મોબાઈલ ફોન ગ્રાહકો માટે એક્સચેન્જ બેનિફિટ અને HDFC તાતા Neu કાર્ડ પર 10 ટકાની બચત સુધીના કોમ્બિનેશન મારફતે અર્થસભર રીતે બચત અનલોક કરી શકે છે. હવે સંપૂર્ણપણે નવી iPhone 18 સીરિઝ ઉપલબ્ધ થવાની સાથે ક્રોમા જૂનાં iPhone મોડલ પર પણ એના એક્સચેન્જ પ્રોગ્રામનો લાભ આપે છે. ગ્રાહકો તેમના iPhone 15, iPhone 16 અથવા iPhone 17 ડિવાઈઝ પર 30,000*થી વધારેનું એક્સચેન્જ વેલ્યુ પણ ધરાવશે, જેનો આધાર ડિઝાઈનની સ્થિતિ પર છે તેમજ એક્સચેન્જ બોનસ પેટે 12,000* સુધી મળશે. ઈન્ફિનિટી રિટેલ લિમિટેડના પ્રવક્તાએ કહ્યું હતું, "iPhone 18 Pro અને iPhone 18 Pro Max એપલના ઈનોવેશનમાં એક મોટી સફળતા છે. અમને ખુશી છે કે, અમે અમારા ગ્રાહકો માટે એક રોમાંચક અને લાભદાયક ઓફર પ્રસ્તુત કરી છે. એક્સચેન્જ બોનસ અને ટાટા Neu કોઈન્સ સાથે એપલવોચ અને એરપોડ્સ પર શાનદાર ઓફર રજૂ કરીને અમે લેટેસ્ટ ટેકનોલોજી પર અપગ્રેડ કરવાનું અગાઉથી વધારે સરળ બનાવી રહ્યાં છીએ. ક્રોમામાં અમે અમારા સ્ટોર અને ઓનલાઈન પ્લેટફોર્મ પર શ્રેષ્ઠ વેલ્યુ અને શાનદાર ઓમ્નિ-ચેનલ અનુભવ આપવા કટિબદ્ધ છીએ." આ ઓફ અને એપલની સંપૂર્ણ રેન્જ જોવા ગ્રાહક પોતાની નજીકમાં ક્રોમા સ્ટોરની મુલાકાત લઈ શકે છે, Croma.com પર ઓનલાઈન ખરીદી કરી શકે છે અથવા ટાટા Neu એપ જોઈ શકે છે. 200થી વધારે શહેરોમાં 560થી વધારે સ્ટોરની સાથે ક્રોમા ગ્રાહકો માટે લેટેસ્ટ ટેકનોલોજી, ભરોસાપાત્ર સેવા અને ખરીદીનો શાનદાર અનુભવ આપવાનું જાળવી રાખશે.

દંતકથા હવે #DARK અવતારમાં

# પ્રખ્યાત ટાટા સિયેરા હવે આઈકોનિક #DARK એડિશનમાં ઉપલબ્ધ

મુંબઈ : ભારતની અગ્રણી SUV ઉત્પાદક TATA.CARSએ આજે ટાટા સિયેરા ★DARK રજૂ કરવાની જાહેરાત કરી છે, જે ભારતની આઈકોનિક પ્રીમિયમ મિડ-SUVનું એક બોલ્ડ અને વિશિષ્ટ સ્વરૂપ છે. 13.99 લાખ*ની શરૂઆતની કિંમત સાથે સિયેરા ★DARKમાં ખાસ તૈયાર કરાયેલું 'ફિઝિયન બ્લેક' એક્સટીરિયર સાથે પ્રીમિયમ 'વાયોલેટ એક્લિપ્સ' ઈન્ટીરિયર કેબિન થીમ અને વિશિષ્ટ 'પર્પલ ક્રોમ' વિગતોનો સમન્વય સાધવામાં આવ્યો છે. આ સંયોજન સિયેરાની ઓળખ સમાન વિશેષતાઓથી ભરપૂર અને આરામદાયક અનુભવને જાળવી રાખીને એક આકર્ષક અને અજોડ ઓળખ ઊભી કરે છે.ભારતમાં પ્રીમિયમ મિડ-SUV સેગમેન્ટની શરૂઆત કરવામાં સિયેરાની ભૂમિકાને આગળ વધારતા ટાટા સિયેરા ★DARK આ પ્રખ્યાત મોડેલને પહેલાં કરતાં વધુ પ્રીમિયમ, અત્યાધુનિક અને વિશિષ્ટ સ્વરૂપમાં રજૂ કરે છે. સિયેરાની ઓળખ સમાન આઈકોનિક આકાર, પ્રભાવશાળી ઉપસ્થિતિ અને સંપૂર્ણ ફીચર




અનુભવને જાળવી રાખવાની સાથે તે TATA.CARSની લોકપ્રિય ★DARK રેન્જના વારસાને પણ આગળ વધારે છે; આ રેન્જે તેની બોલ્ડ ડિઝાઈન, વિશિષ્ટ લાક્ષણિકતાઓ અને વિશિષ્ટતાને કારણે ગ્રાહકોમાં મજબૂત લોકપ્રિયતા મેળવી છે.ટાટા સિયેરા ★DARKની રજૂઆત અંગે વાત કરતાં ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિ.ના ચીફ કમર્શિયલ ઓફિસર શ્રી વિવેક શ્રીવતસે કહ્યું:

"★DARK રેન્જ અમારા પોર્ટફોલિયોમાં સૌથી વધુ પસંદગીનાં સ્વરૂપોમાંની એક બની ગઈ છે અને તે વિશિષ્ટતા તથા અનોખી ડિઝાઈનને મહત્ત્વ આપતા ગ્રાહકોને ખૂબ જ આકર્ષે છે. ભારતમાં પ્રીમિયમ મિડ-SUV સેગમેન્ટની શરૂઆત કરનાર SUV તરીકે સિયેરા હંમેશાં તેની આઈકોનિક ડિઝાઈન અને પ્રભાવશાળી ઉપસ્થિતિને કારણે અલગ તરી આવી છે.

ભારત રશિયન ઓઇલ ખરીદે છે તેની પાછળ રિફાઇનરીનું અસલી વિજ્ઞાન

# 'ભારત પર ટૅરિફ ઝીંકીને કંઇ નહીં મળે, ઉલટાની આફત થઇ જશે..', ટ્રમ્પને કોણે ચેતવ્યા?

(એજન્સી) નવી દિલ્હી | તા.22

જેપી મોર્ગનના ચેરમેન જેમી ડિમોને અમેરિકાને ભારત પર રશિયન તેલ માટે ટૅરિફ લગાવવા સામે ચેતવણી આપી છે. મુંબઈમાં તેમણે જણાવ્યું કે, આવા પગલાંથી ભારત અને વૈશ્વિક ક્રૂડ બજાર પર ગંભીર અસર થશે. ભારતની રિફાઈનરીઓ ચોક્કસ પ્રકારના ક્રૂડ માટે ડિઝાઈન થયેલી છે, તેથી અન્ય તેલ ખરીદવાથી વૈશ્વિક ભાવ વધશે. તેમણે યુક્રેનને મદદ કરવાની હિમાયત કરી, પરંતુ ભારત સાથે બેસીને રશિયા પર દબાણ લાવવાનો માર્ગ શોધવા જણાવ્યું.

અમેરિકામાં રશિયન ઓઈલ આયાત મુદ્દે ભારત પર 100 ટકા સુધીના ટૅરિફ લગાવવાના બિલ પર ચર્ચા ચાલી રહી છે, ત્યારે વૈશ્વિક નાણાકીય જાયન્ટ જેપી મોર્ગનના ચેરમેન અને સીઈઓ જેમી ડિમોને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લી ચેતવણી આપી છે.



મુંબઈમાં આયોજિત જેપી મોર્ગન ઈન્ડિયા ઈન્વેસ્ટર કોન્ફરન્સ દરમિયાન જેમી ડિમોને સ્પષ્ટપણે જણાવ્યું કે અમેરિકાએ રશિયાના ઓઈલ પર કોઈ પણ નવો ટૅરિફ કે પ્રતિબંધ લાદતાં પહેલાં તેની ભારત અને વૈશ્વિક ક્રૂડ ઓઈલ માર્કેટ પર શું ગંભીર અસર થશે તે સમજવું ખૂબ જરૂરી છે. તેમણે સાફ શબ્દોમાં કહ્યું કે તેઓ રશિયન ઓઈલ પર કોઈપણ પ્રકારનો ટૅરિફ લાદવાના પક્ષમાં બિલકુલ નથી. રશિયા પર દબાણ લાવવાના પ્રયાસમાં અમેરિકાએ એવો માર્ગ ન પકડવો જોઈએ જેનાથી ભારત અને સમગ્ર વિશ્વના ઊર્જા બજારમાં મોટું સંકટ સર્જાય અને ઓઈલ મોંઘા થવાનું બિલ બાકીની દુનિયાએ ચૂકવવું પડે. જેમી ડિમોને આ સમગ્ર ઘટનાક્રમ પાછળનું ટેકનિકલ ગણિત સમજાવતાં જણાવ્યું કે આ મુદ્દો માત્ર ભારત દ્વારા રશિયા પાસેથી સસ્તું ઓઈલ ખરીદવા પૂરતો મર્યાદિત નથી. આ પાછળનું મુખ્ય કારણ રિફાઈનરી માળખું છે. ભારતની ઓઈલ રિફાઈનરીઓ વિવિધ પ્રકારના ક્રૂડ ઓઈલને પ્રોસેસ કરવા મુજબ ખાસ ડિઝાઈન કરવામાં આવેલી હોય છે. દરેક રિફાઈનરી દરેક પ્રકારના કાચા ઓઈલને એકસરખી રીતે રિફાઈન કરી શકતી નથી. જેમી ડિમોને ભારપૂર્વક કહ્યું: "જો ભારત રશિયા પાસેથી આ ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે, તો તેણે જરૂરિયાત પૂરી કરવા બીજે ક્યાંકથી ક્રૂડ ખરીદવું પડશે. પરંતુ બજારમાંથી મળનારું અન્ય ઓઈલ ભારતીય રિફાઈનરીઓ માટે એ જ રીતે અનુકૂળ હોય તે બિલકુલ જરૂરી નથી."આ સંજોગોમાં જો અમેરિકા માત્ર એટલું જ વિચારે કે ભારત રશિયન ઓઈલ લેવાનું બંધ કરી દે, તો મોટો સવાલ ઊભો થશે કે ભારત કયું ઓઈલ ખરીદશે અને તે નવા ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમત કેટલી આસમાને પહોંચશે. જેમી ડિમોને ગ્લોબલ સપ્લાય ચેઈનના ગણિતની સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે જો ભારત રશિયા પાસેથી ક્રૂડ નહીં ખરીદે, તો રશિયન ઓઈલ કાયમ માટે દુનિયામાંથી ગાયબ નહીં થઈ જાય, પરંતુ તે કોઈ અન્ય માર્કેટમાં ડાયવર્ટ થઈ જશે. બીજી તરફ ભારત જેવા વિશાળ ઓઈલ આયાતકાર દેશે પોતાની રિફાઈનરીઓ ચાલુ રાખવા માટે વિશ્વના અન્ય બજારોમાંથી મોટા પાયે ઓઈલ ખરીદવું પડશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 12

# બિહારમાં રાજકીય સમીકરણ બદલાશે

કેન્દ્રમાં મોદી કેબીનેટમાં ફેરફાર પહેલા બિહાર એનડીએમાં ફેરફાર થવાની શક્યતા છે. બિહારમાં સત્તા સમીકરણમાં ફેરફાર થશે. એનડીએમાં સમાનતાની ફોર્મ્યુલા લાગુ કરવા માટે જેડીયુને મોટા હોદ્દા આપવાની તૈયારી થઈ રહી છે. ભાજપે આ માટેની તૈયારી કરી લીધી છે. નિતિશકુમારના રાજીનામા પછી બિહારમાં ભાજપએ ત્રણ સૌથી શક્તિશાળી પોસ્ટ એટલે કે મુખ્યમંત્રી, બિહાર વિધાનસભા સ્પિકર અને બિહાર વિધાન પરીષદના અધ્યક્ષના હોદ્દા પોતાની પાસે રાખ્યા છે. આમાંથી વિધાન પરીષદ અધ્યક્ષનો હોદ્દો નિતિશકુમાર જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે પણ ભાજપ પાસે હતો. હવે આ હોદ્દો જેડીયુને આપવા માટે ભાજપ સંમત થયું છે. બિહારમાં સત્તાનું સમતોલન સરખુ રાખવા ઘણા સમયથી દબાણ હતું. વિધાન પરીષદના અધ્યક્ષની ખુરશી જેડીયુને આપવા માટે ભાજપ રાજી છે. એક અહેવાલ પ્રમાણે ભાજપે અવધેશ નારાયણ સિંહને વિધાન પરીષદના અધ્યક્ષ પદેથી રાજીનામું આપવા કહી દીધું છે.

બિહારને પુર્ણ રાજ્યનો દરજ્જો આપવા તેમજ બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માંગણી માટે આંદોલન કરી રહેલા ચળવળકારી સોનમ વાંગચૂકે પોતાની પદયાત્રા રદ કરી દીધી છે. ૯મી સપ્ટેમ્બરે ગૃહમંત્રાલયની સબ કમીટી સાથેની બેઠકમાં કોઈ પ્રગતિ નહીં થતા લદ્દાખનું પ્રતિનિધિ મંડળ નિરાશ થયું હતું. ત્યાર પછી સોનમ વાંગચૂકે કહ્યું હતું કે, જો સરકાર તરફથી ખાતરી નહીં મળે તો ૧૯થી ૨૩ સપ્ટેમ્બર સુધી પદયાત્રા કાઢવામાં આવશે. જોકે હવે એક નવી પોસ્ટ લખીને સોનમએ સફાઈ આપી છે કે, યાત્રા કાઢવામાં નહીં આવે. આ માટેનું કારણ એમણે એવું આપ્યું છે કે, રાજ્યનું હવામાન બગડી રહ્યું છે. ઠંડી વધવા માંડતા અને રાજકીય બાબતે ગરમી વધુ પકડતા તેઓ પદયાત્રા રદ કરે છે. હવે છ દિવસની પદયાત્રાને બદલે તેઓ ૨૩ તારીખે એક સાંકેતીક પદયાત્રા કરશે.

ઉત્તર પ્રદેશમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાશે. આ માટે ભાજપએ પોતાના સંગઠનમાં ફેરફાર કરીને ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપે પોતાની ટીમના સભ્યોને નવી જવાબદારી સોંપીને જિલ્લા પ્રભારીઓની ઘોષણા કરી છે. બીજેપીના નવા નિમાયેલા પ્રભારીઓના લિસ્ટમાં સૌથી મોટુ નામ રક્ષા મંત્રી રાજનાથ સિંહના પુત્ર અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ નીરજ સિંહનું છે. નીરજ સિંહને ભાજપે રાહુલ ગાંધીના સંસદીય ક્ષેત્ર રાયબરેલીમાં ચૂંટણીની રણનીતિ બનાવવાની તૈયારી સોંપી છે. ભાજપ પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરીએ રાજ્યના વિવિધ ક્ષેત્રોના જિલ્લા પ્રભારીઓની જાહેરાત કરી હતી. આ ફેરફાર પશ્ચિમ યુપી, બ્રજ, કાનપુર, અવધ, કાશી અને ગોરખપુર ક્ષેત્રના તમામ જિલ્લા અને મહાનગરોમાં કરવામાં આવ્યા છે. લખનૌ મહાનગરમાં ત્ર્યમ્બક ત્રિપાઠી, વારાણસી મહાનગર તેમજ જિલ્લા બંનેની કમાન અરૂણ પાઠકને, ગાંઝીયાબાદ મહાનગરમાં અશોક કટારીયા અને નોયડા મહાનગરની જવાબદારી ડી કે શર્માને સોંપવામાં આવી છે.

નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ)ની એક અરજી સાંભળવા માટે સુપ્રિમ કોર્ટ સહમત થઈ છે. આ અરજીમાં દેશભરમાં ઢોર માટે સેલ્ટર હોમ બનાવવાના ચૂકાદાને ચેલેન્જ કરવામાં આવ્યો છે. ઓથોરીટી તરફથી હાજર થયેલા સોલીસીટર જનરલ તુષાર મહેતાએ જસ્ટીસ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્ય બાગચી અને જસ્ટીસ વી મોહનાની બેંચને આગ્રહ કર્યો હતો કે જસ્ટીસ વિક્રમ નાથની સ્પેશ્યલ બેંચે એમને સેલ્ટર બનાવવાની સૂચના આપી હતી. આ સેલ્ટર સ્થાનિક અધિકારીઓએ બનાવવું જોઈએ. એનએચએઆઈને દેશભરમાં રખડતા ઢોરો માટે સેલ્ટર હોમ બનાવવાની સૂચના આપવામાં આવી હતી જેને કારણે ઓથોરીટીને લગભગ ૭ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થઈ શકે. સોલીસીટર જનરલના કહેવા પ્રમાણે આ કામ એનએચએઆઈ આખા દેશમાં કરી શકે એમ નથી.

તામીલનાડુની ટીવીકે સરકારે ચેન્નઈના મરીના બીચ કિનારે ફોરશોર એસ્ટેટમાં નવું સચીવાલય અને વિધાનસભા પરિસર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ બાબતે ડીએમકેના પ્રમુખ એમ કે સ્ટાલીને વિરોધ કર્યો છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી સ્ટાલીને કહ્યું છે કે, ભીડવાળા વિસ્તારમાં નવું સચીવાલય બનાવવાની જરૂર નથી.

# ચાની તાજગી એટલે જય શ્રી અંબે ત્રિશુલીયા ઘાટ સેવા કેન્દ્રની ચા

ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભક્તો મા અંબાના દર્શન માટે અંબાજી ધામે આવી રહ્યા છે, ત્યારે આસ્થાની સાથે સેવાભાવની ભાવના પણ સર્વત્ર જોવા મળી રહી છે. યાત્રાળુઓની સેવા માટે વર્ષોથી અનેક સેવાભાવી સંસ્થાઓ અને મંડળો અવિરતપણે કાર્યરત છે. તેમાં જય શ્રી અંબે ત્રિશુલીયા ઘાટ સેવા કેન્દ્ર, આઈ.ટી.આઈ. સ્ટાફ તથા મિત્ર મંડળ દ્વારા વર્ષ ૧૯૮૫થી માઈભક્તોની કરવામાં આવતી સેવા સેવાભાવની આગવી પરંપરા બની છે.વર્ષ ૧૯૮૫થી શરૂ થયેલી આ સેવાપ્રવૃત્તિ આજે વર્ષો બાદ પણ સતત આગળ વધી રહી છે. આઈ.ટી.આઈ. સ્ટાફ તથા મિત્ર મંડળના સભ્યો દ્વારા અંબાજી તરફ આવતા અને પરત ફરતા માઈભક્તો તથા યાત્રાળુઓને જરૂરી સેવા-સુવિધા મળી રહે તે માટે સેવા કેન્દ્ર ખાતે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વર્ષોથી ચાલતી આ સેવા સાથે જોડાયેલા સેવાભાવી કાર્યકરો પોતાનો સમય અને શ્રમ ફાળવીને માઈભક્તોની નિઃસ્વાર્થ સેવા કરે છે.લાંબી પદયાત્રા કરીને અંબાજી પહોંચતા માઈભક્તો માટે ત્રિશુલીયા ઘાટ ખાતે મળતી આ સેવા થાક અને મુસાફરી વચ્ચે રાહતરૂપ બની રહે છે. ‘જય અંબે’ના જયઘોષ સાથે અંબાજી તરફ આગળ વધતા યાત્રાળુઓને સેવા કેન્દ્ર ખાતે મળતી આત્મીયતા અને સેવાભાવ તેમની યાત્રામાં નવી સ્ફૂર્તિનો સંચાર કરે છે.જય શ્રી અંબે ત્રિશુલીયા ઘાટ સેવા કેન્દ્ર સાથે જોડાયેલા આઈ.ટી.આઈ. સ્ટાફ તથા મિત્ર મંડળના સભ્યો વર્ષોથી સેવાકાર્યમાં જોડાઈને ભક્તિ સાથે માનવસેવાનો સંદેશ આપી રહ્યા છે. પેઢીઓ બદલાઈ હોવા છતાં સેવાની ભાવના અને માઈભક્તો પ્રત્યેનો આત્મીય અભિગમ આજે પણ અકબંધ રહ્યો છે.આ સેવાકીય પ્રવૃત્તિ અંગે સેવા સાથે જોડાયેલા સભ્યો જણાવે છે કે, “મા અંબાના દર્શને આવતા માઈભક્તોની સેવા કરવી એ અમારા માટે માત્ર સેવા નથી, પરંતુ મા અંબાની ભક્તિનું એક માધ્યમ છે. વર્ષ ૧૯૮૫થી શરૂ થયેલી આ સેવાપરંપરા ભવિષ્યમાં પણ સતત જળવાઈ રહે અને વધુને વધુ માઈભક્તોની સેવા કરી શકાય તે અમારો સંકલ્પ છે.”શ્રદ્ધાળુ યોગેશજીએ જણાવ્યું હતું કે, “જય અંબે. હું અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સીમેજ ગામથી આવ્યો છું. ત્રિશૂળિયા ઘાટ ખાતે મળતી ચા ખરેખર ખૂબ જ સરસ અને સ્વાદિષ્ટ છે. અહીં આવો તો આ સેવાકેન્દ્રની ચા જરૂર પીવી જોઈએ. ચા પીવાથી લાંબી યાત્રા દરમિયાન તરત જ તાજગી અને નવી ઊર્જા મળે છે. મા અંબાના આશીર્વાદથી અમારી યાત્રા સફળ અને સુખદ બને તેવી પ્રાર્થના સાથે જય અંબે.”મા અંબે ના પરમ શ્રદ્ધાળુએ જણાવ્યું હતુ કે,અમે સુરત જિલ્લાના અંબિકા તાલુકાના ભોરિયા પાદર ફળિયામાંથી અંબાજી માતાજીના દર્શન માટે આવ્યા છીએ. અહીં આઈ.ટી.આઈ. તરફથી આપવામાં આવતી ચા પીધી, જેનો સ્વાદ એકદમ મસ્ત, કડક અને સરસ છે. ચા પીવાથી મુસાફરીનો થાક પણ ઉતરી જાય છે અને ખૂબ તાજગી અનુભવાય છે. વહીવટી તંત્ર દ્વારા ભક્તો માટે કરવામાં આવેલી આ સુંદર વ્યવસ્થા બદલ અમે ખૂબ આનંદિત છીએ.આમ, ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન અંબાજીની યાત્રામાં જય શ્રી અંબે ત્રિશુલીયા ઘાટ સેવા કેન્દ્ર, આઈ.ટી.આઈ. સ્ટાફ તથા મિત્ર મંડળ દ્વારા વર્ષ ૧૯૮૫થી ચાલી આવતી સેવાપ્રવૃત્તિ માત્ર યાત્રાળુઓને સુવિધા પૂરી પાડતી પ્રવૃત્તિ નથી, પરંતુ વર્ષોથી જીવંત રહેલી શ્રદ્ધા, સેવાભાવ, સમર્પણ અને માનવતાની પરંપરાનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી છે.

# સંખેડા નગરના રાણાવાસ વિસ્તારમાં જલઝીલણી અગિયારસ (પરિવર્તિની એકાદશી) ની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઈ



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા નગરના રાણાવાસ વિસ્તારમાં જલઝીલણી અગિયારસ (પરિવર્તિની એકાદશી) ની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરાઈ. આ પરંપરા છેલ્લા 94 વર્ષથી પણ વધુ સમયથી ચાલી આવે છે.આ દિવસે વિસ્તારની મહિલાઓ એકઠી થઈને ગાજબીજ માતાની સ્થાપના કરે છે. માટીના કળશ ભરીને રાખવામાં આવે છે અને તેની પૂજા કરાય છે.આ પૂજાનું વિશેષ મહત્વ છે. માન્યતા મુજબ જે દંપતીને સંતાન ન થતા હોય, તેઓ અહીં આવીને ગાજબીજ માતાની પૂજા કરે છે અને માનતા માને છે. પૂજા દરમિયાન માતાજીને સોનાના દાગીના પહેરાવાય છે અને દહીંનો પ્રસાદ ધરાવાય છે.આ પૂજામાં રાણાવાસની મોટી સંખ્યામાં મહિલાઓ, યુવતીઓ અને બાળાઓએ ભાગ લીધો. સૌએ હાથ જોડીને ગામની સુખ-શાંતિ માટે પ્રાર્થના કરી.

# નોબલ યુનિવર્સિટી- GUJCOST વચ્ચે MOU, નોબલ યુનિવર્સિટીમાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (IP) સેલની સ્થાપના

નરેન્દ્ર દવે જૂનાગઢ

નોબલ યુનિવર્સિટી, જુનાગઢ ખાતે સંશોધન, નવીનતા અને બૌદ્ધિક સંપદા અધિકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી (આઈપી) સેલની સ્થાપના કરવામાં આવી છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, સંશોધકો અને ફેકલ્ટી



સભ્યોમાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (આઈપીઆર) અંગે જાગૃતિ વધારવા તેમજ નવીન સંશોધન અને પેટન્ટિંગને પ્રોત્સાહન આપવા માટે આઈપી સેલ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નોબલ યુનિવર્સિટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), ગાંધીનગર વચ્ચે થયેલા MOU અંતર્ગત આઈપી સેલની વિવિધ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણ માટે સીડ મની ફાળવવામાં આવી છે. GUJCOST દ્વારા સત્તાવાર પત્ર મારફતે નોબલ યુનિવર્સિટી ના હિતમાં આ નાણાકીય સહાય મંજૂર કરવામાં આવી છે. આઈપી સેલના માધ્યમથી યુનિવર્સિટીમાં પેટન્ટ, કૉપિરાઈટ, ટ્રેડમાર્ક, ડિઝાઈન તેમજ અન્ય બૌદ્ધિક સંપદા અધિકારો અંગે વિવિધ જાગૃતિ કાર્યક્રમો, સેમિનાર, વર્કશોપ, તાલીમ કાર્યક્રમો અને કેપેસિટી બિલ્ડિંગ એક્ટિવિટીઝનું આયોજન કરવામાં આવશે. આઈપી સેલનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સંશોધકોને તેમના નવીન વિચારો, સંશોધન પરિણામો અને ટેક્નોલોજીકલ નવીનતાઓને બૌદ્ધિક સંપદા તરીકે સુરક્ષિત કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવાનો છે. આ ઉપરાંત, સંશોધનમાંથી પેટન્ટ અને અન્ય બૌદ્ધિક સંપદાના સર્જનને પણ પ્રોત્સાહિત કરવામાં આવશે. નોબલ યુનિવર્સિટીના આઈપી સેલ કોઓર્ડિનેટર તરીકે ડૉ. સાવન ટાંક દ્વારા આઈપી સેલની વિવિધ પ્રવૃત્તિઓનું સંકલન કરવામાં આવશે. આઈપી સેલ યુનિવર્સિટીના વિવિધ વિભાગો સાથે સંકલન કરીને આઈપીઆર અંગે જાગૃતિ તેમજ સંશોધન અને નવીનતા આધારિત પ્રવૃત્તિઓને વધુ મજબૂત બનાવશે. GUJCOST દ્વારા આપવામાં આવેલી આ નાણાકીય સહાય નોબલ યુનિવર્સિટી ખાતે રિસર્ચ, ઈનોવેશન અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ માટે મજબૂત ઈકોસિસ્ટમ વિકસાવવામાં મહત્વપૂર્ણ સહયોગરૂપ બનશે. આ પહેલથી વિદ્યાર્થીઓ અને સંશોધકોને પોતાના નવીન વિચારોને પ્રોત્સાહન આપવા તેમજ સંશોધન પરિણામોને પેટન્ટ અને અન્ય બૌદ્ધિક સંપદામાં રૂપાંતરિત કરવા માટે નવી તકો પ્રાપ્ત થશે. નોબલ યુનિવર્સિટી ખાતે આઈપી સેલની સ્થાપના અને GUJCOST ની નાણાકીય સહાય યુનિવર્સિટીની સંશોધન અને નવીનતા આધારિત વિકાસયાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ બની રહેશે. આ સિદ્ધિ બદલ નોબલ યુનિવર્સિટીના પ્રમુખશ્રી ડૉ. નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી.ત્રિવેદી, કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી. પંડ્યા તેમજ કુલપતિ ડૉ.એચ.એન.ખેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. તેમ સંસ્થાના રજિસ્ટ્રાર અને ડીન ડૉ.જય તલાટી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# મફત કાનૂની સહાય માટે પેનલ એડવોકેટની નિમણૂક માટે અરજીઓ મંગાવાઈ

માહીતી બ્યુરો, પાલનપુર | જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, બનાસકાંઠા-પાલનપુર દ્વારા ‘મફત અને સક્ષમ કાનૂની સેવા નિયમો-૨૦૧૦’ તથા નાલ્સાની જોગવાઈઓ અંતર્ગત જરૂરિયાતમંદ અને પાત્ર વ્યક્તિઓને મફત કાનૂની સહાય પૂરી પાડવા માટે ક્રિમિનલ સાઈડના પેનલ એડવોકેટની નિમણૂક કરવા લાયકાત ધરાવતા એડવોકેટ પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. પેનલ એડવોકેટ તરીકે અરજી કરવા ઈચ્છુક એડવોકેટે ક્રિમિનલ સાઈડ એડવોકેટ તરીકે સાત વર્ષ કે તેથી વધુ સમયનો અનુભવ ધરાવતો હોવો જરૂરી છે.પસંદગી પામનાર પેનલ એડવોકેટની નિમણૂક કામગીરી તથા સમયાંતરે થતી સમીક્ષાના આધારે ત્રણ વર્ષ માટે કરવામાં આવશે. નિયુક્ત એડવોકેટને સરકારશ્રી દ્વારા નિયત કરાયેલા ધોરણો મુજબ ફી ચૂકવવામાં આવશે. ઉપરાંત, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા યોજાતી તાલીમ તથા બેઠકોમાં હાજરી આપવી તેમજ સોંપવામાં આવેલા કેસોની વિગતો નાલ્સા પોર્ટલ પર નિયમિત રીતે અપડેટ કરી પખવાડિક પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવાનો રહેશે.ઈચ્છુક અને લાયકાત ધરાવતા એડવોકેટે નિયત નમૂનામાં અરજી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, બનાસકાંઠા-પાલનપુરના અધ્યક્ષશ્રીને કરવાની રહેશે. અરજી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, પાલનપુર ખાતે મળી જાય તે રીતે રજૂ કરવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. અરજીમાં ખોટી વિગતો અથવા કોઈ ક્ષતિ જણાશે તો અરજી રદ કરવામાં આવશે. પેનલ એડવોકેટની પસંદગી પ્રક્રિયા અંગે અધ્યક્ષશ્રીનો નિર્ણય આખરી રહેશે.

# મા અંબાના દર્શન બાદ મોહનથાળનો પ્રસાદ લઈ જવાની પરંપરા, અંબાજીની યાત્રાને બનાવે છે પૂર્ણ

માહિતી બ્યુરો, પાલનપુર | શક્તિ, શ્રદ્ધા અને ભક્તિનું પવિત્ર ધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો એટલે લાખો માઈભક્તો માટે આસ્થાનું મહાપર્વ. મા અંબાના દિવ્ય દર્શન સાથે માતાજીના પ્રસાદરૂપ મોહનથાળનું પણ વિશેષ ધાર્મિક અને ભાવનાત્મક મહત્વ છે. અંબાજીની યાત્રા કરી પરત ફરતો માઈભક્ત પોતાના પરિવાર ઉપરાંત આડોશ-પાડોશ અને સ્વજનો માટે પણ મોહનથાળનો પ્રસાદ લઈ જવાનું ચૂકતો નથી. તેથી અંબાજીની યાત્રામાં દર્શન બાદ મોહનથાળનો પ્રસાદ મેળવવાની પરંપરા વિશેષ સ્થાન ધરાવે છે.ભાદરવી પૂનમના મેળા દરમિયાન દર વર્ષે અંદાજે ૩૫ થી ૪૦ લાખ મોહનથાળ પ્રસાદના પેકેટનું વિતરણ કરવામાં આવે છે. માઈભક્તોની શ્રદ્ધા અને પ્રસાદ પ્રત્યેના ઉત્સાહને ધ્યાનમાં રાખીને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પ્રસાદ વિતરણની સુવ્યવસ્થિત વ્યવસ્થા કરવામાં આવે છે.આ વખતે પણ મેળામાં દૂરદૂરથી આવતા કોઈ માઈભક્ત પ્રસાદથી વંચિત ન રહે અને સૌ સરળતાથી માતાજીનો પ્રસાદ મેળવી શકે તે માટે કુલ ૨૮ પ્રસાદ વિતરણ કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. આ કેન્દ્રો પર માઈભક્તોની સુવિધા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પ્રસાદ વિતરણની કામગીરી કરવામાં આવી રહી



છે.મા અંબાના દર્શન કર્યા બાદ પ્રસાદ મેળવવા માટે માઈભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે. પ્રસાદ વિતરણ કેન્દ્રો પર વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની કતારો જોવા મળે છે. લાંબી યાત્રા કરીને અંબાજી પહોંચેલા ભક્તો માટે મોહનથાળનો પ્રસાદ માત્ર મીઠાઈ નથી, પરંતુ મા અંબાના આશીર્વાદ અને પ્રસાદી સ્વરૂપે ઘરે લઈ જવાની લાગણી સાથે જોડાયેલો પવિત્ર પ્રસાદ છે.અંબાજીની યાત્રા પૂર્ણ કરી પરત ફરતો ભક્ત જ્યારે પરિવારજનો અને પરિચિતો માટે મોહનથાળનું પેકેટ લઈ જાય છે ત્યારે તેની સાથે મા અંબાની ભક્તિ અને આશીર્વાદની લાગણી પણ ઘરે પહોંચે છે. આ કારણે અંબાજીના મોહનથાળ



પ્રસાદની એક આગવી ઓળખ અને શ્રદ્ધા છે.મહામેળાના પ્રસંગે યાત્રાળુ રાજેશજીએ જણાવ્યું હતું કે, હું દાહોદ જિલ્લામાંથી માતાજીના દર્શન કરવા આવ્યો છું. માતાજીના દર્શન કરીને ખૂબ આનંદ અને શાંતિનો અનુભવ થયો. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર્શનાર્થીઓ માટે પ્રસાદીની ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. અમે દર્શન કર્યા બાદ માતાજીની પ્રસાદી લીધી, જે ખૂબ જ સ્વાદિષ્ટ હતી. માતાજીની પ્રસાદીનો પ્રસાદ લઈને અમે ઘરે જઈ પરિવારજનો અને પરિચિતોને પણ પ્રસાદ આપીશું. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી સુંદર વ્યવસ્થા બદલ અમે સૌ આભારી છીએ. યાત્રાળુશ્રી ઉજાશભાઈએ જણાવ્યું હતું કે, અમે ઘોઘાંબા, પંચમહાલ જિલ્લામાંથી માતાજીના દર્શન માટે આવ્યા છીએ. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રસાદીની ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. અમે માતાજીના દર્શન કરી પ્રસાદી લીધી છે અને પ્રસાદી અમારા પરિવારજનો તથા સગા-સંબંધીઓ માટે ઘરે લઈ જઈ રહ્યા છીએ. વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ વ્યવસ્થા ખરેખર પ્રશંસનીય છે. સૌને મારા તરફથી જય અંબે!ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને પ્રસાદ વિતરણ કેન્દ્રો દ્વારા સુગમતાથી પ્રસાદ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મા અંબાના દર્શન, મોહનથાળનો પ્રસાદ અને ‘જય અંબે’ના જયઘોષ સાથે અંબાજીની યાત્રા ભક્તો માટે આસ્થા અને આનંદનો યાદગાર અનુભવ બની રહી છે.

# ડીસાથી અંબાજી ૧૦૦ કિ.મી.ની ‘પ્લાસ્ટિક મુક્ત સાઈકલ યાત્રા’નો પ્રારંભ કરતા મંત્રી શ્રી પ્રવીણભાઈ માળી

માહિતી બ્યુરો, પાલનપુર | રાજ્યના વન અને પર્યાવરણ, વાહનવ્યવહાર અને ક્લાયમેટ ચેન્જ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને ડીસા થી અંબાજી સુધીની આશરે ૧૦૦ કિલોમીટર લાંબી ‘પ્લાસ્ટિક મુક્ત સાઈકલ યાત્રા’નો પ્રારંભ થયો છે. ભાદરવી પૂનમ મહામેળાના પાવન અવસરે મા અંબાના દર્શનાર્થે જતા શ્રદ્ધાળુઓ માટે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાની પ્રેરણા આપવાના શુભ આશય સાથે આ યાત્રાનો ડીસાથી પ્રારંભ થયો છે. જનજાગૃતિના આ અભિયાનનું નેતૃત્વ કરતાં મંત્રીશ્રી પોતે ડીસાથી અંબાજી સુધી ૧૦૦ કિ.મી. સાઈકલ ચલાવીને પ્રદૂષણમુક્ત ‘ગ્રીન મોબિલિટી’ અને ફિટનેસ અંગે સમાજમાં પ્રેરક ઉદાહરણ પૂરું પાડવા યાત્રિકો સાથે જોડાયા છે.સાયકલ યાત્રાના પ્રસ્થાન પ્રસંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, ‘શ્રદ્ધાથી સ્વચ્છતાના સંદેશ સાથે ડીસાના સૌ સાયકલિસ્ટ મિત્રો અને માઈભક્તો મા અંબાના ધામમાં આરાધના કરવા અને આશીર્વાદ મેળવવા નીકળ્યા છે. આપણી ભક્તિ ત્યારે જ સાચા અર્થમાં સાર્થક બને જ્યારે તેમાં સ્વચ્છતા અને પ્રકૃતિ સંરક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારી જોડાય.‘ આ પહેલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘સ્વચ્છ ભારત’ અને ‘ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ’ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના ‘ગ્રીન એન્ડ ક્લીન ગુજરાત’ના સંકલ્પને જમીની સ્તરે સાકાર કરવાની દિશામાં એક સાર્થક કદમ છે.આ સાઈકલ યાત્રા દરમિયાન પ્લાસ્ટિકમુક્તિના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે ડીસાથી અંબાજી માર્ગ પર કાર્યરત વિવિધ સેવા અને ભક્તિ કેમ્પોમાં બાયોડિગ્રેડેબલ થેલીઓનું વિતરણ કરવામાં આવશે. કેમ્પ સંચાલકો તેમજ દર્શનાર્થે જઈ રહેલા પદયાત્રીઓને સિંગલ-યૂઝ પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવા, કચરાનો યોગ્ય નિકાલ કરવા અને ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો અપનાવવા અંગે જાગૃત કરવામાં આવશે, જેથી યાત્રાધામ અંબાજી તરફ જતો સમગ્ર પવિત્ર માર્ગ સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત જળવાઈ રહે.

# સંજેલી તાલુકાના પીછોડા સ્થિત ‘સંસ્કાર અનુદાનિત નિવાસી પ્રાથમિક મજુરી કામ કરાવતી વખતે બાળક ગંભીર રીતે ઘાયલ





દિપક રાવલ દાહોદ લીમખેડા

સંજેલી તાલુકાના પીછોડા સ્થિત ‘સંસ્કાર અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા’ના આચાર્ય હિતેશભાઈ પટેલ અને શિક્ષિકા તેજલબેન રાવત સામે ગંભીર આરોપો સાથે કલેક્ટર ડી.ડી.ઓ. અને સમાજ કલ્યાણ કચેરી દાહોદને લેખિત રજૂઆત કરવામાં આવી છે. વાલી સુરેશભાઈ દિપસિંગભાઈ વાદીના જણાવ્યા અનુસાર, તેમના ત્રણ બાળકો આ શાળામાં અભ્યાસ કરે છે. રક્ષાબંધન તહેવારના બે દિવસ અગાઉ શાળાના આચાર્ય અને શિક્ષિકાએ વિદ્યાર્થીઓ પાસે કચરા-પોતા અને તીક્ષ્ણ પથ્થરો ઉપાડવાનું મજૂરી કામ કરાવ્યું હતું. આ દરમિયાન તીક્ષ્ણ પથ્થર ઊંચકતી વખતે બાળક રાજેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. બાળકને ઈજા પહોંચ્યા હોવા છતાં શાળા સત્તાવાળાઓ દ્વારાવાલીને કોઈ જાણ કરવામાં આવી ન હતી. રક્ષાબંધનની રજાઓમાં બાળકો ઘરે આવ્યા ત્યારે વાલીને ઈજા વિશે ખબર પડી હતી. આ અંગે જ્યારે વાલીએ શાળાના આચાર્યને સવાલ કર્યો, ત્યારે કાળજી લેવાને બદલે આચાર્ય દ્વારા ગાળાગાળી કરી, જ્ઞાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો કહી અને ’શાળામાંથી નામ કાઢીઆપીશું’ તેવી ધમકીઓ આપવામાં આવી હતી. વધુમાં બાળકોને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા પણ ખૂબ જ ખરાબ હોવાનો આક્ષેપ વાલી દ્વારા કરવામાં આવ્યો છે. આ ગંભીર મામલે વાલી દ્વારા કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત, સમાજ કલ્યાણ વિભાગ તેમજ ગાંધીનગર ખાતે લેખિત ફરિયાદો નોંધાવવામાં આવી છે. વાલી મંડળ દ્વારા સમગ્ર ઘટનાની ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસ માટે સ્વતંત્ર અધિકારી/ટીમની નિમણૂક કરવામાં આવે. બાળકોનું તબીબી પરીક્ષણ કરાવી હોસ્પિટલ અહેવાલ મેળવવામાં આવે. પિડિત બાળકોની સુરક્ષા સુનિશ્ચિત કરી કાનૂની રક્ષણાત્મક પગલાં લેવાય. સરકાર અને તંત્ર દ્વારા આ મામલે કડકમાં કડક પગલાં લેવામાં નહિ આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ વાલી દ્વારા આપવામાં આવી છે.

# ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ તરીકે સુરેશભાઈ ચૌધરીની નિમણૂક

**ડાંગ જિલ્લાનાં પૂર્વપટ્ટીનાં ભાજપનાં કદાવર નેતાને જિલ્લા સંગઠનમાં પ્રમુખ તરીકેની જવાબદારી મળતા કાર્યકરોમાં ખુશીનો માહોલ**

સુશીલ પવાર | ડાંગ

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્મા દ્વારા સંગઠનાત્મક જવાબદારીઓ અંતર્ગત ત્રણ જિલ્લાઓ માટે નવા જિલ્લા પ્રમુખોના નામોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ તરીકે સુરેશભાઈ એમ. ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે.ડાંગ જિલ્લાના પૂર્વપટ્ટી વિસ્તાર તથા આહવા તાલુકાના કડમાળ ગામના વતની સુરેશભાઈ એમ. ચૌધરી છેલ્લા 30 વર્ષથી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા રહી પક્ષના સંગઠનને મજબૂત બનાવવા માટે સતત સક્રિય યોગદાન આપી રહ્યા છે.લાંબા સમયથી પક્ષના સંગઠન તથા કાર્યકર્તાઓ સાથે સંકળાયેલા સુરેશભાઈ ચૌધરીને સંગઠનની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવતા ડાંગ જિલ્લાના ભાજપ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો



છે.સુરેશભાઈ ચૌધરી અગાઉ ડાંગ જિલ્લા પંચાયતની સિંચાઈ તથા ખેતીવાડી સમિતિના અધ્યક્ષ, બાંધકામ સમિતિના અધ્યક્ષ તેમજ આહવા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકેની જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે.હાલમાં તેઓ વઘઈ ખેતીવાડી બજાર ઉત્પન્ન સમિતિના ચેરમેન તરીકે પણ કાર્યરત છે.પક્ષના સંગઠનાત્મક કાર્યમાં લાંબા સમયથી સક્રિય રહેલા સુરેશભાઈ એમ. ચૌધરીને ડાંગ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ તરીકે નવી જવાબદારી મળતા જિલ્લાના ભાજપના આગેવાનો, કાર્યકરો તેમજ ડાંગ પૂર્વપટ્ટીના લોકો દ્વારા તેમને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.નવનિયુક્ત જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ સુરેશભાઈ ચૌધરીની આગેવાની હેઠળ ડાંગ જિલ્લામાં પક્ષનું સંગઠન વધુ મજબૂત બને, કાર્યકરોને સાથે રાખીને સંગઠનાત્મક પ્રવૃત્તિઓને વેગ મળે તથા જનસેવાના કાર્યો વધુ અસરકારક રીતે આગળ વધે તેવી શુભેચ્છાઓ આગેવાનો અને કાર્યકરો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ખાંભા જુના માલકનેશમાં જય અંબે યુવા ગ્રુપ દ્વારા ભારતીય સંસ્કૃતિની ઝલક સમાન ગણેશ ઉત્સવ અને રાસ ગરબાનું ભવ્ય આયોજન

રિપોર્ટર કિશોર આર. સોલંકી | ખાંભા, તા. 22/09/2026ખાંભા તાલુકાના જુના માલકનેશ ગામે જય અંબે યુવા ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતીય સંસ્કૃતિને જાળવી રાખવાના ઉમદા હેતુથી ગ્રુપ દ્વારા રાત્રિ રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.આ ઉત્સવમાં દરરોજ ગણપતિ બાપાને પ્રસાદ ધરાવવામાં આવે છે અને રાત્રિના સમયે રાસ ગરબાનું આયોજન થાય છે. ગરબા પૂર્ણ થયા બાદ ગ્રુપ દ્વારા દરેક ખેલૈયાઓ અને ભક્તો માટે નાસ્તાનું કાયમી આયોજન કરવામાં આવે છે, જે ખરેખર પ્રશંસનીય છે. આ રાસ ગરબામાં તમામ સમાજના લોકો એકતા અને સંપથી જોડાઈને રાસની રમઝટ બોલાવતા જોવા મળે છે.આજ રોજ આ ઉત્સવમાં નેશનલ પ્રેસ એસોસિએશનની ટીમે ખાસ હાજરી આપી હતી અને જય અંબે યુવા ગ્રુપના સેવાકીય અને સાંસ્કૃતિક કાર્યને બિરદાવ્યું હતું.

# રાજુલા શહેર માં રહેણાંક વાળા મકાનમાં ધમધમતી શાળા : શિક્ષણ વિભાગની ઘોર નિંદ્રા કે મિલીભગત ? શિક્ષણ અધિનિયમ નિયમોના લીરેલીરા ઉડ્યા

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલાના છતડીયા રોડ પર ભરતનગર વિસ્તારમાં આવેલી ‘સેન્ટ જોસેફ’ સ્કૂલ વિવાદના ઘેરામાં; રમતનું મેદાન તો દૂર, બાળકોને બેસવાની પણ પૂરતી જગ્યા નથી! અરે આ તે કેવી શાળા? જ્યાં સંચાલકો પોતે વસવાટ કરે છે અને ત્યાં જ ધમધમે છે શિક્ષણનું હબ !એક જ છત નીચે સંસાર અને જ્ઞાનમંદિર!’ રહેણાંક મકાનમાં જ સંચાલકોનો વસવાટ અને ત્યાં જ ધમધમે છે આખી સ્કૂલ : અહીં એક જ રહેણાંક મકાનમાં શાળાના સંચાલકો પોતે સપરિવાર વસવાટ પણ કરી રહ્યા છે અને તે જ મકાનમાંથી આખી સ્કૂલનું સંચાલન પણ કરી રહ્યા છે!આ દ્રશ્ય જોઈને સ્થાનિકો પણ આશ્ચર્યમાં મૂકાયા છે. સામાન્ય રીતે જે મકાનમાં ઘરની ચીજવસ્તુઓ અને પારિવારિક માહોલ હોય, ત્યાં જ સવાર પડતાંની સાથે જ ઘંટડીના નાદ સાથે વિદ્યાર્થીઓનો કલરવ ગુંજી ઉઠે છે. એક જ પરિસરમાં ઘરની રસોઈ પણ બનતી હોય અને બાજુના જ રૂમમાં બોર્ડ પર શિક્ષણના પાઠ પણ ભણાવવામાં આવતા હોય, તેવી આ અદ્ભુત અને ચર્ચાસ્પદ વ્યવસ્થા જોઈને લોકો કહી રહ્યા છે કે- ‘આ તો ખરેખર ગજબ વાત કહેવાય!‘આ પ્રકારની કામગીરી પાછળ સંચાલકોની કોઈ મજબૂરી છે કે પછી શિક્ષણ પ્રત્યેનો કોઈ અનોખો અભિગમ, તે તો તપાસનો વિષય બન્યો છે. આજના આધુનિક યુગમાં જ્યાં શાળાઓ માટે મોટા આલીશાન બિલ્ડિંગો અને કરોડોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વાતો થાય છે, ત્યારે એક અત્યંત ચોંકાવનારો અને ગજબ કહી શકાય તેવો કિસ્સો સામે આવ્યો છે. રાજુલા શહેરના છતડીયા રોડ પર આવેલા ભરતનગર વિસ્તારમાં ‘સેન્ટ જોસેફ’ નામની એક ખાનગી શાળા આવેલી છે. અહીં આ શાળા દ્વારા કોઈપણ જાતના ડર વગર એક રહેણાંક (રેસિડેન્શિયલ) મકાનની અંદર ધમધમી રહી છે. છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત આ શાળામાં હાલ ધોરણ ૧ થી ૪ સુધીનું શૈક્ષણિક કાર્ય




ચાલી રહ્યું હોવાની વિગતો સામે આવી છે. પરંતુ ગંભીર બાબત એ છે કે, આ શાળા સરકાર અને શિક્ષણ વિભાગના તમામ નિયમોને નેવે મૂકીને ચલાવવામાં આવી રહી છે. સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ રહેણાંક મકાનમાં ચાલતી સ્કૂલમાં બાળકો માટે પૂરતી સુવિધાઓનો અભાવ છે. મકાનની અંદર બાળકો માંડ-માંડ બેસી શકે એટલી જ સાંકડી જગ્યા છે જેના કારણે નિર્દોષ ભૂલકાઓને ભારે અગવડતાનો સામનો કરવો પડી રહ્યો છે. અને ફી પ્રમાણે પણ બાળકોને યોગ્ય સુવિધાઓ મળતી નથી. આટલું જ નહીં, શાળામાં બાળકોના શારીરિક વિકાસ માટે અનિવાર્ય એવું રમતનું ગ્રાઉન્ડ પણ નથી. માત્ર અને માત્ર ફી વસૂલવાની લોભ-લાલચમાં જ શાળાના સંચાલકોએ આખું શૈક્ષણિક સંકુલ એક સામાન્ય મકાનમાં સમેટી લીધું હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. સરકારના કાયદા મુજબ, કોઈપણ ખાનગી શાળા શરૂ કરવા માટે પ્લે-ગ્રાઉન્ડ, વર્ગખંડોની ચોક્કસ સાઈઝ, ફાયર સેફ્ટી અને વહીવટી તંત્રની મંજૂરી જેવા કડક નિયમોનું પાલન કરવું ફરજિયાત હોય છે. તાજેતરમાં જ આ સ્કૂલ વિવાદમાં આવી હતી, જેમાં પોતાની સ્કૂલમાંથી જ બાળકોના મોંઘા ભાવના પુસ્તકો ખરીદવા વાલીઓને મજબૂર કર્યા હતા. અને સ્કૂલ દ્વારા મોંઘા ભાવથી પુસ્તકોનું વેંચાણ કરવામાં આવતું હતુ જોકે આ બાબતની સ્ટેશનરી ચલાવતા વેપારીઓને જાણ થતા રોષ જોવા મળ્યો હતો. અને બાદમા સ્ટેશનરી એસોશિયન દ્વારા તંત્રને આવેદનપત્ર પાઠવ્યું હતું. અને ત્યારબાદ શિક્ષણ વિભાગે માત્ર કેવા ખાતર નોટિસો આપી હતી. અને કાર્યવાહી કરવામાં શિક્ષણ વિભાગ નિષ્ફળ રહ્યું હતું. સવાલ એ ઊભો થાય છે કે, આ શાળાના સંચાલકોએ કયા આધારે અને કોની મંજૂરીથી રહેણાંક મકાનમાં સ્કૂલ શરૂ કરી દીધી છે.? સૌથી મોટો સવાલ સ્થાનિક શિક્ષણ વિભાગ સામે પણ ઊઠી રહ્યો છે. મહત્વની વાત એ છે કે, અહીં રહેણાંક મકાનમાં શાળા સંચાલકો પોતે વસવાટ કરી રહ્યાં છે અને સ્કૂલ પણ ચલાવી રહ્યા છે. વર્ષોથી આ વિસ્તારમાં આવી ગંભીર બેદરકારીથી સ્કૂલ ચલાવવામાં આવી રહી હોવા છતાંપણ શિક્ષણ વિભાગ ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. શું તંત્રને આટલા વર્ષોમાં મકાનની અંદર ચાલતી સ્કૂલ નજરે ન પડી કે પછી જાણીજોઈને આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે તેવો સવાલ ઉઠ્યો છે. આ બાબત સ્થાનિક લોકોમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. હવે શિક્ષણ વિભાગ ક્યારે જાગશે અને ક્યારે આ શાળાની ઊંડાણપૂર્વક તપાસ કરીને સંચાલકો સામે કડક પગલાં ભરશે તેના પર સૌની નજર મંડાયેલી છે. શું તંત્ર દ્વારા આ સ્કૂલ સામે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવશે કે પછી ભૂલકાઓનું ભવિષ્ય આવા સાંકડા મકાનોમાં જ રૂંધાતું રહેશે તે તો આવનારો સમય જ બતાવશે.

# નખત્રાણા નગરપાલિકાને મળ્યા નવા સારથી : આણંદપર (યક્ષ) ના પનોતા પુત્ર પાર્થ જોષી (રાજગોર) બન્યા ચીફ ઓફિસર

મહેશ એલ. સોની નખત્રાણા

નખત્રાણા નગરના વિકાસના રથને હવે એક તેજસ્વી, અનુભવી અને કર્તવ્યનિષ્ઠ સારથી મળ્યો છે. નખત્રાણા તાલુકાના આણંદપર (યક્ષ) ગામની ધન્ય ધરાના સુપુત્ર અને હાલ ગઢશીશા નિવાસી, શ્રી દિલીપભાઈ એમ. જોષીના તેજસ્વી ચિરંજીવી શ્રી પાર્થકુમાર દિલીપભાઈ રાજગોર (જોષી)ની નખત્રાણા નગરપાલિકાના ચીફ ઓફિસર તરીકે ગૌરવભરી નિમણૂક થતાં સમગ્ર પંથકમાં અને સમસ્ત બ્રહ્મ સમાજમાં હર્ષોલ્લાસની હેલી ચડી છે.આ સમાચાર વાયુવેગે પ્રસરતા જ આણંદપર (યક્ષ) ગામ સહિત સમગ્ર બ્રહ્મ સમાજમાં આનંદની લહેરખી ફરી વળી છે અને ઠેર-ઠેરથી અભિનંદન વર્ષા થઈ રહી છે. ગામના એક સામાન્ય પરિવારમાંથી નીકળીને અસામાન્ય સિદ્ધિ હાંસલ કરનાર પાર્થભાઈએ સમગ્ર સમાજનું મસ્તક ગર્વથી ઉંચું કર્યું છે.શ્રી પાર્થ જોષીની વહીવટી કારકિર્દી કોઈ તપસ્વીની તપસ્યા જેવી ઉજ્જવળ રહી છે. પ્રારંભમાં સોમનાથની પાવન ભૂમિ ખાતે નાયબ મામલતદાર તરીકે સેવારત રહી તેમણે પોતાની કાર્યદક્ષતાનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તેમની કર્મભૂમિ નખત્રાણા બની.



અહીં મધ્યાહ્ન ભોજન શાખામાં નાયબ મામલતદાર તરીકે જોડાયા બાદ, બે માસ સુધી મામલતદારના અતિ મહત્વના પદનો ચાર્જ પણ ખૂબ જ કુશળતા અને નિષ્ઠાપૂર્વક સંભાળી બતાવ્યો હતો. ત્યારબાદ ભુજ કલેક્ટર કચેરી જેવા જિલ્લાના હાર્દ સમા સ્થાને પણ તેમણે પોતાની અદ્ભુત વહીવટી કુશળતાની છાપ છોડી હતી.અને હવે, અનુભવોના અજવાળે ઝળહળતા આવા હીરાને નખત્રાણા નગરપાલિકાના ચીફ ઓફિસર જેવા સર્વોચ્ચ અને જવાબદારી ભર્યા પદ પર બિરાજમાન કરવામાં આવ્યા છે.તેમની સરળતા, સૌમ્યતા, પારદર્શિતા અને વિકાસલક્ષી દ્રષ્ટિને જોતાં નિશ્ચિતપણે કહી શકાય કે નખત્રાણા નગરપાલિકાના વિકાસ કાર્યોને હવે નવી ગતિ, નવી દિશા અને નવો વેગ મળશે. નગરજનોની વર્ષો જૂની સમસ્યાઓનો હવે ત્વરિત નિકાલ આવશે તેવી લોક લાગણી પ્રબળ બની છે.આ ગૌરવવંતી સિદ્ધિ બદલ સમસ્ત બ્રહ્મ સમાજ, આણંદપર (યક્ષ) ગામ, સ્નેહીજનો, મિત્રમંડળ અને શુભચિંતકો દ્વારા શ્રી પાર્થકુમારને હૃદયના ઊંડાણથી અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્ય માટે અંતરની શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

# દેવગઢ બારીઆ તાલુકામાં "સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય) કાર્યક્રમ-૨૦૨૬" યોજાયો

દિપક રાવલ દાહોદ લીમખેડા | ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આયોજિત "સેવા સેતુ ૨.૧ (ગ્રામ્ય) કાર્યક્રમ-૨૦૨૬" અંતર્ગત દેવગઢ બારીઆ તાલુકામાં ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ અને જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સ્થળ પર જ મળી રહે તે હેતુથી કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમ



દરમિયાન વિવિધ વિભાગોના સેવા સ્ટોલ દ્વારા ગ્રામજનોને સરકારી યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પાત્ર લાભાર્થીઓને વિવિધ પ્રમાણપત્રો તથા યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી સેવાઓ અંગે મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો.સદર કેમ્પમાં ડાયાબિટી, બ્લડ પ્રેશરની તપાસણી કરવામાં આવી તથા વિવિધ યોજના અને વિવિધ રોગો વિશે કેમ્પમાં જાણકારી આપી દવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ અને પશુપાલન વિભાગ દ્વારા રસીકરણ કેમ્પ યોજવામા આવ્યો.તેમજ હાજર રહેલ પદાધિકારીશ્રીઓ દ્વારા ગૌ માતા પૂજનનું પૂજન કરી કેમ્પ ખુલ્લો મૂકવામાં આવ્યો.આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી જશોદાબેન રાઠવા, જિલ્લા પંચાયત સદસ્યશ્રી કિરીટભાઈ રાઠવા, તાલુકા પંચાયત સભ્યશ્રી અરુણાબેન નાયક, મામલતદારશ્રી દેવગઢ બારીઆ તેમજ સંબંધિત ગામના સરપંચશ્રી, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 24 વર્ષીય અકબર સોઢાની પહેલની નોંધ; સમસ્ત સમાજના ગ્રામજનોની ઉપસ્થિતિ વચ્ચે એકતા-સંપનો સંદેશ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામે ગરીબ પરિવારોના પ્રશ્નને લઈને ચાલી રહેલી પહેલને લઈને બહુજન આર્મીના સંસ્થાપક



લખન ધુવાએ મુલાકાત લીધી હતી. ગામમાં હાજી આદમભાઈ લુહારના નિવાસસ્થાને 24 વર્ષીય યુવાન અકબર સોઢા સાથે મુલાકાત કરી ગરીબ પરિવારો માટે ચાલી રહેલા પ્રયાસ અંગે ચર્ચા કરી હતી.300 ગરીબ પરિવારોને ઘર મળે તેવા હેતુથી અકબર સોઢા દ્વારા હાથેથી લખેલો બોર્ડ લઈને ગામમાં ફરી લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. યુવાનની આ પહેલને લઈને લખન ધુવાએ તેમની મુલાકાત કરી હતી અને તેમના પ્રયાસ અંગે ચર્ચા કરી હતી.લખન ધુવાએ દેશલપર (ગુંતલી) ગામના સમસ્ત સમાજના ગ્રામજનો સાથે મુલાકાત કરી હતી. આ પ્રસંગે વિવિધ જાતિ-ધર્મના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને મુલાકાતને સાથ-સહકાર તથા હૂંફભર્યો આવકાર મળ્યો હતો. મુલાકાત દરમિયાન લખન ધુવાએ યુવાનો સાથે તેમના હક અને અધિકારો અંગે ચર્ચા કરી જાગૃતિનો સંદેશ આપ્યો હતો. સાથે જ કચ્છની કોમી એકતા અખંડ રહે અને સૌ સમાજ વચ્ચે ભાઈચારો, માન-મોહબ્બત તથા સંપ જળવાઈ રહે તેવો સંદેશ વ્યક્ત કર્યો હતો. દેશલપર (ગુંતલી)ના ગ્રામજનો દ્વારા મળેલા પ્રેમ, સન્માન અને સહકારથી લખન ધુવા પણ ખુશ થયા હતા. ગામની એકતા અને સૌ સમાજની સહભાગિતાએ સમગ્ર કાર્યક્રમને વિશેષ બનાવ્યો હતો.આ પ્રસંગે જુસબભાઈ સોઢાએ દેશલપર (ગુંતલી)ના તમામ ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગામના લોકોએ એકતા અને સંપનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. સૌ ગ્રામજનોએ જે રીતે સાથ-સહકાર અને ઉપસ્થિતિ આપી તે બદલ સમગ્ર જનતાનો આભાર. એકતા જ આપણી શક્તિ છે અને સૌના સહકારથી આજનો પ્રસંગ યાદગાર બન્યો છે.લખન ધુવાની દેશલપર (ગુંતલી) મુલાકાતે ગરીબ પરિવારોના પ્રશ્ન સાથે સામાજિક એકતા, યુવા જાગૃતિ અને ભાઈચારાનો સંદેશ પણ ગામમાં પહોંચાડ્યો હતો.

# શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ ખાતે ઉત્તર ગુજરાત પાટીદાર સ્નેહ મિલન યોજાયું

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

શ્રી લક્ષ્મીનારાયણ સંસ્કાર ધામ ખાતે ઉત્તર ગુજરાત પાટીદાર સ્નેહ મિલન કાર્યક્રમનું ભાવસભર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છ



કડવા પાટીદાર સમાજના અગ્રણીજનો તેમજ ઉત્તર ગુજરાત પાટીદાર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનો અને સભ્યોના મિલનથી કાર્યક્રમમાં આપસી સ્નેહ, સંવાદિતા અને એકતાનો માહોલ જોવા મળ્યો હતો.સ્નેહ મિલન દરમિયાન સમાજના વિકાસ સાથે સંકળાયેલા વિવિધ સામાજિક અને શૈક્ષણિક વિષયો પર વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને શિક્ષણને સમાજની પ્રગતિનું મહત્વનું માધ્યમ ગણાવી નવી પેઢીને અભ્યાસ ક્ષેત્રે સતત આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.આ પ્રસંગે ધોરણ ૯ થી ૧૨માં સારા માર્ક્સ મેળવી ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ તેમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના સન્માનથી ઉપસ્થિત વાલીઓ અને સમાજજનોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. સમાજના આગેવાનો, વિદ્યાર્થીઓ તથા પરિવારજનોની ઉત્સાહભેર ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલ આ સ્નેહ મિલન માત્ર મિલનનો પ્રસંગ નહીં પરંતુ સમાજમાં એકતા, શિક્ષણ અને નવી પેઢીના પ્રોત્સાહનનો સુંદર સંદેશ આપનાર બની રહ્યો હતો.

# માર્ગ અને મકાન વિભાગના વરસાદી પાણીના નાળા પર ફરી દબાણ થતાં લોકોમાં રોષ, નાળું ખુલ્લું કરી દબાણ દૂર કરવાની તંત્ર સમક્ષ માંગ

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા શહેરમાં માર્ગ અને મકાન વિભાગ તથા વહીવટી તંત્ર દ્વારા અગાઉ દૂર કરવામાં આવેલા દબાણો ફરીથી ઊભા કરવામાં આવતાં સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા માર્ગની હદમાં આવેલા દબાણો સામે કાર્યવાહી કરીને રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. જોકે, કાર્યવાહી બાદ ફરીથી કેટલાક સ્થળોએ દબાણ શરૂ કરવામાં આવતાં તંત્રની કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે.મળતી માહિતી મુજબ, માર્ગ અને મકાન વિભાગ હસ્તક આવતા વરસાદી પાણીના નાળા ઉપર ફરીથી દબાણ કરવામાં આવ્યું હોવાની રજૂઆત સામે આવી છે. વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલા નાળાની જગ્યા પર ફરીથી દબાણ થતાં ચોમાસા દરમિયાન પાણીના વહેણને અસર થવાની શક્યતા અંગે સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.લીમખેડામાં અગાઉ માર્ગ અને મકાન વિભાગ તેમજ વહીવટી તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમ દ્વારા ડિમાર્કેશન કરીને રોડની હદમાં આવતા દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સતત કામગીરી બાદ રસ્તાની જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી અને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, હવે ફરીથી દબાણ ઊભું થવાથી અગાઉની કાર્યવાહીનો હેતુ જળવાઈ રહે તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.સ્થાનિકોનું કહેવું છે કે વરસાદી પાણીના નાળા કોઈ વ્યક્તિગત ઉપયોગ માટેની જગ્યા નથી, પરંતુ વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે જરૂરી જાહેર માળખું છે. જો નાળા પર દબાણ



કરવામાં આવે અથવા તેનો માર્ગ અવરોધિત થાય તો ભારે વરસાદ દરમિયાન પાણીના નિકાલમાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. જેના કારણે આસપાસના વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ શકે તેવી ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.દબાણ ફરીથી શરૂ થતાં સ્થાનિકોમાં તંત્રની કામગીરીને લઈને નારાજગી જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે તંત્ર દ્વારા એક વખત દબાણ દૂર કર્યા બાદ ફરીથી તે જ સ્થળે અતિક્રમણ ન થાય તે માટે સતત દેખરેખ જરૂરી છે. દબાણ કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તો જ અગાઉ કરવામાં આવેલી કામગીરીનો હેતુ જળવાઈ શકે તેમ સ્થાનિકો જણાવી રહ્યા છે.સ્થાનિકોએ વહીવટી તંત્ર અને માર્ગ અને મકાન વિભાગ સમક્ષ વરસાદી પાણીના નાળા પર કરવામાં આવેલા દબાણની તાત્કાલિક તપાસ કરવાની માંગ કરી છે. સાથે જ નાળાની હદ નક્કી કરી તેના ઉપર થયેલું દબાણ દૂર કરવામાં આવે અને વરસાદી પાણીના કુદરતી નિકાલનો માર્ગ ખુલ્લો રાખવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.લીમખેડામાં અગાઉ દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન તંત્ર દ્વારા ભારે મહેનત કરવામાં આવી હતી. હવે ફરીથી દબાણ ઊભાં થતાં તંત્ર દ્વારા આ મામલે શું કાર્યવાહી કરવામાં આવે છે તે મહત્વનું બન્યું છે. ખાસ કરીને માર્ગ અને મકાન વિભાગની માલિકી અથવા હસ્તકની જગ્યા પર જો અનધિકૃત દબાણ થયું હોય તો તેની ચકાસણી કરી નિયમ મુજબ પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.હાલ ફરીથી શરૂ થયેલા દબાણને લઈને લીમખેડામાં ચર્ચા તેજ બની છે. સ્થાનિકોની મુખ્ય માંગ છે કે માર્ગ અને મકાન વિભાગ હસ્તકના વરસાદી પાણીના નાળા પર થયેલું દબાણ દૂર કરવામાં આવે અને ભવિષ્યમાં ફરીથી અતિક્રમણ ન થાય તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે. હવે લોકોની રજૂઆત બાદ વહીવટી તંત્ર અને સંબંધિત વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે તેના પર સૌની નજર છે.

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા




સંખેડામાં નવરાત્રીના પાવન પર્વને લઈ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ડી.બી. પારેખ ગ્રાઉન્ડ ખાતે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.આ ગરબા મહોત્સવના શુભારંભરૂપે માતાજીના ધ્વજારોપણનું મુહૂર્ત નક્કી કરાયું છે. તે 23 સપ્ટેમ્બર, 2026, બુધવારના રોજ સાંજે 4:30 વાગે રાખવામાં આવ્યું છે.આયોજકો દ્વારા તમામ ભાવિક ભક્તો, ખેલૈયાઓ અને ગ્રામજનોને ધ્વજારોપણ પ્રસંગે હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શરદભાઈ ગોહીલે સ્પોર્ટ્સ વિષયમાં PHDનો અભ્યાસ કર્યો સંપન્ન- તુરંત નોટીફિકેશન સાથે પ્રોવિઝનલ થયા અર્પણ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સટી,જૂનાગઢ ખાતે ઝુડો અને ટાઈક્વેન્ડો રમતોનાં ખેલાડીઓને તાલીમ થી ખેલાડીઓ અને વિદ્યાર્થી રમતવીરો પર થતી અસરો વિશે ખેલો ઈન્ડીયાનાં ફીટનેશ એસેસમેન્ટ દ્વારા શોધકાર્ય સંપન્ન થયા બાદ યોજાયેલ આખરી વાઈવાવોશ દરમ્યાન સ્પોર્ટ્સમાં પીએચ.ડી અભ્યાસક્રમ નાં વિદ્યાર્થિ શરદભાઈ અરવિંદભાઈ ગોહીલને બાહ્ય નીરીક્ષક અને સ્પોર્ટસ યુનિ. નાં પૂર્વ કુલપતિ પ્રો.અર્જુનસિંહ રાણાની ઉપસ્થિતીમાં શોધપત્ર પ્રસ્તુત શોધપત્ર ગ્રાહ્ય રહેતા યુનિ. નાં કૂલપતિ ડો.પ્રતાપસિંહજી ચૌહાણે તુરંત પ્રોવિઝનલ પ્રમાણપત્ર સાથે નોટીફિકેશન વિદ્યાર્થીને હાથો હાથ અર્પણ કરી ઉજ્જવળ ભાવીની શુભકામનાં પાઠવી હતી. આ તકે પીએચ.ડીની પ્રોવિઝનલ ડીગ્રી હાંસલ કરનાર શરદભાઈ ગોહીલે પોતાનાં માર્ગદર્શક ડો.રેખાબેન કાછડીયાનો આભાર વ્યક્ત કરી યુનિ.નાં શૈક્ષણિક કાર્ય, યુનિ.નાં પીએચ.ડી કોર્ષ સંચાલન કો-ઓર્ડીનેર ડો. ઓમ જોષી, રાહુલ ચૌહાણ, તરલા ચુડાસમા, અને હેતલ કારેથાનો સહિત સ્ટાફની વિદ્યાર્થી કલ્યાણ નીતિઓનાં અમલીકરણ અંગે પ્રતિભાવ વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. માંથી મારી પીએચ.ડીનો અભ્યાસ ફળદાયી રહ્યો છે.

# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સરકારી કચેરીઓને નોટિસ અને સરદાર બાગ વિસ્તારમાં ન્યુસન્સ ચાર્જ વસૂલાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

દૈનિક પત્રમાં પ્રસિદ્ધ થયેલા સ્વચ્છતા અંગેના અહેવાલની ગંભીર નોંધ લઈને મહાનગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કડક પગલાં ભરવામાં આવ્યા છે. આ અંતર્ગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સબ રજીસ્ટારકચેરી, લેન્ડ રેકોર્ડ અને સીટી સર્વે કચેરી,મ્યુઝિયમ હાઉસ,જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરી, મદદનીશ ખેતી નિયામક કચેરી,નાયબ નિયામક કચેરી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સંયુક્ત ખેતી નિયામક કચેરી, PGVCL,ફોરેન્સિક લેબ,જિલ્લા સહાયક નિરીક્ષક, સરદાર બાગ કેન્ટિન જેવી સરકારી કચેરીને જાહેરમાં કચરો ન ફેંકવા તેમજ પોતાના પરિસરમાં સ્વચ્છતા જાળવવા સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત, સરદાર બાગ વિસ્તારમાં તપાસ હાથ ધરીને જાહેરમાં ગંદકી અને ન્યુસન્સ ફેલાવતા દુકાનધારકો તેમજ અન્ય ઈસમો પાસેથી સ્થળ પર જ ન્યુસન્સ ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. વહીવટી તંત્ર દ્વારા વધુમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે સરદાર બાગ કેમ્પસ ની જગ્યા વાસ્તવમાં પી.ડબલ્યુ.ડી. (માર્ગ અને મકાન વિભાગ) હસ્તક આવે છે, તેમ છતાં નાગરિકોની સુવિધા અને આરોગ્યને ધ્યાને રાખી મહાનગરપાલિકા દ્વારા ત્યાં નિયમિતપણે કચરાનું કલેક્શન અને સંપૂર્ણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે છે. મહાનગરપાલિકા શહેરના તમામ વેપારીઓ અને નાગરિકોને જાહેરમાં ગંદકી ન કરવા અને શહેરને સ્વચ્છ રાખવામાં સહયોગ આપવા અપીલ કરે છે, અન્યથા જાહેરમાં કચરો ફેંકનારાઓ સામે આગામી દિવસોમાં પણ આવી દંડાત્મક કાર્યવાહી ચાલુ રહેશે.

# માળિયા હાટીનાના બાબરા ખાતે સ્થળાંતરિત શ્રમિકો માટે આરોગ્ય કેમ્પ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

અન્ય રાજ્ય, જિલ્લા કે પ્રાંતમાંથી રોજગારી અર્થે આવેલા શ્રમિક પરિવારો સુધી પાયાની આરોગ્ય સેવાઓ પહોંચાડવાના ઉમદા આશય સાથે માળીયા હાટીનાના બાબરા ગામે વિશેષ આરોગ્ય કેમ્પ યોજાયો હતો. જેમાં આરોગ્યકર્મીઓએ સ્થળ મુલાકાત લઈ જરૂરી આરોગ્ય સેવાઓ પૂરી પાડી હતી. શ્રમિક વસાહત ખાતે યોજાયેલ આ આરોગ્ય કેમ્પ દરમિયાન ફિલ્ડ ઓ.પી.ડી. દ્વારા શ્રમિકો અને તેમના પરિવારજનોની સ્થળ પર જ શારીરિક તપાસ કરી જરૂરી દવાઓ તથા પ્રાથમિક સારવાર નિઃશુલ્ક આપવામાં આવી હતી. તાવ સર્વેલન્સ અંતર્ગત ઋતુજન્ય તેમજ વાહકજન્ય રોગચાળાના અટકાયતી પગલારૂપે તાવના દર્દીઓનું સ્ક્રિનિંગ કરી લોહીના જરૂરી નમૂના લેવાની કામગીરી પણ કામગીરી કરવામાં આવી હતી. બાળકોમાં રોગ પ્રતિકારક શક્તિ વધારવા અને આંખોના સ્વાસ્થ્ય માટે નિયત વયજૂથના તમામ બાળકોને સ્થળ પર જ વિટામિન 'એ' નો ડોઝ પીવડાવવામાં આવ્યો હતો. સગર્ભા અને ધાત્રી માતા ઓની વિશેષ સંભાળ માટે વસાહતમાં રહેલી સગર્ભા બહેનોની એન્ટે-નેટલ તપાસ (ANC), બ્લડ પ્રેશર તથા હિમોગ્લોબિનની ચકાસણી કરવામાં આવી અને આયર્ન-ફોલિક એસિડ સહિત ની દવાઓ આપવામાં આવી હતી. સાથે જ ધાત્રી માતાઓને પૂરક પોષણ, શિશુ સંભાળ અને સ્તનપાન અંગે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.શ્રમિક પરિવારોમાં પીવાના શુદ્ધ પાણીનો ઉપયોગ, વ્યક્તિગત સ્વચ્છતા અને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા અંગે સરળ સમજ આપવામાં આવી. ઉપરાંત કોઈપણ જરૂરિયાતમંદ પરિવાર આરોગ્ય સેવાઓ થી વંચિત ન રહે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા છેવાડાના શ્રમિકો સુધી પહોંચીને કરવામાં આવેલી આ કામગીરીને સ્થાનિક સ્તરે બિરદાવવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ડાભી તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખોરાસાના મેડિકલ ઓફિસર ડૉ. વાઢેરના સીધા માર્ગદર્શન હેઠળ આરોગ્ય સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી. જેમાં આરોગ્ય વિભાગના સી.એચ.ઓ પિયુષભાઈ, ફિમેલ હેલ્થ વર્કર મોનિકાબેન રામુ, એમ.પી.એચ. ડબલ્યુ મુકેશભાઈ અને આશા બહેનો સહભાગી બન્યા હતા.

# રાજુલા તાલુકા ના કાગવદરગામના નાઘેરા આહિર સમાજના શ્રી ધર્મેશ ભાઈ નાથા ભાઈ લાખણોત્રા દ્વારા પિત્રુ મોક્ષ માટે હરિદ્વાર ખાતે શ્રીમદ્ ભગવદ્ ગીતા સપ્તાહ નું આયોજન

કિશોર આર. સોલંકી જાફરાબાદ

આયોજિત સ્વ. ભીમાભાઈ માણસુરભાઈ વાઘ ખાંભલીયા તેમજ તેમના સવે પિત્રુઓ ના મોક્ષાર્થે ભાગીરથી મા ગંગા ના સાનિધ્યમાં હરિદ્વારની પાવન ભૂમિ પર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન કરેલ છે આ કથા ના યજમાન શ્રી સામતભાઈ વાજસુરભાઈ વાઘ તેમજ ભુપતભાઈ રામભાઈ વાઘ નાથાભાઈ માણસુરભાઈ વાઘ (ખાભલીયા)તેમજ સ્વ ભીમાભાઈ માણસુરભાઈ વાઘ પુત્રી જીવુબેન અરજણભાઈ રામ (ગાઝાવદર) અને સોના બેન નાથાભાઈ લાખણોત્રા ધર્મેશભાઈ નાથાભાઈ લાખણોત્રા( કાગવદર) વાળા તેમજ તેમના સમસ્ત પરિવાર પોતાના પિતૃઓના મોક્ષાર્થે ભાગીરથી માં પાવન ગંગાના કિનારા પર કથાનુ રસ પાન કરી રહ્યા છે અને આ સુંદર મજાની કથા નો પ્રારંભ તારીખ ૨૦/૯/૨૦૨૬ રવીવાર ના રોજ કથા પ્રારંભ વખતે પોથીયાત્ર કરી વાજતે ગાજતે બૈન્ડ બગી રથ સાથે વાજતે ગાજતે સામૈયા કરી દીપપ્રાગટ્ય કરી કથા નો શુભ આરંભ કરવા મા આવેલ કથા દરમ્યાન આવતા દરેક ધાર્મિક ઉત્સવ પણ ધામધુમ થી ઊજવવા મા આવી રહ્યા છે કથા ના મુખ્ય યજમાન શ્રી ધર્મેશભાઈ લાખણોત્રા દ્વારા તેમના સગા સબંધી ને રાજુલા તેમજ રાજુલા ની આજુ બાજુ ના સગા સબંધી આશરે ૧૫૦ ભકતજનો



(બહેનો ભાઈઓ) લઈ ને 2 લક્ઝરી બસ નીકળેલ અને રસ્તા વચ્ચે આવતા દરેક દેવસ્થાન ના દર્શન કરાવ તા કરાવતા હરીદ્વાર ખાતે ભુપત વાલા મા નિજતમપ્રેમ ધામ આશ્રમ મા સાત દિવસ સુધી કથા નુ રસપાન થશે આ કથા ના વક્તા શ્રી આંતરરાષ્ટ્રીય કથાકાર પરમ પૂજ્ય શ્રી સાગરભાઈ શાસ્ત્રીજી ખુબ સુંદર ગામઠી શ્રેણી મા ભાગવતજી ના શ્લોક સાથે નામ સંકીર્તન સાથે રસપાન કરાવી રહ્યા છે શ્રોતા જનો પણ વહેલી સવાર મા ભાગીરથી ગંગા મા સ્નાન કરી સવાર નવ થી બપોર ના ૧/૦૦ વાગ્યા સુધી કથાનુ રસપાન કરી રહ્યા છે કથા વિરામ બાદ સૌ ભકતજનો હરીદ્વાર ની આજુબાજુ આવતા દરેક ધર્મૅસ્થળો દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે આ કથા ના મુખ્ય યજમાન શ્રી સોનાબેન નાથાભાઈ લાખણોત્રા તેમજ ધર્મેશભાઈ લાખણોત્રા દ્વારા આ મહાન પાવન સતકર્મ કરી પુણ્યનુ ભાથુ બાધેલ આ કથા ના શ્રોતાજનો એ પણ આ યજમાન શ્રી નો હૃદય થી આભાર પ્રગટ કરી રહ્યા છે કારણ કે રાજુલા થી આશરે ૧૭૦૦ કી.મી સુધી ના રસ્તા મા આવતા દરેક ધર્મૅસ્થળો ના દર્શનકરાવી રસ્તા ચા નાસ્તો તેમજ મહાપ્રસાદ નુ પણ આયોજન કરવામાં આવેલ કથા સ્થળ પર સુવા બેસવાની સુંદર વ્યસ્થાકરવા માં આવેલ છે આપ લાઈવ નિહાળી શકો છો સાગરભાઈ શાસ્ત્રી યુ ટ્યુબ ચેનલ પર નીહાળી શકશો.

# જૂનાગઢ જિલ્લામાં શાળા કક્ષાના ખેલ મહાકુંભનો તા.૨૩મી સપ્ટેમ્બરથી પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ જિલ્લામાં ખેલ મહાકુંભ-૨૦૨૬નો શાળા કક્ષાએથી તા.૨૩ સપ્ટેમ્બરથી પ્રારંભ થશે. શાળા કક્ષાએ શરૂ થનાર આ રમતોત્સવમાં કબડ્ડી, ખો-ખો, રસ્સાખેંચ, વોલીબોલ અને એથ્લેટિક્સની સ્પર્ધાઓ યોજાશે. ખેલ મહાકુંભના માધ્યમથી તંદુરસ્ત હરીફાઈનું વાતાવરણ ઊભું થાય અને જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સ્કૂલ પ્રવેશ માટે પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ તથા ચોક્કસ રમત પ્રતિભાની પસંદગી થાય તેમજ ખેલકુદના વાતાવરણ નિર્માણ થાય તેવા ઉદ્દેશ્ય સાથે આ રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં દરેક શાળાઓમાં તા.૨૩ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન વિવિધ સ્પર્ધાઓ યોજાશે. સ્પર્ધામાં ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ સ્લીપ અને જન્મ તારીખનો પુરાવો સ્પર્ધા સ્થળે ફરજિયાત રાખવાનો રહેશે. તમામ રમતના ખેલાડીઓએ સમય અને સ્થળ અનુસાર રિપોર્ટિંગ કરવાનું રહેશે અને સ્પર્ધા સ્થળે રમવા આવે ત્યારે ઓનલાઇન રજીસ્ટ્રેશન કરેલ સ્લીપ સાથે લાવીને કન્વીનર કામ ચીફ રેફરીને રજૂ કરવાની રહેશે. ખેલ મહાકુંભ અંતર્ગત યોજાતી તમામ સ્પર્ધામાં માત્ર જન્મ તારીખના આધારે કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકશે. સ્પર્ધાની તારીખ અને સ્થળે ખેલાડી સંસ્થાએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરેલ સ્લીપ તથા આઈડી પ્રૂફ તરીકે આધાર કાર્ડ ફરજિયાત અને શાળા કોલેજોમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ બોનાફાઈટ સર્ટિફિકેટ સાથે લાવવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે, ખેલ મહાકુંભમાં પ્રથમ શાળા કક્ષાએ/ વોર્ડ ગ્રામ્ય કક્ષાએ ત્યારબાદ તાલુકા કક્ષા/ ઝોન કક્ષાએ અને પછી મહાનગરપાલિકા /જિલ્લા કક્ષાએ અને ત્યારબાદ જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષાએ સ્પર્ધાઓ યોજવામાં આવશે જેમાં કુલ ૩૯ રમતો ૭ જેટલા વયજૂથમાં યોજાશે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

# જુનાગઢ મહાનગરપાલિકા હેઠળના તમામ આંગણવાડી કેન્દ્ર પર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી



નરેન્દ્ર દવે જૂનાગઢ

આજ રોજ જુનાગઢ મહાનગરપાલિકા હેઠળના તમામ આંગણવાડી કેન્દ્ર પર બાળ દિવસની ઉજવણી કરવામાં આવી. Cdpo શિલ્પાબેન બાપોદરા અને pse. સેવરા જયાબેન દ્વારા પૂર્વ પ્રાથમિક શિક્ષણનું કીટનું મહત્વ અને આંગણવાડીમાં થીમ મુજબ અપાતું પૂર્વ પ્રાથમિક શિક્ષણ વિશે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. અને દરેક સેજામાં તમામ મુખ્ય સેવિકાશ્રીએ પણ માર્ગદર્શન આપેલ.પૂર્વ પ્રાથમિક શિક્ષણની કીટનું માર્ગદર્શન વાલી મીટીંગ કરી અને વાલીઓને આપવામાં આવેલ.પોષણ માસ અંતર્ગત પોષણ માસની પણ ઉજવણી કરવામાં આવી.

# બટેટા,આલુ કે બટેકા

ઘણા વરસો પહેલા બિહાર માં આર.જે.ડી પાર્ટી નું ચૂંટણી નું સ્લોગન "જબ તક રહેંગા સમોસા મેં આલુ તબ તક રહેંગે બિહાર મેં લાલુ" હતું. રાજકારણ માં લાંબા સમય સુધી એક જ પદ માં સ્થિર રહેવું શક્ય નથી કેમકે રાજકારણ એ ધસમસતા ગાડરિયા પ્રવાહ જેવું છે આજે આ પક્ષ નો સૂરજ ચાંદ ચમકે તો સમય કરવટ લેતા જ હીરો માંથી ઝીરો થઈ જતા વાર લાગતી નથી. કેમ? જો એકએક બટેટા ની કિંમત પાંચ દસ રૂપિયે કિલો માંથી પચાસ રૂપિયે કિલો થઈ જાય તો પછી કઈ પણ ઉથલ પાથલ થઈ શકે. ભારત માં વરસો થી પાર્ટી ગમે તે આવે પણ બટેટા અને ડુંગળી ના ભાવ ખાસ ન વધે એનું ધ્યાન રાખવામાં આવતું હતું. ભારત માં વસ્તા લાખો કરોડો ગરીબ નું રોજ નું સામન્ય ભાણા માં બટેટા ડુંગળી સામેલ હોય છે. ખેર,ભારત વિકાસ ની ગતિ એ દોડવા ભાગવા લાગ્યું છે એટલે સામન્ય જનતા પર ભાવ વધારા નો બોજ આવવાનો.ખેડૂત ને પૂછો કે બટેટા ના ઉત્પાદન માં પહેલા કરતા એવું શું નવું ઉમેર્યું કે એકએક એના ભાવ વધી ગયા.ત્યારે એનો જવાબ બદલ્યું તો કશુંય નથી પણ વધારે પેદાશ માટે ખેતી માં ટેક્નોલોજી નો ઉપયોગ વધ્યો છે.

તમને જાણી ને આશ્ચર્ય થશે કે આપણા બધા ના ફેવરિટ બટેટા નું આગમન ૧૭મી સદીમાં પોર્ટુગીઝો સાથે ભારત માં થયું હતું.પશ્ચિમ ભારત ના દરિયાકાંઠે થી પોર્ટુગીઝ ભારત માં પ્રવેશ્યા ત્યારે એમની સાથે દૈનિક ભોજન ની થાળી માટે બટેટા હતા. આપણા ત્યાં પ્રાચીન સમયમાં કંદ મૂળ સુરણ, શક્કરિયા, અળવી, રતાળુ,બીટ રૂટ વગેરે નો ઉપયોગ ભોજન માં ભરપૂર માત્રામાં થતો હતો પણ બટાટા એમાં સામેલ નહતા. સૌ પ્રથમ પશ્ચિમ ભારત ના દરિયા કાંઠે આવેલા વિસ્તાર માં આવેલા ગોવા વગેરે માં બટેટા નો ઉપયોગ શરૂ થયો હતો. આમ તો બેટાટા નો ઈતિહાસ એ હજારો વર્ષ જૂનો છે દક્ષિણ અમેરિકા ના પેરુ અને બોલિવિયા ની પર્વતમાળા એ બટેટા નું જન્મ સ્થળ છે. દક્ષિણ અમેરિકા પર સ્પેન એ વિજય મેળવી ને સોના ચાંદી સહિત બટેટા ને પણ પોતાની સાથે યુરોપ લઈ આવ્યા હતા. શરૂઆત માં યુરોપ ના લોકો બટેટા ને શંકા ની નજરે "શેતાન નું ફળ" માનતા હતા પરંતુ પાછળ થી યુદ્ધો વગેરે ના સમય ગાળા માં યુરોપિયન લોકો નું મુખ્ય ફૂડ બટેટા બની ગયું હતું. પેરુ ના



- રુપાલી દવે

આદિવાસીઓ અને ઈન્કા સમુદાય ના લોકો બટેટા માંથી ચુણું નામની વાનગી બનાવીને દસ વર્ષ સુધી સાચવી રાખતા હતા.આટલા દૂર થી ભારત માં પ્રવેશ થવો ને એ બાદ નાના બાળકો થી લઈને બુઝુર્ગો ના જીભ માં વસી જવું એ બટેટા ની ગુણવતા અને સ્વાદ નો પરિચય આપે છે.

વર્તમાન સમયમાં ભારતભર માં બટેટા એ શાકભાજી અને કંદ મૂળ માં રાજા નું સ્થાન ધરાવે છે. કઠોળ કે શાક કે ભાજી એ બટેટા વગર બનતા નથી.આજે બાળકો ના જીભ ના ટેરવે બટેટા નો સ્વાદ એવો બેસી ગયો છે ને કે લીલા શાકભાજી તો બિલકુલ ભાવતા જ નથી. થેપલા સાથે બટેટા નું ગ્રેવી વાળું શાક કે સુજીભાજી ગુજરાતી ઓ નું મનપસંદ સમજો.લાંબી મુસાફરી કે પિકનિક ગુજરાતીઓ ના ડબ્બા માં થેપલા અને બટાટા નું શાક તો હશે જ.અરે!!એરપોર્ટ ની અંદર પણ ગુજરાતીઓ ની થેપલા બટેટા શાક મિજબાની નજરે કેદ થઈ જશે. મને ઘણીવાર વિચાર આવે કે એવું તે શું બટાટા માં હશે કે જેથી એના અવિરત સ્વાદ માં નાનું સરખું પણ સમાધાન કરવું ગમતું નથી.



ફાયદાઓ :

૧) બટેટા ની અંદર કુદરતી રીતે કાર્બોહાઈડ્રેટ ભરપૂર માત્રા માં હોય છે જે શરીર ની અંદર ની ઉર્જા નો પ્રવાહ જાળવી રાખે છે.

૨) પોટેશિયમ નું પ્રમાણ બટેટા માં ભરપુર માત્રામાં હોવાના લીધે બ્લડ પ્રેશર ને નિયંત્રણ માં રાખે છે.

૩) ભરપુર ફાઈબર ના લીધે ચયાપચય ની પ્રક્રિયા ઝડપી બનાવે છે જેના કારણે કબજિયાત ની સમસ્યા થતી નથી.

૪) બટેટા માં અતિ આવશ્યક વિટામિન બી ૬ ઉપલબ્ધ હોય છે જે મગજ ના સ્વાસ્થ્ય અને નર્વસ સિસ્ટમ માટે ખુબજ ફાયદાકારક સાબિત થાય છે.

૫) બટેટા ખાધા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી એટલે વજન પર કાબુ મેળવવા માટે ડાયટ માં બટેટા ને સામિલ કરવાથી વજન ઓછું થઈ શકે છે.

ગુજરાત માં બટેટા નું મુખ્ય ઉત્પાદન બનાસકાંઠા જિલ્લામાં થાય છે બનાસકાંઠા નો ડીસા તાલુકો એ બટેટા નગરી તરીકે ઓળખાય છે. નાના મોટા પાયે ખેડા અને વડોદરા માં પણ બટેટા ની ખેતી જોવા મળે છે.

બેટાટા થી બનેલ બધીજ રેસીપીઓનો સ્વાદ ઓડકાર બાદ "વાહ" શબ્દ મોઢાં માંથી અચૂક નીકળે છે.આલુ પરાઠા કે પછી બટેટા પૌવા,ગ્રિલ સેન્ડવિચ કે પછી રગડા પેટિસ ની રંગત,લસણિયા બટેટા કે પછી પાણી પૂરી, બટેટા ની ચિપ્સ ના ભજીયા કે બટેટા વડા,સમોસા વગેરે વગેરે રેસીપી ગણાવું એટલું ઓછું છે. ચાલો આજે તમારા સાથે રૂપાલી સ્પેશિયલ બટેટા વડા ની રેસીપી શેર કરીશ. મારા ઘરે આવનાર મહેમાનો ની પ્રથમ પસંદ મારા હાથ ના બનેલા બટેટા વડા ખાવાની રહેતી હોય છે. મને ખબર નથી કે મારા હાથે બનેલા બટેટા વડા માં શું જાદુ છે કે જેને લીધે મારો પરિવાર અને સગા સબંધીઓ વખાણી વખાણી ને બટેટા વડા નો આનંદ લેતા હોય છે. મને લાગે છે કે કદાચ રસોઈ બનાવતી વખતે મારા આરાધ્ય નું સ્મરણ સ્વાદ માં મૂકું છે એટલે જ બટેટા વડા છપ્પન ભોગ બની જતા હશે.

બટેટા વડા ની રેસિપી :

બટેટા વડા નો માવો :

૧ કિલો બટેટા ને પ્રેશર કુકર માં પાણી સાથે નમક ઉમેરી ને બાફી નાખો. બફાઈ ગયા બાદ બટેટા ને પ્રેશર કુકર માંથી બહાર પ્લેટ પર મૂકી ને થોડી વાર ઠંડા થવા દ્યો. ખરલ માં લીલા મરચા,લીલા ધાણા,લસણ ની સાત આઠ ફોતરા કાઢેલ કળીઓ,નાનો કટકો આદુ નાખી ને દસ્તા વડે એકદમ બારીક પીસી નાખો.ઠંડા થયેલ બધા બટેટા ની છાલ કાઢી ને એને તપેલી માં મૂકી ને હાથ વડે મસળી નાખો. એક દમ સરસ રીતે બટેટા નો માવો મસળીયા બાદ એની અંદર સ્વાદ અનુસાર નમક,એક ચમચી લાલ મરચું અને અડધા લીંબુ નો રસ ઉમેરી ને બધું મિશ્રણ એકસરખું કરો. લાસ્ટ માં ખરલ માં બનાવેલ લીલા મસાલા ને બટેટા ના માવા માં ઉમેરી ને હાથ વડે બધું મિક્સ કરો. તૈયાર બટેટા વડા ના માવા માંથી ગોળ ગોળ લુવા બનાવી ને એને કમ સે કમ પાંચેક મિનિટ ઢાંકી ને રાખો.

બટેટા વડા નું ખીરું :

ચણા ના લોટ ની અંદર સ્વાદ અનુસાર નમક,પાણી,હિંગ અને નાની ચમચી ઈનો ઉમેરીને મિડિયમ મતલબ વધારે પડતું જાડું કે પાતળુ ન થાય એ પ્રકારનું ખીરું બનાવો. પાંચ સાત મિનિટ માં સેટ થયેલ બટેટા વડા ના માવા ના ગોળ ગોળ લુવા ને ચણા ના લોટ ના ખીરું માં બોળી ને તેલ માં તળી લ્યો. આમ તો ગરમા ગરમ સ્વાદિષ્ટ બટેટા વડા સાથે ટમેટા ની કે કોથમીર મરચા દાળિયા ની ચટણી સારી લાગે છે પણ બટેટા વડા ની સુગંધ જ એવી હોય છે ને કે હાથ માં આવતા જ એના સ્વાદમાં ખોવાઈ જવાય છે. પ્લેટ ની અંદર ગરમા ગરમ બટેટા વડા ને ઝીણી સમારેલી ડુંગળી,તળેલા મરચા અને ચટણી સાથે સર્વ કરો.

અંજલી અરોરા હાલમાં ફિલ્મ 'મહાકાવ્ય શ્રી રામાયણ કથા'માં સીતાનું પાત્ર ભજવવાને લઈને ચર્ચામાં છે. ફિલ્મમાં તેના લુક અને પાત્રની પ્રશંસા થઈ રહી છે, તો બીજી તરફ સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ પણ કરવામાં આવી રહ્યાં છે. તેનું કારણ તેની જૂની સોશિયલ મીડિયા છબી, ખાસ કરીને 'કચ્ચા બદામ' ગીત પર વાયરલ થયેલી તેની ડાન્સિંગ રીલ્સ છે. અંજલીએ ટ્રોલિંગ અને પોતાની જૂની છબી વિશે વાત કરી. બીજી તરફ શ્રીરામનું પાત્ર ભજવી રહેલા દેવ શર્માએ કહ્યું કે, કોઈ વ્યક્તિએ કરેલા કામની અસર તેના સમગ્ર જીવન પર પડી શકે છે.

# 'કચ્ચા બદામ ગર્લ' સીતા બનતા હોબાળો

## અંજલી અરોરાએ ટ્રોલર્સને જવાબ આપ્યો, દેવ શર્માએ કહ્યું- 'ટ્રોલિંગની ખૂબ ગંભીર અસર થાય છે'

(એજન્સી) મુંબઈ | તા.22

અંજલી અરોરાએ સોશિયલ મીડિયા પર ડાન્સિંગ રીલ્સથી ઓળખ બનાવી હતી. ખાસ કરીને 'કચ્ચા બાદામ' ગીત પરનો તેનો ડાન્સ વીડિયો ખૂબ વાયરલ થયો હતો. ત્યારબાદ તે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર તરીકે ઓળખાવા લાગી હતી. બાદમાં તેણે રિયાલિટી શો 'લૉક અપ સીઝન 1'માં ભાગ લીધો હતો.

હવે જ્યારે તે 'મહાકાવ્ય શ્રી રામાયણ કથા'માં સીતાનું પાત્ર ભજવી રહી છે, ત્યારે સોશિયલ મીડિયા પર તેની જૂની તસવીરો અને વીડિયોને લઈને પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. કેટલાક લોકો તેની ગ્લેમરસ અને બિન્દાસ સોશિયલ મીડિયા છબીની તુલના સીતાના પાત્ર સાથે કરી રહ્યા છે. આ જ કારણસર તેને ટ્રોલ કરવામાં આવી રહી છે.

ઘણા યુઝર્સે પ્રશ્ન ઉઠાવ્યો કે ડાન્સિંગ અને ગ્લેમરસ છબી માટે જાણીતી અંજલી સીતા જેવા પવિત્ર પાત્રને કેવી રીતે ભજવી શકે. કેટલાક કમેન્ટ્સમાં તેને 'કચ્ચા બાદામ ગર્લ' કહીને ટ્રોલ કરવામાં આવી, તો કેટલાક યુઝર્સે લખ્યું કે, 'સીતાના રોલમાં શૂર્પણખા'.

દેશની રાજધાની નવી દિલ્હીમાં આર્થિક વિકાસ અને માળખાકીય સુવિધાઓના નિર્માણને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અહેવાલ સામે આવ્યો છે, જેમાં આગામી પાંચ વર્ષ દરમિયાન દેશના વિકાસને નવી ગતિ આપવા માટે અકલ્પનીય નાણાકીય ભંડોળની આવશ્યકતા રહેવાની સ્પષ્ટ વાતો કહેવામાં આવી છે. ભારતને આગામી માર્ચ વર્ષ બે હજાર એકત્રીસ સુધીમાં કુલ મળીને આશરે એક સો અઠ્ઠોત્તર લાખ કરોડ રૂપિયા જેટલા વિશાળ રોકાણની સખત જરૂરિયાત ઊભી થવાની છે, જે દેશના ભવિષ્યને સંપૂર્ણપણે બદલી નાખવા માટે પૂરતું સાબિત થશે. આ વ્યાપક આર્થિક સમીક્ષા દરમિયાન એ વાત પણ પ્રકાશમાં આવી છે કે કુલ જરૂરી રોકાણ પૈકી મોટાભાગના પ્રોજેક્ટ્સ હજુ સુધી જમીન પર ઉતરી શક્યા નથી. આશરે એંસી લાખ કરોડ રૂપિયાના નવા પ્રોજેક્ટ્સની જાહેરાત થવાની હજુ પણ બાકી છે, જ્યારે બત્રીસ લાખ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ધરાવતા વિકાસ કાર્યો માત્ર સરકારી મંજૂરીઓની કાગળની કાર્યવાહીમાં જ અટવાઈને રહી ગયા છે. આ ઉપરાંત, આબુ અને અન્ય ક્ષેત્રોના આવીસ લાખ કરોડ રૂપિયાના મહત્વના પ્રોજેક્ટ્સ વિવિધ કારણોસર અધવચ્ચે જ રોકાઈ ગયા છે, જેને કારણે દેશના વિકાસના વ્હીલને ઝડપી બનાવવા માટે સરકારે હવે તાત્કાલિક ધોરણે કડક અને નક્કર પગલાં લેવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

માત્ર આગામી પાંચ વર્ષ જ નહીં, પરંતુ દૂરગામી આયોજન હેઠળ વર્ષ બે હજાર સુંતાળીસ સુધીમાં દેશને કુલ સાતસો સિત્તેર લાખ કરોડ રૂપિયા સુધીના ભારી રોકાણની આવશ્યકતા પડવાની પૂરી સંભાવના છે.

# નશીલા પદાર્થોને 'ના' અને જીવનને 'હા' કહો નશા મુક્ત ભારત અભિયાનનાં છ વર્ષ

આ એક દૃશ્ય ઘણીવાર પુનરાવર્તિત થાય છે–લગભગ દરેક કૉલેજના હોસ્ટેલમાં, દરેક કાર્યાલયની પાર્ટીમાં અને સાથે મોટા થઈ રહેલા મિત્રોના દરેક જૂથમાં. કેટલાક નશીલા પદાર્થો એકબીજા સુધી પહોંચાડવામાં આવે છે. આ દરમિયાન એક વાત ખૂબ સહજતાથી, પરંતુ ભારપૂર્વક કહેવામાં


શ્રી સુધાંશ પંત

આવે છે કે બાકીના બધા પણ તો આવું જ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ના પાડવી એટલે જાણે તમે જૂથના અન્ય સાથીઓથી અલગ પડી રહ્યા હોવ એવું લાગે છે. ત્યારબાદ એક ક્ષણ માટે મૌન છવાઈ જાય છે. અને પછી એક યુવાન પોતાના સાથીઓના જૂથને 'ના' કહેતાં થતી શરમ અને અલગ પડી જવાની બેચેની વચ્ચે ઝડપથી નિર્ણય લઈ લે છે. આ જ એક નિર્ણાયક ક્ષણ હોય છે, કારણ કે વ્યસન હંમેશાં સમજી-વિચારીને લીધેલા નિર્ણયથી લાગતું નથી. ઘણીવાર તેની શરૂઆત પાછળ રહી જવાના ભયથી થાય છે.

### નશીલા પદાર્થોને ના, જીવનને હા

આ શાંત પણ નિર્ણાયક ક્ષણને ધ્યાનમાં રાખીને "નશા મુક્ત ભારત અભિયાન" (NMBA) શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ડ્રગ વ્યસન વિશે જાગૃતિ લાવવાનો છે. પરંતુ તેનો વાસ્તવિક પડકાર સામાજિક રહ્યો છે: ડ્રગ મુક્ત રહેવાના નિર્ણયને સરળ બનાવવા, તે નિર્ણયને વ્યક્ત કરવામાં સરળ બનાવવા અને એકંદરે, સમગ્ર કવાયતને સામાન્ય તરીકે જોવામાં સરળ બનાવવાનો.

### દ્રઢ સંકલ્પ

જ્યારે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ, 2020ના રોજ NMBA શરૂ કર્યું, ત્યારે આ અભિયાને એક વધુ મુશ્કેલ પડકારનો સામનો કરવાનો સંકલ્પ કર્યો. આ મુશ્કેલ પડકાર હતો–નબળી ક્ષણમાં એક વ્યક્તિ દ્વારા પોતાના સાથીઓના જૂથ સામે 'ના' કહેવાની હિંમત કેળવવી. આ દૃષ્ટિએ, આ અભિયાનનો સૌથી અસરકારક શબ્દ કદાચ સૌથી સરળ શબ્દ છે, 'ના!' આ કોઈ નાટકીય 'ના!' નથી. આ કોઈ નૈતિક ઉપદેશ પણ નથી. બસ, જ્યારે તમારી આસપાસના બધા લોકો 'હા' કહી રહ્યા હોય, ત્યારે અચકાયા વિના ના પાડવાનો આત્મવિશ્વાસ છે.

માનનીય પ્રધાનમંત્રીએ કહ્યું છે કે, "વિકાસિત ભારત સંકલ્પ અભિયાન હેઠળ 'નશા મુક્ત યુવા' નામ પોતે જ આ ઠરાવને સ્પષ્ટપણે વ્યક્ત કરે છે. હવે જ્યારે ભારત વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે આપણા યુવાનો શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ, આત્મવિશ્વાસથી ભરેલા અને હંમેશા નશાના ઘાતક વ્યસનથી મુક્ત રહે તે જરૂરી છે. આ આ અભિયાનનો ઉદ્દેશ્ય છે. આપણે બધાએ પ્રતિજ્ઞા લેવી જોઈએ કે આપણા યુવાનો નશાના વ્યસનના જોખમોને સમજે, તેનાથી વાકેફ રહે અને તેનાથી દૂર રહે. 'રાષ્ટ્રીય નશા મુક્ત યુવા અભિયાન' હવે આ પ્રતિજ્ઞાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે."

### NMBA : સહિયારી જવાબદારીનું રાષ્ટ્રવ્યાપી આંદોલન

છ વર્ષ પછી, આ એક પહેલ એક મોટા અભિયાનમાં ફેરવાઈ ગઈ છે. આ અભિયાન પ્રતિજ્ઞા લેવા અને જોડાણ પ્રવૃત્તિઓ દ્વારા 13.71 કરોડથી







વધુ યુવાનો સુધી પહોંચ્યું છે. વિવિધ શાળાઓ, કોલેજો અને સમુદાયોમાં 31 લાખથી વધુ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ હવે શૈક્ષણિક કેમ્પસમાં સ્વેચ્છાએ પ્રતિજ્ઞા લે છે, અને ગ્રામ્ય પરિષદો નિયમિતપણે આ મુદ્દા પર ચર્ચા કરે છે. જ્યારે પહેલા લોકો પરિવારના સભ્યના વ્યસનને છુપાવતા હતા, તેને વ્યક્તિગત શરમ માનતા હતા, ત્યારે હવે 10.65 કરોડથી વધુ મહિલાઓ સ્વ-સહાય જૂથો (SHG) અને સમુદાય નેટવર્ક દ્વારા, તેમના પાડોશીઓ સાથે ખુલ્લેઆમ અને તેમની પોતાની ભાષામાં વાત કરી રહી છે.19 સપ્ટેમ્બર, 2026 સુધીમાં 1.70 લાખથી વધુ નશા મુક્તિ મિત્ર (NMM) સમુદાય-સ્તરના ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યા છે, જે 34.57 કરોડથી વધુ લોકો સુધી આ સંદેશ ફેલાવવામાં મદદ કરી રહ્યા છે. અને આ વલણ ઝડપથી સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યું છે.અહીંથી સામાજિક વર્તણૂક બદલવા માટે એક જન આંદોલન શરૂ થયું. NMBAએ એક વખતના જાગૃતિ અભિયાનોથી આગળ વધીને લોકો સાથે જોડાવા, માહિતી મેળવવા અને સંદેશ ફેલાવવા માટે સતત અનેક માર્ગો બનાવ્યા છે.NMBA પોર્ટલ માહિતી, શૈક્ષણિક સંસાધનો, શ્રેષ્ઠ પ્રથાઓ અને નાગરિકોને અભિયાનમાં જોડાવા માટે તકો એકસાથે લાવે છે.https://www.dosje.gov.in/organisation/nasha-mukt-bharat-abhiyaan

### નશા મુક્ત યુવાનો, નશા મુક્ત ભારત

તાજેતરમાં, માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના માસિક રેડિયો કાર્યક્રમ "મન કી બાત"ના 137મા એપિસોડમાં, "નશા-મુક્ત યુવા, નશા-મુક્ત ભારત" ના ધ્યેયને પુનરાવર્તિત કરીને આ મોટા મિશનને આગળ ધપાવ્યું. તેમની અપીલ એટલા માટે ખાસ હતી કારણ કે તેમાં ફક્ત સંસ્થાઓ અને સરકારી એજન્સીઓ જ નહીં, પરંતુ યુવા સંગીતકારો, વિદ્યાર્થીઓ અને નાટ્ય જૂથો પણ શામેલ હતા. એવું માનીને કરવામાં આવ્યું હતું કે સંદેશા સૌથી વધુ અસરકારક હોય છે જ્યારે યુવાનોને પહેલાથી જ વિશ્વાસ હોય તેવા લોકોના અવાજો દ્વારા પહોંચાડવામાં આવે છે.

ખરેખર, છેલ્લા છ વર્ષોમાં NMBAએ શાંતિથી માત્ર નશાબંધીની દિવાલ જ ઊભી નથી કરી, પરંતુ એક વૈકલ્પિક જગ્યા પણ બનાવી છે જે પોતાનાપણાની ભાવના પ્રદાન કરે છે. આ જગ્યા હવે દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં શાળાઓ, કોલેજો, પંચાયતી રાજ સંસ્થાઓ, આશા અને આંગણવાડી નેટવર્ક અને હજારો સમુદાય સંગઠનોનો સમાવેશ કરવા માટે વિસ્તૃત થઈ છે, અને દરેક જગ્યાએ લોકો પોતાના શબ્દોમાં આ પ્રતિજ્ઞા લઈ રહ્યા છે.

### જાગૃતિથી નિરાકરણ સુધી

આ સ્તરની ચળવળ લાંબા સમય સુધી આંકડા સુધી મર્યાદિત રહેતી નથી. તે ઘરો, વર્ગખંડો અને સમુદાયોમાં વાતચીતનો ભાગ બને છે, નશીલા પદાર્થના સેવનનો મુદ્દો ખુલ્લેઆમ સામે આવે છે અને કટોકટીના સમયે તેનું નિવારણ ફક્ત ચર્ચા કરવાને બદલે સામૂહિક જવાબદારી બની જાય છે.પરંતુ આવી જાગૃતિ ફક્ત શરૂઆત છે. જેઓ પોતાના માટે અથવા તેમના નજીકના કોઈ માટે મદદ માંગતા હોય, તેમના મનમાં આગળનો પ્રશ્ન એ આવે છે કે ક્યાં જવું? NMBAએ આ પગલાંને પણ સરળ બનાવવાનો પ્રયાસ કર્યો છે.રાષ્ટ્રીય વ્યસન મુક્તિ હેલ્પલાઈન, 14446, માહિતી, માર્ગદર્શન અને યોગ્ય વ્યસન મુક્તિ સેવાઓ સાથે જોડાણ પૂરું પાડે છે. તે ચિંતાના એક ક્ષણને પુનઃપ્રાપ્તિ તરફના પ્રથમ પગલામાં ફેરવવામાં મદદ કરે છે.મિત્રના આગ્રહ અને પોતાની તાકીદ વચ્ચે નિર્ણય લેતી વખતે જેમણે ક્યારેય ખચકાટનો અનુભવ કર્યો હોય, તેમને NMBAની યાત્રા ખાતરી આપે છે કે તેઓ એકલા નથી.

### ભારતની આશાની કિરણ – યુવાનોની સુરક્ષા માટે એકજૂથ

નાગરિકો પાસે હવે "ડ્રગ ડિ-એડિકશન ફ્રેન્ડ્સ" તરીકે આ મિશનને આગળ વધારવાની તક છે. તેઓ આ વાતચીતને ફક્ત એક ઝુંબેશથી આગળ લઈ જઈ શકે છે પરંતુ તે જગ્યાઓમાં લઈ જઈ શકે છે જ્યાં રોજિંદા નિર્ણયો લેવામાં આવે છે.કારણ કે કાયમી પરિવર્તન ભાગ્યે જ કોઈ એક અભિયાન, એક જ સંગઠન અથવા એક જ ક્ષણથી આવે છે. પરિવર્તન ત્યારે જ ટકાઉ બને છે જ્યારે જાગૃતિ રોજિંદા વાતચીતનો ભાગ બને છે, વાતચીત સામૂહિક સંકલ્પમાં ફેરવાય છે, અને તે સંકલ્પ રોજિંદા જીવનનો ભાગ બને છે.આ 'નશા મુક્ત ભારત અભિયાન' ની સંભાવના અને પરિણામ છે. આ ડ્રગના દુરુપયોગ સામેનું એક અભિયાન છે જેની સાથે સમગ્ર દેશ એકજૂથ થઈને ઊભો છે.ચાલો આપણે ભારતની આશાના કિરણ - આપણા યુવાનો - ને સુરક્ષિત રાખવા માટે સાથે મળીને કામ કરીએ.

(લેખક ભારત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયના સચિવ છે)

## બિહારમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે રાજકોટ ડિવિઝનની બે ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે




બિહાર | પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર ડિવિઝન અને સોનપુર ડિવિઝન હેઠળ આવતા રાજેન્દ્ર પુલ, હાથીદહ જંક્શન અપર, ટાલ, રામપુર ડુમરા તેમજ દિનકર ગ્રામ સિમરિયા સ્ટેશનો પર પ્રી-નોન ઈન્ટરલોકિંગ અને નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના લીધે કેટલીક ટ્રેનોનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:1) ટ્રેન નંબર 15667 - ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસ : 26 સપ્ટેમ્બર, 2026 ના રોજ ગાંધીધામથી ઉપડનારી ટ્રેન નંબર 15667 ગાંધીધામ-કામાખ્યા એક્સપ્રેસનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેન વારાણસી જંક્શન-છપરા-શાહપુર પટોરી-બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડવાના કારણે પટના જંક્શન પર આ ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહીં.2) ટ્રેન નંબર 15635 - ઓખા-ગુવાહાટી એક્સપ્રેસ : 25 સપ્ટેમ્બર અને 2 ઓક્ટોબર, 2026 ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર 15635 ઓખા-ગુવાહાટી એક્સપ્રેસનું સંચાલન ડાયવર્ટ કરેલા રૂટ પર કરવામાં આવશે. આ ટ્રેન વારાણસી જંક્શન-છપરા-શાહપુર પટોરી-બરૌની થઈને ડાયવર્ટ કરેલા રૂટ પર દોડશે. ડાયવર્ટ કરેલા રૂટ પર દોડવાના કારણે પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, પટના જંક્શન, બખ્તિયારપુર જંક્શન અને મોકામા જંક્શન પર આ ટ્રેનનું સ્ટોપેજ રહેશે નહીં.રેલ મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ મુસાફરી કરતાં પહેલાં પોતાની ટ્રેનના સંચાલન, રૂટ અને સ્ટોપેજ સંબંધિત અદ્યતન માહિતી નેશનલ ટ્રેન ઈન્ક્વાયરી સિસ્ટમ (NTES) પર અવશ્ય ચકાસી લે.

## બંગાળની ખાડીમાં લૉ પ્રેશર ઝોન વાવાઝોડામાં ફેરવાશે તો 8 રાજ્યોમાં થશે તોફાની વરસાદ



(એજન્સી) બંગાળ | તા.22

બંગાળની ખાડીમાં સર્જાયેલું લૉ પ્રેશર ઝોન હવે 'અર્નબ' ચક્રવાતી તોફાનમાં ફેરવાઈ શકે છે. 23 સપ્ટેમ્બરે આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે ત્રાટકવાની શક્યતા છે. આ તોફાનને કારણે 8 રાજ્યોમાં 27 સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની આગાહી છે. ઉત્તર આંધ્રપ્રદેશ, દક્ષિણ ઓડિશા, તેલંગાણા, UP, બિહાર, છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં જળબંબાકારનો ભય છે બંગાળની ખાડીમાં સર્જાયેલું લૉ પ્રેશર ઝોન હવે વધુ મજબૂત બનીને ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. જો આ સિસ્ટમ વધુ ગંભીર રૂપ ધારણ કરશે તો તેને આ વર્ષના પ્રથમ ચક્રવાતી તોફાન 'અર્નબ' તરીકે ઓળખવામાં આવશે. હવામાન વિભાગ અને સ્કાઈમેટના પૂર્વાનુમાન મુજબ, આ સંભવિત તોફાન અને હવામાન પ્રણાલીને કારણે દેશના આશરે 8 રાજ્યોમાં 27 સપ્ટેમ્બર સુધી ભારેથી અતિભારે વરસાદની આશંકા વ્યક્ત કરવામાં આવી છે.હવામાન સંસ્થા સ્કાઈમેટના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં બનેલું નિમ્ન દબાણનું ક્ષેત્ર હવે મધ્ય-પશ્ચિમ બંગાળની ખાડી તરફ પહોંચી ગયું છે. મંગળવારે આ સિસ્ટમ દબાણમાં અને 23 સપ્ટેમ્બર (બુધવાર) સુધીમાં 'ડીપ ડિપ્રેસન' એટલે કે ગંભીર દબાણના ક્ષેત્રમાં ફેરવાઈ શકે છે. બુધવારે જ આ સિસ્ટમ ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે લેન્ડફોલ કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.આ વાવાઝોડાની સૌથી વધુ સીધી અસર ઉત્તર આંધ્રપ્રદેશ, દક્ષિણ ઓડિશા અને તેલંગાણામાં જોવા મળી શકે છે. આ વિસ્તારોમાં મંગળવારથી જ વાદળછાયું વાતાવરણ અને ભારે વરસાદ શરૂ થઈ ગયો છે. 27 સપ્ટેમ્બર સુધી આ રાજ્યોના નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદને કારણે જળબંબાકાર અને પૂર જેવી સ્થિતિ સર્જાવાની ચેતવણી આપવામાં આવી છે. માત્ર તટીય રાજ્યો જ નહીં, પરંતુ આ સિસ્ટમની વ્યાપક અસરને કારણે પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, મધ્યપ્રદેશના પૂર્વ ભાગો અને મહારાષ્ટ્રના વિદર્ભ વિસ્તારમાં પણ મુસળધાર વરસાદ પડી શકે છે.

## NFR એ બધા સ્ટેશનો અને રેલ્વે પરિસરમાં સલામત અને સ્વચ્છ પીવાનું પાણી સુનિશ્ચિત કરવા માટે ઝુંબેશને વધુ તીવ્ર બનાવી

માલીગાંવ | મુસાફરો અને સ્ટાફના સ્વાસ્થ્ય, સલામતી અને સુખાકારીને પ્રાથમિકતા આપતા, નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે (NFR) એ તેના સ્ટેશનો અને રેલ્વે પરિસરમાં પાણીની ગુણવત્તાની કડક દેખરેખ માટે એક ઝુંબેશ શરૂ કરી છે. આ ચાલુ પહેલના ભાગ રૂપે, મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાતા વિસ્તારોમાંથી પીવાના પાણીના નમૂના એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને સ્થાપિત સલામતી ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે વ્યવસ્થિત ભૌતિક, રાસાયણિક અને બેક્ટેરિયોલોજીકલ પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ પહેલ હેઠળ, 21 સપ્ટેમ્બર, 2026 ના રોજ ગુવાહાટી અને કામાખ્યા સ્ટેશનો પર પાણીના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા અને તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય ભૌતિક અને રાસાયણિક પરિમાણોને આવરી લેવામાં આવ્યા હતા.21 સપ્ટેમ્બર, 2026 ના રોજ હાથ ધરવામાં આવેલા ઝુંબેશ દરમિયાન, ગુવાહાટી સ્ટેશનના વેઈટિંગ હોલમાંથી એકત્રિત કરાયેલા પાણીના નમૂનાનું pH, ટર્બિડિટી, કુલ કઠિનતા, નાઈટ્રેટ, આયર્ન, અવશેષ મુક્ત ક્લોરિન, ક્લોરાઈડ, ક્ષારતા, ફ્લોરાઈડ અને કેલ્શિયમ માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. દરેક પરિમાણ આરોગ્ય સલામતી માટે મહત્વપૂર્ણ છે: pH રાસાયણિક સંતુલન અને સ્વીકાર્યતા દર્શાવે છે; પાણીમાં ઓગળેલી અશુદ્ધિઓ ટર્બિડિટી દર્શાવે છે; કઠિનતા અને કેલ્શિયમ ખનિજ સામગ્રી દર્શાવે છે; હાનિકારક અસરો અને આરોગ્ય જોખમોને રોકવા માટે મુખ્યત્વે નાઈટ્રેટ અને આયર્ન સ્તરનું નિરીક્ષણ કરવામાં આવે છે; અને ક્લોરાઈડ અને ક્ષારત્વ



સ્વાદ અને પાણીની સ્થિરતાને પ્રભાવિત કરે છે. નિર્ધારિત મર્યાદામાં ફ્લોરાઈડનું સ્તર દાંતના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે, જ્યારે શેષ મુક્ત ક્લોરિનની યોગ્ય માત્રા પાણીજન્ય ચેપ સામે અસરકારક જીવાણુ નાશકક્રિયાની પુષ્ટિ કરે છે. નમૂનાઓ માટેના પરીક્ષણ પરિણામો નિર્ધારિત મર્યાદામાં હોવાનું જાણવા મળ્યું.કામખ્યા સ્ટેશન પર, ફિલ્ટર કરેલા પાણીના બે નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું: એક પ્લેટફોર્મ નંબર 1 પર વેટ નંબર 3 માંથી, અને બીજો પ્લેટફોર્મ નંબર 2 અને 3 ને સેવા આપતા વેટ નંબર 2 માંથી. ગુવાહાટી સ્ટેશન પર પરીક્ષણ દરમિયાન લાગુ કરાયેલા સમાન ધોરણોના આધારે આ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ ભૌતિક-રાસાયણિક પરિણામો સંબંધિત અહેવાલોમાં ઉલ્લેખિત મર્યાદામાં આવ્યા. માઈક્રોબાયલ દૂષણ શોધવા અને પાણીજન્ય રોગો સામે સલામતીનું મૂલ્યાંકન કરવા માટે બેક્ટેરિયોલોજિકલ પરીક્ષણો પણ હાથ ધરવામાં આવ્યા હતા. NFR પાણીની ટાંકીઓની નિયમિત સફાઈ અને વોટર કૂલર, પાઈપલાઈન્સ, નળ અને અન્ય પાણી પુરવઠા માળખાની જાળવણી પણ કરે છે; જ્યાં પણ કોઈ ખામીઓ જોવા મળે છે ત્યાં તાત્કાલિક સુધારાત્મક પગલાં લેવામાં આવે છે.મુસાફરોની સુરક્ષા અને સુવિધા પર ધ્યાન કેન્દ્રિત કરીને, NFR સાવચેતીના પગલાં રૂપે નિયમિતપણે પાણીના નમૂના એકત્રિત કરે છે, પ્રયોગશાળામાં પરીક્ષણો કરે છે અને પાણીમાં રહેલા ક્લોરિનના સ્તર (residual chlorine levels) પર દેખરેખ રાખે છે. આ સઘન ઝુંબેશો સમસ્યાઓની સમયસર ઓળખ અને ત્વરિત સુધારાત્મક પગલાં લેવામાં મદદરૂપ થાય છે, જેનાથી તેના સમગ્ર નેટવર્ક પર સ્વચ્છ, આરોગ્યપ્રદ અને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવાની NFRની પ્રતિબદ્ધતા વધુ દ્રઢ બને છે.

## ભાજપ સાથે મોટો દાવ, તમામ કાઉન્સિલરે ક્રોસ વોટિંગ કરતાં '0' વોટ મળ્યા, ક્ષોભજનક સ્થિતિ સર્જાઈ

(એજન્સી) નાગોર | તા.22

રાજસ્થાનના નાગોર જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીને એક મોટી અને શરમજનક હારનો સામનો કરવો પડ્યો છે. પાર્ટીના તમામ કાઉન્સિલરએ ક્રોસ વોટિંગ કરતાં ચેરમેન પદના ઉમેદવારને એક પણ મત મળ્યો નહોતો. જેના કારણે શિસ્તબદ્ધ ગણાતી પાર્ટી ખુબ જ ક્ષોભજનક સ્થિતિમાં મૂકાઇ હતી.ભૌગોલિક નકશા તપાસોરાજસ્થાનના અજમેર અને પાલી કોર્પોરેશનમાં ભાજપ દ્વારા સરકાર બનાવવાની ખબરો સામે આવી હતી, પરંતુ જયપુરથી આશરે 250 કિલોમીટર દૂર આવેલા નાગોરની મુંડવા નગરપાલિકામાં સ્થિતિ એકદમ વિપરીત રહી હતી. જિલ્લાની મુંડવા નગરપાલિકામાં સૌથી મોટો પક્ષ હોવા છતાં ભાજપ માત્ર પોતાનો ચેરમેન બનાવવામાં જ નિષ્ફળ ન રહી, પરંતુ શરમજનક સ્થિતિનો પણ સામનો કરવો પડ્યો. અહીં ભાજપના તમામ કાઉન્સિલરએ ક્રોસ વોટિંગ કર્યું હતું અને ભગવા દળના ચેરમેન પદના ઉમેદવારને એક પણ મત પ્રાપ્ત થયો નહોતો.મુંડવા નગરપાલિકામાં ચેરમેન પદ માટે યોજાયેલા મતદાનમાં કોંગ્રેસ અને હનુમાન બેનીવાલની રાષ્ટ્રીય લોતાંત્રિક પાર્ટી(આરએલપી)એ બાજી મારી લીધી હતી. કુલ 25 બેઠકોવાળી આ નગરપાલિકામાં



ભાજપ શૂન્ય પર સિમીત રહી ગઈ અને કોંગ્રેસ-આરએલપી ગઠબંધનને એક જ મતથી વિજય પ્રાપ્ત થયો હતો. કોંગ્રેસ અને આરએલપીના સંયુક્ત ઉમેદવાર અલકા દેવી કંડોઈને 13 મત મળ્યા અને તેઓ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા. બીજી તરફ, અપક્ષ ઉમેદવાર ઘનશ્યામ સદાવાત માત્ર એક મતથી હારી ગયા, જેમને કુલ 12 કાઉન્સિલરના મત મળ્યા હતા. ભાજપમાંથી ટિકિટ ન મળતાં બળવો કરનાર સદાવાતે અપક્ષ ચૂંટણી લડી હતી. મુંડવા નગરપાલિકામાં કુલ 25 વૉર્ડ આવેલા છે, જેમાં ચૂંટણી દરમિયાન ભાજપે સૌથી વધુ 10 વૉર્ડ પર વિજય મેળવ્યો હતો. જ્યારે આરએલપીને 7, કોંગ્રેસને 3 અને અપક્ષોને 5 બેઠકો મળી હતી. કોંગ્રેસ અને આરએલપીએ હાથ મિલાવીને અલકા દેવીને પોતાના સંયુક્ત ઉમેદવાર બનાવ્યા હતા. ગઠબંધન પાસે કુલ 10 મત હોવા છતાં અલકા દેવીને 13 મત મળ્યા, જેનો અર્થ સ્પષ્ટ છે કે અપક્ષ અથવા ભાજપના કેટલાક કાઉન્સિલરએ પણ તેમને મત આપ્યા હતા. ભાજપે ગીતા દેવીને મેદાનમાં ઉતાર્યા હતા.

## ખાનગી યુનિવર્સિટીઓ સામે સુપ્રીમ કોર્ટની લાલ આંખ, નાણાકીય વ્યવહારોનો સંપૂર્ણ હિસાબ જાહેર કરવા નિર્દેશ

(એજન્સી) નવી દિલ્હી | સુપ્રીમ કોર્ટે દેશભરની ખાનગી યુનિવર્સિટીઓને નફાખોરી સામે કડક નિર્દેશ આપ્યા છે. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ એન.વી. અંજારિયાની ખંડપીઠે યુનિવર્સિટીઓને છેલ્લા 5 વર્ષના ઓડિટેડ નાણાકીય રેકોર્ડ્સ, ફીનું માળખું અને ભંડોળના ઉપયોગ સહિતની તમામ વિગતો સાર્વજનિક કરવા આદેશ કર્યો છે. આ મામલો નોઈડાની એમિટી યુનિવર્સિટીના એક વિદ્યાર્થીની ફરિયાદથી શરૂ થયો હતો. આગામી સુનાવણી 19 નવેમ્બર 2026ના રોજ થશે. દેશભરની ખાનગી યુનિવર્સિટીઓને લઈને સુપ્રીમ કોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ખાનગી યુનિવર્સિટીઓને નફો કમાવતી વ્યાપારી સંસ્થા તરીકે ચલાવવાની મંજૂરી આપી શકાય નહીં. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ એન.વી. અંજારિયાની ખંડપીઠે દેશભરની ખાનગી યુનિવર્સિટીઓને તેમના છેલ્લા પાંચ વર્ષના ઓડિટેડ નાણાકીય રેકોર્ડ્સ, ફીનું માળખું, ભંડોળનો ઉપયોગ, વધારાના નાણાંનું રોકાણ તેમજ શિક્ષણ સાથે સીધો સંબંધ ન ધરાવતી વ્યક્તિઓને કરવામાં આવેલી ચૂકવણી સહિતની તમામ વિગતો સાર્વજનિક કરવાનો કડક નિર્દેશ આપ્યો છે. આ સમગ્ર મામલો નોઈડા સ્થિત એમિટી યુનિવર્સિટીના એક વિદ્યાર્થીની ફરિયાદથી શરૂ થયો હતો. જોકે, સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ કેસનો વ્યાપ વધારતાં કહ્યું કે વ્યાપક જનહિતને ધ્યાનમાં રાખીને દેશભરની ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના, નિયમન અને તેમને મળતા સરકારી લાભોની તપાસ કરવી જરૂરી છે.

## વિદ્યાર્થીએ આત્મહત્યા કરતાં IIT બોમ્બેએ હોસ્ટેલમાંથી સીલિંગ ફેન હટાવ્યા

મુંબઈ | IIT બોમ્બેમાં B. Techના બીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થી સાહિલ વાકોડેએ આત્મહત્યા કર્યા બાદ હાલ કેમ્પસમાં હોબાળો મચી રહ્યો છે. ત્યારે આ દરમિયાન એક મોટો બદલાવ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીની મોત બાદ હવે સીલિંગ ફેનને હટાવીને તેની જગ્યાએ વૉલ-માઉન્ટેડ ફેન લગાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લાના રહેવાસી અને એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગના વિદ્યાર્થી સાહિલનો મૃતદેહ શુક્રવારે પવઈ કેમ્પસ સ્થિત તેની હોસ્ટેલના રૂમમાં લટકતી હાલતમાં મળ્યો હતો. ત્યારે તંત્રએ હવે સીલિંગ ફેનની જગ્યાએ દીવાલ પર ફિટ કરવાના પંખા લગાવવાનું કામ શરૂ કર્યું છે. સૂત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે, વિદ્યાર્થીઓની આત્મહત્યાની હાલની ઘટનાઓ બાદ IIT બોમ્બે હોસ્ટેલમાંથી સીલિંગ ફેન હટાવવાની કામગીરી ચાલી રહી છે. કેમ્પસમાં તમામ હોસ્ટેલ અને અન્ય જરૂરી જગ્યાઓએ વૉલ માઉન્ટેડ ફેન લગાવવામાં આવશે. કેમ્પસમાં આ વૉલ માઉન્ટેડ ફેન મોટા પ્રમાણમાં મૂકવામાં આવ્યા હતા, તેની તસવીર સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહી છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ મંડળ**

**OHE માં ફેરફાર**

**ઈ-ટેન્ડર સૂચના નં.: Sr.DEE/TRD/ADI/33 (2026-27) તારીખ 21.09.2026; ટેન્ડર નં. TRD-ADI-T-17R2-2026-27; કામનું નામ:** વિરમગામ – ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમ દ્વારા ઇન્ડોર સિગ્નલિંગ સાધનોના અપગ્રેડેશનના સંદર્ભમાં OHE માં ફેરફાર; **અંદાજિત કિંમત:** ₹ 71,04,991/-; **ઇએમડી રકમ:** ₹ 1,42,100/-; **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** 19.10.2026 ના રોજ 15:00 કલાકે સુધી; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 19.10.2026 ના રોજ 15:30 કલાકે; **કચેરીનું સરનામું:** વરિષ્ઠ ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. કચેરી (પશ્ચિમ રેલવે), ચામુંડા બ્રિજ નજીક, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ – 382345; **વેબસાઇટની વિગતો:** www.ireps.gov.in

ADI – 167

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે ભાવનગર વર્કશોપ**

**બોગી ફ્રેમની સફાઇ અને પેઇન્ટિંગ**

**ઇ-ટેન્ડર નંબર: BVPW-2026-27-Bogie-13; કાર્યનું નામ:** કામના વ્યાપ મુજબ બોગી ફ્રેમ તથા તેના ઘટકોની શોટ / ગ્રિટ બ્લાસ્ટિંગ દ્વારા સફાઇ તથા સાફ કરાયેલા બોગી ફ્રેમ અને તેના ઘટકોનું પેઇન્ટિંગ કરવું. **કામની અંદાજિત કિંમત:** ₹ 1,09,63,732.80/-; **બિડ સિક્યોરિટી:** ₹ 2,19,300/-; **કાર્ય પૂર્ણ કરવાની અવધિ:** LOA જારી કર્યાની તારીખથી 24 મહિના; **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય:** 12/10/2026, 15:00 કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 12/10/2026, 15:30 કલાકે. **વેબસાઇટની વિગતો:** ટેન્ડર ફક્ત ઇલેક્ટ્રોનિક રીતે વેબસાઇટ https://www.ireps.gov.in પર સબમિટ કરવામાં આવશે. **જારીકર્તા:** ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર-364003, પશ્ચિમ રેલવે; **ઇમેલ:** dycmews@bvp.railnet.gov.in

BVP – 133

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## દિલ્હીમાં નકલી પોલીસ બની 3 નરાધમોએ 17 વર્ષીય કિશોરી પર આચર્યું સામૂહિક દુષ્કર્મ, એક આરોપીનું એન્કાઉન્ટર

(એજન્સી) નવી દિલ્હી | તા.22

દિલ્હીના કાલકાજી મંદિરે દર્શન બાદ 17 વર્ષીય સગીરા પર સામૂહિક દુષ્કર્મની શરમજનક ઘટના બની. આસ્થા કુંજ પાર્કમાં નકલી પોલીસ બનીને 3 યુવકોએ સગીરાના મિત્રને બંધક બનાવી દુષ્કર્મ આચર્યું. પોલીસે એન્કાઉન્ટર બાદ મુખ્ય આરોપી આસિફને ઝડપી પાડ્યો છે. અન્ય 2 ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે. પોલીસે POCSO એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.દેશની રાજધાની દિલ્હીના દક્ષિણ-પૂર્વ વિસ્તારમાં આવેલ પ્રસિદ્ધ કાલકાજી મંદિર નજીક એક 17 વર્ષની સગીરા સાથે સામૂહિક દુષ્કર્મની શરમનાક ઘટના સામે આવી છે. આસ્થા કુંજ પાર્કમાં બની આ ઘટના બાદ




દિલ્હી પોલીસે ત્વરિત અને આકરી કાર્યવાહી કરી છે. પોલીસે મોડી રાત્રે અમર કોલોની વિસ્તારમાં એન્કાઉન્ટર બાદ ગેંગરેપના મુખ્ય આરોપીઓમાંથી એક આસિફ નામના બદમાશની ધરપકડ કરી લીધી છે.પોલીસ અહેવાલ અનુસાર, સોમવારે સાંજે આશરે 7:00 વાગ્યે 17 વર્ષની પીડિત કિશોરી તેના મિત્ર સાથે કાલકાજી મંદિરે દર્શન કરવા ગઈ હતી. દર્શન કર્યા બાદ બંને આશરે 7:30 વાગ્યે પાસેના આસ્થા કુંજ પાર્કમાં બેઠા હતા. આ દરમિયાન 25 થી 30 વર્ષની વયના ત્રણ અજાણ્યા યુવકો ત્યાં પહોંચ્યા હતા. પોતાને પોલીસકર્મી ગણાવીને તેમણે બંને સગીરોને ધમકાવવાનું શરૂ કર્યું હતું.આરોપીઓ પૈકી એક શખ્સે સગીર છોકરાને પકડી રાખ્યો હતો અને ત્યારબાદ ત્રણેય આરોપીઓએ સગીરા પર સામૂહિક આચર્યું હતું. ઘટનાને અંજામ આપ્યા બાદ ત્રણેય નરાધમો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. રાત્રે પોણા નવ વાગ્યે પીસીઆર કોલ મળતાં જ પોલીસ ટીમ તાત્કાલિક પાર્ક ખાતે પહોંચી હતી અને પીડિતાને મેડિકલ તપાસ માટે હોસ્પિટલ ખસેડી હતી.દિલ્હી પોલીસે આ કેસમાં પોક્સો (POCSO) એક્ટ અને બળાત્કારની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. આસપાસના સીસીટીવી (CCTV) ફુટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે અમર કોલોની વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. આ દરમિયાન થયેલા એન્કાઉન્ટરમાં ઓખલા મંડીમાં કામ કરતો આસિફ નામનો આરોપી પકડાઈ ગયો હતો. દિલ્હી પોલીસ બાકીના બે ફરાર આરોપીઓને પકડવા માટે સતત દરોડા પાડી રહી છે.

સિટી

એક્સપ્રેસ

WEDNESDAY 23 SEPTEMBER-2026

AHMEDABAD


## દાગીના સાથે આંગડિયા પેઢીના માલિકો તાળું મારી ફરાર

અમદાવાદ | અમદાવાદના માણેકચોકમાં આવેલી જય રણછોડ એન્ડ કુ. નામની આંગડિયા પેઢીના માલિક 3 સોની વેપારીઓના કુલ રૂ. 12.02 લાખના 78.52 ગ્રામ સોનાના દાગીના ભરેલા 6 પાર્સલ લઈને ફરાર થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. આ અંગે વેપારીએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં આંગડિયા પેઢીના માલિક સામે ફરિયાદ નોંધાવી છે.તમામ પાર્સલ લઈને ઓફિસ બંધ કરી જતા રહ્યા છે. બાદમાં ચેતનકુમાર અને નૌતમનો પણ સંપર્ક થયો ન હતો. આ અંગે વેપારીએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં આંગડિયા પેઢીના માલિક સામે ફરિયાદ નોંધાવી છે.

## બોરસદ તાલુકાના અલારસા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

આણંદ | બોરસદ તાલુકાના અલારસા ગામે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા તેમણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિને કારણે સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજના અને સહાયના લાભો હાથો હાથ અને એક જ છત નીચેથી ઘર આંગણે મળે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે, વહીવટી તંત્રની પારદર્શિતા અને ત્વરિત કામગીરીને પગલે સેવા સેતુ કેમ્પમાં ૧૦૦ ટકા સફળતા પ્રાપ્ત થઈ છે.



# રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને દેશના વિવિધ રાજ્યોના પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ કરાઈ...

## રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદની મુલાકાત દરમિયાન રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો તેમજ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની પ્રગતિ અંગે આપી માહિતી

અમદાવાદ: કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના અગ્રણી પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ તેમજ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની પ્રેરણાથી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના અગ્રણી પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની પહેલ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો ભારતીય સિનેમા સાથે જોડાયેલા કલાકારો, ટેકનિશિયનો, સિનેમેટોગ્રાફરો તેમજ ફિલ્મ જગતના વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા પ્રતિભાશાળી લોકોને સન્માનિત કરતો એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સમારોહ છે. આવા સમારોહનું આયોજન દેશના અગ્રણી પ્રવાસન સ્થળો પર કરવામાં આવે તો તેનાથી પ્રવાસન સ્થળોને પણ પ્રોત્સાહન મળશે અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને એક નવું સ્વરૂપ મળશે.આ જ વિચારને ધ્યાનમાં રાખીને 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન ગુજરાતના એકતા નગર ખાતે કરવામાં આવી રહ્યું છે, જ્યાં વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' આવેલી છે. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા 22 સપ્ટેમ્બર 2026ના રોજ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરવામાં આવશે.રેલવે મંત્રીએ દેશના તમામ રાજ્યોને આગામી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ માટે પોતાના-પોતાના રાજ્યોના મહત્વપૂર્ણ પ્રવાસન સ્થળોને નામાંકિત કરવા અનુરોધ કર્યો હતો. તેમણે રાજ્યોને સંબંધિત પ્રવાસન સ્થળો પર જરૂરી વિકાસ તથા સુધારણા કાર્યો અંગેની માહિતી પણ રજૂ કરવા અપીલ કરી હતી, જેથી ભવિષ્યમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન વિવિધ રાજ્યોના અગ્રણી પ્રવાસન સ્થળો પર કરી શકાય. ભારતમાં નિર્મિત બુલેટ ટ્રેન ટૂંક સમયમાં ટ્રેક પર

### દેશના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળો સુધી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો પહોંચશે

"માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની પ્રેરણાથી અમે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો ને દેશના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળો સુધી લઈ જઈ રહ્યા છીએ. એકતા નગર આજે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે–સરદાર પટેલ સાહેબની સૌથી મોટી પ્રતિમા અને એક અત્યંત મનોહર સ્થળ તરીકે. આવા પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ પર જ્યારે માનનીય રાષ્ટ્રપતિ મહોદયા પોતે તથા દેશભરમાંથી ફિલ્મ જગતના મોટા કલાકારો ઉપસ્થિત રહેશે, ત્યારે લોકોને પણ આ પ્રવાસન સ્થળ વિશે વધુ જાણવાની તક મળશે. અમારો પ્રયાસ છે કે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને એક કોન્ફરન્સ રૂમની બહાર કાઢીને જનતા વચ્ચે લઈ જઈએ અને પ્રવાસનના માધ્યમથી તેને આગળ વધારીએ.

હું તમામ રાજ્યોને વિનંતી કરું છું કે તેઓ પોતાના રાજ્યના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળો માટે પ્રસ્તાવ આપે અને તેમાં શ્રેષ્ઠ સુવિધાઓ તથા 360-ડિગ્રી વિકાસની યોજના તૈયાર કરીને તેનો અમલ કરે. જે રાજ્યનો પ્રસ્તાવ પસંદ કરવામાં આવશે, ત્યાંના પ્રવાસન સ્થળ પર આગામી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન કરવામાં આવશે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ જ્યારે G20નું આયોજન કર્યું, ત્યારે તેને દેશના ખૂણે-ખૂણે અને દરેક રાજ્યમાં લઈ ગયા. આજે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને પણ દેશના વિવિધ સ્થળોએ લઈ જવામાં આવી રહ્યા છે. ફિલ્મ અને પ્રવાસનને એકસાથે કેવી રીતે જોડવું, તે એક ખૂબ જ મોટો વિચાર છે. ફિલ્મ અને પ્રવાસનના જોડાણથી તે પ્રવાસન સ્થળને પણ લાભ મળશે અને અમે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોને પણ કોન્ફરન્સ રૂમની બહાર કાઢીને વાસ્તવિક સ્થળ સુધી લઈ જઈ શકીશું." – કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની પ્રગતિ અંગે રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે. તેમણે જણાવ્યું કે સુરતથી વાપી વચ્ચેના પ્રથમ સેકશનનું નિર્માણ કાર્ય ડિસેમ્બર 2026 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. ત્યારબાદ ભારતમાં નિર્મિત અને વિકસિત બુલેટ ટ્રેનને ટ્રેક પર લાવીને વ્યાપક સ્તરે પરીક્ષણ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું કે ભારતમાં નિર્મિત બુલેટ ટ્રેનના વિવિધ મહત્વપૂર્ણ ભાગોના નિર્માણ કાર્યમાં ઝડપી પ્રગતિ થઈ રહી છે. ટ્રેનની કાર બોડી, બોગી, પ્રોપલ્શન સિસ્ટમ, વ્હીકલ ઈલેક્ટ્રોનિક્સ, પૈડાં તથા પેન્ટોગ્રાફ અને ઓવરહેડ ઈલેક્ટ્રિકલ સિસ્ટમ સાથેના એકીકરણ સંબંધિત કાર્યોમાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. રેલવે મંત્રીએ જણાવ્યું કે બુલેટ ટ્રેનને ટ્રેક પર લાવ્યા બાદ તેનું વ્યાપક અને વિસ્તૃત પરીક્ષણ કરવામાં આવશે. પરીક્ષણ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રથમ સેકશનને શરૂ કરવાની દિશામાં આગળ વધવામાં આવશે.

સમુદ્રની નીચેની સુરંગ તથા અન્ય નિર્માણ કાર્યોમાં ગતિ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર હેઠળ BKC થી થાણે વચ્ચે સમુદ્રની નીચે બનાવવામાં આવનારી સુરંગના કાર્ય અંગે પણ રેલવે મંત્રીએ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે સુરંગના નિર્માણ માટે જરૂરી શાફ્ટનું નિર્માણ તથા ટનલ બોરિંગ મશીનોને નિર્ધારિત દિશામાં સ્થાપિત કરવાનું મહત્વપૂર્ણ પ્રારંભિક કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે. હવે બંને ટનલ બોરિંગ મશીનો દ્વારા સુરંગના નિર્માણ કાર્યને ઝડપી ગતિએ આગળ વધારવામાં આવશે.

આ ઉપરાંત હાઈ સ્પીડ રેલ કોરિડોરના સ્ટેશનો અને પુલોના નિર્માણ કાર્યમાં પણ ઝડપી પ્રગતિ થઈ રહી છે. રેલવે મંત્રીએ જણાવ્યું કે વર્ષ 2021માં નિર્માણ કાર્ય શરૂ થયા બાદ કોવિડ-19 મહામારીને કારણે પડકારો ઊભા થયા હતા, તેમજ પ્રોજેક્ટની તકનીકી જટિલતાઓ હોવા છતાં નિર્માણ કાર્યને ઝડપી ગતિએ આગળ વધારવામાં આવ્યું છે.



## રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે અમદાવાદની મુલાકાત દરમિયાન અમદાવાદ સ્ટેશન પુનઃવિકાસ પ્રોજેક્ટની પ્રગતિ અંગે માહિતી આપી હતી



અમદાવાદ : કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ, અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાતની મુલાકાત દરમિયાન આજે અમદાવાદમાં રેલવે અને અન્ય મહત્વપૂર્ણ વિષયો પર માહિતી શેર કરી હતી. તેમની મુલાકાત દરમિયાન, તેમણે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશના મુખ્ય પર્યટન સ્થળોએ ખસેડવાની પહેલ અને અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસની પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ આજે ગુજરાતના એકતા નગર (કેવડિયા) માં યોજાઈ રહ્યો છે, જ્યાં માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ દ્વારા પુરસ્કારો એનાયત કરવામાં આવશે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહ દિલ્હીની બહાર દેશભરના વિવિધ રાજ્યો અને શહેરોમાં યોજવાની પહેલ કરી છે, જેથી ભારતીય સિનેમાની વિવિધતા અને દેશના મુખ્ય પર્યટન સ્થળોને વ્યાપક માન્યતા મળે.

અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસ અંગે, રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે અમદાવાદ સ્ટેશન પુનઃવિકાસ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે, અને નવા સ્ટેશન બિલ્ડીંગનું બાંધકામ 13મા માળે પહોંચી ગયું છે. તેમણે કહ્યું, 'ખૂબ સારી પ્રગતિ થઈ છે. મેં હમણાં જ તેની સમીક્ષા કરી છે. અમદાવાદ રેલ્વે સ્ટેશન 13મા માળે પહોંચી ગયું છે અને ખૂબ જ સારી રીતે આગળ વધી રહ્યું છે.'

અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસનો ઉદ્દેશ્ય મુસાફરોને આધુનિક, સુવિધાજનક અને સુધારેલી મુસાફરોની સુવિધાઓ પૂરી પાડવાનો છે, સાથે સાથે ભવિષ્યની મુસાફરોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સ્ટેશનનો વિકાસ કરવાનો છે. મુસાફરોની સુવિધાઓ, સુધારેલ કનેક્ટિવિટી અને મલ્ટિમોડલ ઈન્ટિગ્રેશન પર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. મુસાફરોની સુવિધા જાળવી રાખીને રેલ્વે સ્ટેશનોના પુનઃવિકાસનો અમલ તબક્કાવાર રીતે કરવામાં આવી રહ્યો છે.

રેલ્વે મંત્રીની અમદાવાદ મુલાકાત દરમિયાન, વિવિધ રેલ્વે વિકાસ કાર્યો અને પ્રોજેક્ટ્સની પ્રગતિની પણ સમીક્ષા કરવામાં આવી હતી. અગાઉ, જુલાઈ 2026 માં, શ્રી વૈષ્ણવે અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ સાથે અમદાવાદ રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસ સહિત શહેરના વિવિધ રેલ્વે પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી હતી. અમદાવાદ રેલ્વે સ્ટેશનનો પુનર્વિકાસ એ ગુજરાતમાં મુખ્ય રેલ્વે માળખાગત વિકાસ કાર્યોમાંનું એક છે, જેના દ્વારા ભવિષ્યની મુસાફરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સ્ટેશન પરિસર અને મુસાફરોની સુવિધાઓનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.




## કોલેજ જતી વિદ્યાર્થિની પર ક્રેન ચઢાવી દીધી : મોત

અમદાવાદ | અમદાવાદના ગોતામાં સિલ્વર ઓક કોલેજ પાસે યુવતી પર ક્રેન ચઢાવી ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ગંભીર ઈજા થવાના કારણે યુવતીનું સ્થળ પર જ મોત થયું હતું. પ્રેરણા નિનામા નામની 19 વર્ષની યુવતી સિલ્વર ઓક કોલેજમાં બીએસસીના પહેલા વર્ષમાં અભ્યાસ કરતી હતી. બનાવને પગલે આસપાસના લોકો ભેગા થયા હતા અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ડ્રાઈવરની અટકાયક કરી લીધી છે. આ ઘટનાના CCTV પણ સામે આવ્યા છે. યુવતી ચાલતા ચાલતા એસ.જી હાઈવે તરફથી સિલ્વર ઓક તરફ જઈ રહી હતી ત્યારે પાછળથી આવી રહેલી ક્રેને યુવતીને ટક્કર મારી હતી. આજે સવારે અંદાજિત 11:53એ અકસ્માતનો બનાવ બન્યો હતો. જાણ થતા યુવતીની માતા સ્થળ પર પહોંચી હતી, જે બાદ યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ મોકલવામાં આવ્યો છે. એ ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ એ.બી મોરીએ જણાવ્યું હતું કે અકસ્માતના સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરવામાં આવી રહી છે.ડ્રાઈવર અકસ્માત બાદ નાસી ગયો હતો.

## કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને હૃદયાંજલિ અર્પણ કરી



એકતા નગર | સરદાર વલ્લભભાઈ પટેલના સાનિધ્યમાં આયોજિત રાષ્ટ્રીય ફિલ્મ પુરષ્કારમાં ભાગ લેવા એકતા નગર પહોંચેલા કેન્દ્રીય માહિતી અને પ્રસારણ અને રેલવે મંત્રીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.મુલાકાત દરમિયાન શ્રી વૈષ્ણવે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ત્યારબાદ તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યૂઈંગ ગેલેરીની મુલાકાત લઈ ત્યાંથી નર્મદા નદી, સાતપુડા અને વિંધ્યાચલની ગિરિમાળાઓ તેમજ સરદાર સરોવર નર્મદા ડેમના મનોરમ્ય દ્રશ્યો નિહાળ્યા હતા. આ દરમિયાન તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી તથા એકતા નગરના વિવિધ પ્રવાસન સ્થળોના વ્યવસ્થાપન અને સુવિધાઓ અંગે પણ માહિતી મેળવી હતી.સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત અંગે નોંધપોથીમાં પોતાના પ્રતિભાવમાં શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, આજે ભારતનું જે રાજનીતિક સ્વરૂપ છે, તે સરદાર સાહેબના પ્રયાસોના કારણે છે, લોખંડી પુરુષ ના અથાક પરિશ્રમ, દૂરંદેશી વિચાર અને નિર્ણાયક નિતીઓથી 1947માં તમામ અંતરાયોને પાર થયા, હજારો વર્ષોની આપણી સભ્યતામાં જે વિકાર આવ્યો હતો તેને દૂર કરીને એક નવું સમૃદ્ધ ભારત, સશકત ભારત બનાવવાનું સ્વપ્ન સરદાર સાહેબે આપણને આપ્યું.

### જૂની ફાઈલો-ભંગારથી લઈને ઈ-વેસ્ટ સુધીનો કરાશે નિકાલ

## 'સ્વચ્છતા હી સેવા-2026' : સરકારી કચેરીઓમાં પણ સફાઈ ઝુંબેશ, શ્રેષ્ઠ સ્વચ્છ કચેરીઓને મળશે સન્માન

ગાંધીનગર : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સ્વચ્છતાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા 'સ્વચ્છતા હી સેવા-2026' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. 'સ્વચ્છતા મેં સહભાગ, સ્વચ્છ ભારત, વિકસિત ભારત'ની થીમ સાથે શરૂ થયેલ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ સરકારી કચેરીઓમાં સ્વચ્છતા જાળવવા ઉપરાંત વર્ષોથી પડતર જૂની ફાઈલો, રેકર્ડ, બિનઉપયોગી સામાન, ભંગાર અને ઈ-વેસ્ટનો નિકાલ કરી કચેરીઓને સ્વચ્છ, સુવ્યવસ્થિત અને કાર્યક્ષમ બનાવવાનો છે. મુખ્યમંત્રીશ્રીના સીધા નેતૃત્વ હેઠળના સામાન્ય વહિવટ વિભાગ (જીએડી)ના ઠરાવ મુજબ રાજ્ય સરકારે સરકારી કચેરીઓને સ્વચ્છતા અંગે પ્રોત્સાહિત કરવા માટે શ્રેષ્ઠ સ્વચ્છ કચેરીઓને સન્માનિત કરવાનું પણ આયોજન કર્યું છે. ગત 17 સપ્ટેમ્બરથી શરૂ થયેલા અને આગામી 17 ઓક્ટોબર, 2026 સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત સરકારી કચેરીઓમાં પડતર તુમારનો નિકાલ, રેકર્ડનું વર્ગીકરણ, બિનઉપયોગી વસ્તુઓ દૂર કરવા સહિત કચેરીની સ્વચ્છતા અને સાફ-સફાઈ પર ભાર મૂકવામાં આવ્યો છે. કચેરીઓમાં વર્ષોથી પડેલા બિનજરૂરી સામાનને દૂર કરીને કાર્ય માટે વધુ જગ્યા ઉપલબ્ધ કરાવવાનો પણ હેતુ છે.

અભિયાન હેઠળ સરકારી કચેરીઓની કામગીરીનું 100 ગુણના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે. તેમાં તુમારના નિકાલ માટે 20 ટકા, રેકર્ડના વર્ગીકરણ માટે 30 ટકા અને ભંગાર, ઈ-વેસ્ટ તથા બિનઉપયોગી વસ્તુઓના નિકાલ સાથે કચેરીની સ્વચ્છતા/સાફ-સફાઈ માટે 50 ટકા વેઈટેજ નક્કી કરવામાં આવ્યું છે. એટલે કચેરીઓમાં પડેલા બિનઉપયોગી સામાનના નિકાલ અને સ્વચ્છતા પર સૌથી વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

સારી કામગીરી કરનારી કચેરીઓની પસંદગી Best, Emerging અને Aspiring એમ ત્રણ કેટેગરીમાં કરવામાં આવશે. સચિવાલયના વિભાગો, ગાંધીનગર ખાતે આવેલી ખાતાના વડાની કચેરીઓ તેમજ જિલ્લા અને તાલુકા કક્ષાની કચેરીઓને આ પ્રક્રિયામાં આવરી લેવામાં આવી છે. જિલ્લા કક્ષાએ કલેક્ટર અને તાલુકા કક્ષાએ મામલતદારની અધ્યક્ષતામાં કામગીરી હાથ ધરવામાં આવશે.

અભિયાનમાં કચેરીઓએ માત્ર કામગીરી કર્યાનો અહેવાલ આપવાનો નથી, પરંતુ તેની અસર પણ દર્શાવવાની રહેશે. જૂની ફાઈલો અને તુમારનો કેટલો નિકાલ થયો, કેટલો રેકર્ડ વર્ગીકૃત થયો, બિનઉપયોગી સામાન દૂર કર્યા બાદ કેટલી જગ્યા ઉપલબ્ધ થઈ અને ભંગારના નિકાલથી કેટલી રકમ મળી તેની વિગતો પણ રજૂ કરવાની રહેશે. કામગીરીના ફોટોગ્રાફ્સ અને પુરાવા સાથે રિપોર્ટિંગ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

## ગુજરાતમાં હવે ગ્રામ્ય કક્ષાએ પણ શરૂ થશે નારી અદાલત : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના 'નારીને ન્યાય' અભિગમનું જિલ્લા-તાલુકા બાદ ગામ સુધી વિસ્તરણ

ગાંધીનગર ; મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર 'નારીને ન્યાય' અભિગમને પ્રોત્સાહન આપવાનો સતત પ્રયત્ન કરી રહી છે અને આજ કડીમાં જિલ્લા અને તાલુકા કક્ષાબાદ હવે ગ્રામ્ય કક્ષાએ પણ નારી અદાલત શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારત સરકારની મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા હેઠળ ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોની મહિલાઓ માટે ન્યાય અને સશક્તિકરણની દિશામાં મહત્વની પહેલ તરીકે રાજ્ય સરકારે ગ્રામ પંચાયત કક્ષાએ પ્રાયોગિક ધોરણે આવી નારી અદાલતો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય સરકારે પ્રથમ તબક્કે 10 આદિજાતિ જિલ્લાઓની કુલ 10 ગ્રામ પંચાયતોની



પસંદગી કરી છે. ખાસ બાબત એ છે કે પસંદ કરાયેલી તમામ ગ્રામ પંચાયતોમાં મહિલા સરપંચોના નેતૃત્વ હેઠળ નારી અદાલતની પહેલ આગળ વધશે. મુખ્યમંત્રીના માર્ગદર્શન તથા મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને લગતા પ્રશ્નો ગ્રામ્ય કક્ષાએ જ સાંભળવાની અને ઉકેલ તરફ આગળ વધવાની વ્યવસ્થા ઊભી કરવાના આ પ્રયાસને મિશન શક્તિ સાથે જોડવામાં આવ્યો છે. નોંધનીય છે કે અગાઉ ગ્રામ પંચાયત કક્ષાએ કુલ 10 નારી અદાલતો શરૂ કરવાની નવી બાબતને પ્રાયોગિક ધોરણે મંજૂરી આપવામાં આવી હતી. ત્યાર બાદ ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા 10 ગ્રામ પંચાયતોની પસંદગી કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. નોંધનીય છે કે રાજ્યમાં વર્ષ 2012-13માં તે વખતના મુખ્યમંત્રી અને હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જિલ્લા અને તાલુકા કક્ષાએ નારી અદાલતોની શરુઆત કરાવી હતી અને હાલમાં રાજ્યમાં જિલ્લા-તાલુકા કક્ષાએ 270 જેટલી નારી અદાલતો કાર્યરત છે. આ અદાલતોમાં અત્યાર સુધી આવેલા 45000 કેસોમાંથી 44800 એટલે કે 99 ટકાથી વધુ કેસોનો નિકાલ કે સમાધાન કરવામાં આવ્યું. આમ જિલ્લા-તાલુકા કક્ષાએ મળેલી ભારે સફળતા બાદ હવે રાજ્ય સરકાર આ કૉન્સેપ્ટને ગ્રામ્ય કક્ષાએ લઈ જઈ રહી છે.

## ગાંધીનગરમાં માર્ગ સલામતી જનજાગૃતિ અર્થે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ મેગા 'બાઈક રેલી'નું આયોજન

ગાંધીનગર | બાઈક રેલી'નો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં હેલ્મેટ અને સીટબેલ્ટનો અનિવાર્ય ઉપયોગ તેમજ નિયત ગતિમર્યાદાના પાલન જેવા મહત્વપૂર્ણ ટ્રાફિક નિયમો પ્રત્યે જનજાગૃતિ લાવવાનો છે: ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતીશ પટેલ રાજ્ય સરકારના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે નાગરિકોમાં માર્ગ સુરક્ષા અને ટ્રાફિક નિયમો પ્રત્યે વ્યાપક જાગૃતિ કેળવાના શુભ આશયથી સમગ્ર રાજ્યમાં તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ 'બાઈક રેલી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને ગાંધીનગર આર.ટી.ઓ.ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર ખાતે એક મેગા 'બાઈક રેલી' યોજાશે.

આ અંગે વધુ વિગતો આપતા ગુજરાત રોડ સેફ્ટી કમિશનર શ્રી સતીશ પટેલે જણાવ્યું હતું કે, બાઈક રેલી ૨૪ સપ્ટેમ્બરના રોજ સવારે ૯:૦૦ કલાકે ટાઉનહોલ નજીકના હેલીપેડ/એક્ઝિબિશન ગ્રાઉન્ડ ખાતેથી પ્રસ્થાન કરશે. જે શહેરના ચ-૦, રક્ષાશક્તિ, રિલાયન્સ ચોકડી, ઈન્ફોસિટી સહિતના આશરે ૧૫ થી ૨૦ કિલોમીટરના વિસ્તારમાં પરિભ્રમણ કરીને માર્ગ સલામતીનો પ્રેરક સંદેશ આપ્યા બાદ નિર્ધારિત સ્થળે સંપન્ન થશે. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય વાહનચાલકોમાં હેલ્મેટ અને સીટબેલ્ટનો અનિવાર્ય ઉપયોગ, ગતિમર્યાદાનું પાલન, ડ્રાઈવિંગ વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો તથા રોંગ સાઈડ ડ્રાઈવિંગ ટાળવા જેવા અગત્યના ટ્રાફિક નિયમો અંગે વ્યાપક જાગૃતિ લાવવાનો છે. રોડ સેફ્ટી કમિશનર શ્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું કે, માર્ગ સલામતીનો સંદેશ આપતી આ મેગા બાઈક રેલીમાં અંદાજે ૫૦૦થી વધુ બાઈકર્સ ઉત્સાહભેર જોડાશે. જેમાં ગાંધીનગર પોલીસ વિભાગ, ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડ્સ, SRP જવાનો, વન વિભાગ અને ફાયર બ્રિગેડના સ્ટાફ ઉપરાંત વિવિધ સામાજિક સંસ્થાઓ તેમજ કૉલેજના યુવાનો ભાગ લેશે. રેલીમાં તમામ રાઈડર્સ ફરજિયાત હેલ્મેટ પહેરીને શિસ્તબદ્ધ રીતે ભાગ લેશે અને નાગરિકો સમક્ષ સુરક્ષિત ડ્રાઈવિંગનું પ્રત્યક્ષ ઉદાહરણ પૂરું પાડશે.